અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

04 APRIL-2026 SATURDAY | Vol. : 17 | Issue : 271 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad


તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3 
હવે યુદ્ધ જીત્યાની જાહેરાત કરી સંઘર્ષનો અંત લાવો, ઈરાનના પૂર્વ વિદેશ મંત્રીએ આપી 'ફોર્મુલા'

4 
ટ્રમ્પ ઈચ્છે તો પણ અમેરિકા સરળતાથી નાટો છોડી શકે તેમ નથી

6 
'મારાથી બળતરાં થાય છે લોકોને, એજન્ડા ચલાવે છે...', KKRનો કેપ્ટન અજિંક્ય રહાણે ભડક્યો

7 
હવાઈ ભાડું વધારશે તો સરકાર દખલગીરી કરશે: એરલાઈન્સ સાથે ટૂંક સમયમાં મીટિંગ કરશે, ATFના ભાવ બમણા...


## ઈરાન માટે વ્યૂહાત્મક અને આર્થિક રીતે મોટો ફટકો

# ઈઝરાયલ-અમેરિકાએ ઈરાનના કેશમ દ્વીપ પર આવેલા પોર્ટ પર હુમલો કર્યો

### યુરોપિયન યુનિયન/કોપરનિકસ સેન્ટિનલ-રની સેટેલાઈટ તસવીરોમાં ગુરુવારે ઈરાનના કેશમ બંદર પરથી ધુમાડો નીકળતો જોવા મળ્યો છે

**તેહરાન, તા.03**

ઈઝરાયલ અને અમેરિકાએ ઈરાનના કેશમ દ્વીપ પર આવેલા પોર્ટ પર હુમલો કર્યો છે. યુરોપિયન યુનિયન/કોપરનિકસ સેન્ટિનલ-રની સેટેલાઈટ તસવીરોમાં ગુરુવારે ઈરાનના કેશમ બંદર પરથી ધુમાડો નીકળતો જોવા મળ્યો છે. આ હુમલો ઈરાન માટે વ્યૂહાત્મક અને આર્થિક રીતે મોટો ફટકો છે. આ પોર્ટ ઈરાનના હોર્મુઝ સ્ટ્રેટ પર નિયંત્રણ માટે અત્યંત મહત્ત્વનું છે. ઈરાન દ્વારા હોર્મુઝમાં ટોલ વસૂલવા જેવી વ્યવસ્થાઓની તૈયારી અને તેનું સંચાલન અહીંથી થતું હતું.



કેશમ ફ્રી ઝોનના અધિકારીઓએ જણાવ્યું હતું કે ઈરાનના કેશમ દ્વીપ પર સ્થિત બહમન કોમર્શિયલ બંદર અને દોહા ફિશિંગ ઘાટના કેટલાક ભાગોને નુકસાન થયું છે. આ નુકસાન ૧ એપ્રિલની સાંજથી ર એપ્રિલની બપોર સુધી પોર્ટની સુવિધાઓને નિશાન બનાવીને કરવામાં આવેલા અમેરિકન-ઈઝરાયલી હુમલાઓને કારણે થયું છે. ઈરાનની મેહર ન્યૂઝ એજન્સીએ જણાવ્યું છે કે અમેરિકા-ઈઝરાયલના આ હુમલામાં કોઈ જાનહાનિ થઈ નથી. કેશમ ફ્રી ઝોનના ડેપ્યુટી ચીફ મન્સૂર અઝીમઝાદેહ અર્દેબિલીએ જણાવ્યું છે કે બહમન સંપૂર્ણપણે એક કોમર્શિયલ બંદર છે. આ રીતે પોર્ટ પર હુમલો કરવો એ આંતરરાષ્ટ્રીય નિયમોનું સીધું ઉલ્લંઘન છે.

ઈઝરાયલ અને અમેરિકાના આ હુમલાથી ક્ષેત્રમાં યુદ્ધ વધુ ભીષણ બની શકે છે. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ આ જ વિસ્તારમાં એક અમેરિકન ફાઈટર જેટને તોડી પાડવાનો પણ દાવો કર્યો છે. IRGC એ કહ્યું છે કે તેમણે પર્સિયન ગલ્ફમાં કેશમ દ્વીપની દક્ષિણે અમેરિકાના એક અદ્યતન ફાઈટર જેટને તોડી પાડ્યું છે. કેશમનું બહમન સંપૂર્ણપણે કોમર્શિયલ બંદર છે. આ રીતે પોર્ટ પર હુમલો કરવો એ આંતરરાષ્ટ્રીય નિયમોનું સીધું ઉલ્લંઘન છે. ઈઝરાયલ અને અમેરિકા સતત ઈન્ટરનેશનલ લોના લીરેલીરા ઉડાવી રહ્યા છે. આ બંને દેશો ઈરાનના નાગરિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવી રહ્યા છે.

હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાનના બે નાના ટાપુઓ લારક અને કેશમ આવેલા છે. આ બંને ટાપુઓ વચ્ચે એક સાંકડો રસ્તો છે. આ માર્ગને આ ટાપુઓના નામ પરથી લારક-કેશમ ગેપ (અથવા લારક-કેશમ ચેનલ) કહેવામાં આવે છે. કેશમ પર ઈરાનનું બંદર પણ છે, જેના કારણે અહીં દેશના તેલ અને અન્ય ચીજવસ્તુઓનો વેપાર મોટા પાયે થાય છે.

ઈરાન માટે કેશમ પોર્ટ અને લારક-કેશમ ચેનલ લડાઈ શરૂ થયા પછી વેપાર અને વિશ્વના વ્યાપારી જહાજોની નજીકથી દેખરેખ રાખવા માટેનું મહત્ત્વનું સ્થળ છે. ઈરાન લારક-કેશમ ચેનલ દ્વારા એ જ જહાજોને પસાર થવા દે છે જેની સાથે તેના સંબંધો સારા છે અથવા જે દેશોના જહાજોને પસાર થવા દેવા માટે ઈરાન વાતચીત બાદ સંમત થાય છે.

ઈરાનમાં અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ૨૮ ફેબ્રુઆરીના રોજ કરવામાં આવેલા હુમલા બાદ ભારે તબાહી મચી છે. ઈરાનમાં અત્યાર સુધીમાં બે હજારથી વધુ લોકોના મોત થયા છે. આ યુદ્ધમાં ખાસ કરીને હોર્મુઝ સ્ટ્રેટ અને તેની આસપાસના ટાપુઓ ચર્ચામાં રહ્યા છે. તેનું કારણ એ છે કે આ જ સ્થાનો પરથી ઈરાન યુદ્ધમાં સમગ્ર વિશ્વને પ્રભાવિત કરી રહ્યું છે.

# યોગીએ કહ્યું-અમારે ત્યાં રસ્તાઓ પર કોઈ નમાઝ પઢી શકતું નથી....

## માફિયાઓની સંપત્તિ ગરીબોમાં વહેંચી દઈએ છીએ

**નવી દિલ્હી, તા.03**

'અમે કહેતા હતા કે રામલલ્લા અમે આવીશું, મંદિર ત્યાં જ બનાવીશું. કોંગ્રેસે કહ્યું કે રામ તો થયા જ નથી. કોંગ્રેસના સહયોગીઓએ રામના અસ્તિત્વને નકારવાનું કામ કર્યું. પરંતુ, ભાજપની ડબલ એન્જિન સરકારમાં અયોધ્યામાં ભવ્ય રામ મંદિરનું નિર્માણ થયું. હવે યુપીમાં કર્ફ્યુ લાગતો નથી. નો કર્ફ્યુ, નો હુલ્લડ, યુપીમાં બધું ચંગા. રસ્તા પર કોઈ નમાઝ અદા કરી શકતું નથી. કોઈ ધર્મમાંથી બૂમો પાડવાનો અવાજ આવતો નથી. જો કોઈએ રમખાણ કરવાનું દુસ્સાહસ કર્યું તો તેની સંપત્તિ જપ્ત કરીને ગરીબો અને દલિતોમાં વહેંચી દેવામાં આવે છે.'

આ વાતો સીએમ યોગીએ આસામમાં વિધાનસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન શુક્રવારે કહી. તેઓ બરપેટા વિધાનસભા બેઠક પર એનડીએના ઉમેદવાર દીપક કુમાર દાસના સમર્થનમાં રેલી કરવા પહોંચ્યા હતા.

યોગીએ કહ્યું- ડબલ એન્જિનની સરકાર વારસાનું સન્માન કરે છે. આ ફક્ત ડબલ એન્જિન સરકાર જ કરી શકે છે. જ્યાં-જ્યાં ભાજપ સરકાર છે, ત્યાં કામ કરીને બતાવ્યું છે. અયોધ્યામાં શ્રીરામ જન્મભૂમિ



માટે આંદોલન ચાલતું હતું, આસામથી પણ લોકો આવતા હતા. અમે કહેતા હતા કે રામલલ્લા અમે આવીશું, મંદિર ત્યાં જ બનાવીશું. કોંગ્રેસ કહેતી હતી કે રામ તો છે જ નહીં. કોંગ્રેસના સહયોગીઓએ રામના અસ્તિત્વને નકારવાનું કામ કર્યું છે. પરંતુ, ભાજપની ડબલ એન્જિનની સરકારમાં અયોધ્યામાં ભવ્ય રામ મંદિરનું નિર્માણ થઈ ગયું છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે કોંગ્રેસ અને યુડીએફએ આસામની સંસ્કૃતિ સાથે ચેડાં કર્યા. ઘૂસણખોરોને ઘુસાડીને અહીંની ડેમોગ્રાફીને બગાડવાનું કામ કર્યું. આસામના લોકોના મકાનો, જમીન પર જબરદસ્તી કબજો કરાવવાનો પ્રયાસ કર્યો. એક તરફ વિકાસ અને વારસાને આગળ વધારવા માટે હિમંતા બિસ્વા સરમાના નેતૃત્વમાં સરકાર કામ કરી રહી છે. એક-એક ઘૂસણખોરને ઓળખીને અહીંથી બહાર કાઢવાની વ્યવસ્થા પણ થઈ રહી છે. બીજી તરફ વિકાસના મોટા-મોટા કામો પણ આસામમાં જોવા મળી રહ્યા છે. આ એનડીએનો સંકલ્પ છે કે આસામને લેન્ડ જેહાદ અને લવ જેહાદની ધરતી બનવા દઈશું નહીં, અહીં ઘૂસણખોરી થવા દઈશું નહીં. કોંગ્રેસ અને યુડીએફના ષડયંત્રને સફળ થવા દઈશું નહીં.

યોગીએ કહ્યું- હું યુપીથી ખાસ કરીને એ કહેવા આવ્યો છું કે, યુપીમાં નવ વર્ષમાં એક પણ રમખાણ થયું નથી. રમખાણ મુક્ત, કર્ફ્યુ મુક્ત, માફિયા મુક્ત યુપી છે, વિકાસ કાર્યો પૂરજોશમાં ચાલી રહ્યા છે. યોગીએ કહ્યું કે ડબલ એન્જિન સરકારે નક્કી કર્યું છે કે આસામને ઘૂસણખોરીનો ભાગ બનવા દેવામાં આવશે નહીં. ઘૂસણખોરોને બહાર કાઢવામાં આવશે. કોંગ્રેસ કે યુડીએફના લોકોને જ્યારે પણ તક મળી છે, તેમણે ભારત અને ભારતીયતાનું સતત અપમાન કર્યું છે. યુડીએફ તો આસામમાં ઘૂસણખોરીની જનની છે, ઘૂસણખોરોને આશ્રય આપે છે. તેમના જોરે આસામની સરકાર પર કબજો કરવા માંગે છે. કોંગ્રેસ તેમની સાથે મળીને આસામની સંસ્કૃતિનો નાશ કરવા માંગે છે. પરંતુ, એનડીએની ડબલ એન્જિન સરકાર આસામના સાંસ્કૃતિક વારસાને સુરક્ષિત અને સંરક્ષિત રાખીને એક-એક ઘૂસણખોરને બહાર કાઢવાનું કામ કરી રહી છે.

## ઈરાને અમેરિકાના પાયલટને જીવતો દબોચી લીધો

# ઈરાને અમેરિકાનું અત્યાધુનિક F-35 ફાઈટર જેટ તોડી પાડ્યું

### આ ઘટના પશ્ચિમી ઈરાનના કોહગિલુયેહ અને બોયર-અહમદ પ્રાંતની આજુબાજુ થઈ છે

**તેહરાન, તા.03**

ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સે ઈરાનના આકાશમાં અમેરિકાના સૌથી આધુનિક લડાકુ વિમાન F-35ને તોડી નાખવાનો દાવો કર્યો હતો. તેના થોડા કલાક બાદ દાવો કર્યો છે કે આ ફાઈટર જેટના પાયલટને પણ જીવતો કેપ્ચર કરી લીધો છે. તસનિમ ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર, હિટ થયેલા વિમાનથી ઈજેક્ટ થયા બાદ અમેરિકી પાયલટને ઈરાની સેનાએ પકડી લીધો છે. જો આ દાવામાં થોડી પણ સચ્ચાઈ છે તો આ અમેરિકા અને ઈઝરાયેલ માટે અત્યાર સુધીનો સૌથી મોટો ઝટકો સાબિત થઈ શકે છે.



ઈરાનની ન્યૂઝ એજન્સી તસનિમના જણાવ્યા અનુસાર, આ ઘટના પશ્ચિમી ઈરાનના કોહગિલુયેહ અને બોયર-અહમદ પ્રાંતની આજુબાજુ થઈ છે. રિપોર્ટમાં જણાવ્યું છે કે જેવું IRGCની એડવાન્સ સિસ્ટમે અમેરિકી ફાઈટર જેટ F-35ને ટાર્ગેટ બનાવી, પાયલટે ખુદને બચાવવા માટે ઈજેક્ટ કર્યું અને ઈરાની જમીન પર લેન્ડ કર્યું. ત્યાર બાદ તે ભાગવા લાગ્યો. અમેરિકી સેનાએ પોતાના પાયલટને ઈરાનની સરહદમાંથી સુરક્ષિત બહાર કાઢવાની કોશિશ કરી, પણ એ પહેલા ઈરાની સેનાએ તેની ધરપકડ કરી લીધી.

અત્યાર સુધી ઈરાની સેના અથવા સરકાર તરફથી આ પાયલટને કેપ્ચર કરવાની કોઈ જાહેરાત નથી થઈ, પણ જો હકીકતમાં અમેરિકી પાયલટ પકડાયો છે તો આ ટ્રમ્પ માટે બહુ મોટી હાર સાબિત થઈ શકે છે, કેમ કે હવે ઈરાન તેને લેવરેજ બનાવી પીસ ટોકમાં પોતાની શરતો મનાવી શકે છે.

દાવો કરવામાં આવી રહ્યો છે કે આ વિમાન ફેમસ લેકનહીથ સ્ક્વોડ્રનનો ભાગ હતું. જે અમેરિકાની સૌથી ઘાતક હવાઈ તાકાતોમાંથી એક માનવામાં આવે છે. F-35 અમેરિકાનું એ વિમાન છે, જેને અજેય માનવામાં આવતું હતું. IRGCએ દાવો કર્યો કે આ બીજું F-35 છે, જેને હિટ કરવામાં આવ્યું છે. IRGCનું કહેવું છે કે ઘુસણખોરી કરનારાનું આ વિમાન ખતમ થઈ ગયું છે.

## શાહે કહ્યું-આસામમાં UCC લાગુ કરવામાં આવશે: મમતાએ કહ્યું-મતદાર યાદીમાં ઘુસણખોરો હોય તો મોદી કેવી રીતે જીત્યા,પહેલા તેઓ રાજીનામું આપે

**કોલકાતા, તા.03**

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ શુક્રવારે કહ્યું હતું કે જો મતદાર યાદીમાં ઘુસણખોરોના નામ હોય, તો વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના મતોથી જીત્યા છે. તેથી, તેમણે પહેલા રાજીનામું આપવું જોઈએ. દક્ષિણ દિનાજપુરમાં એક ચૂંટણી રેલીમાં મમતા બેનર્જીએ કહ્યું હતું કે અધિકારીઓની બદલીઓ એવી રીતે કરવામાં આવી હતી કે બહારના લોકો માટે પશ્ચિમ બંગાળમાં આવવું સરળ બને. મમતા બેનર્જીએ બે દિવસ પહેલા માલદામાં ન્યાયિક અધિકારીઓના ઘેરાબંધી માટે AIMIM અને ISF પર આરોપ લગાવ્યો હતો. તેમણે કોંગ્રેસ અને ભાજપ પર આ ઘટનાને ઉશ્કેરવાનો પણ આરોપ લગાવ્યો હતો. ભાજપે તમિલનાડુ વિધાનસભા ચૂંટણી માટે 27 ઉમેદવારોની યાદી જાહેર કરી છે. પાર્ટીએ અવિનાશી (SC) બેઠક પરથી કેન્દ્રીય મંત્રી એલ. મુરુગનને ઉમેદવાર બનાવ્યા છે. જોકે, પૂર્વ પ્રદેશ પ્રમુખ કે. અન્નામલાઈનું



નામ યાદીમાં નથી. પશ્ચિમ બંગાળના માલદામાં બે દિવસ પહેલા ન્યાયિક અધિકારીઓ પર હુમલા થયા હતા. શુક્રવારે ભાજપના નેતા દિલીપ ઘોષે કહ્યું કે હારનો ડર સ્પષ્ટપણે TMCને પરેશાન કરી રહ્યો છે અને આ જ કારણથી તેઓ અલગ-અલગ જગ્યાએ હિંસા કરી રહ્યા છે.

એવા ઘણા કિસ્સાઓ સામે આવ્યા છે જ્યાં ચૂંટણી પંચના અધિકારીઓને ઘેરી લેવામાં આવ્યા અને કાળા ઝંડા ફરકાવવામાં આવ્યા. TMC બળ, ધમકી અને ગુંડાગીરી દ્વારા ચૂંટણી જીતવાનો પ્રયાસ કરી રહી છે. બીજી તરફ, તૃણમૂલ કોંગ્રેસ (TMC) નેતા અભિષેક બેનર્જીએ બાંકુરામાં કહ્યું કે ભાજપ સાથે રહેવું એ અલ્સર સાથે જીવવા જેવું છે, જ્યારે તેને હટાવવું એ કેન્સરનો ઈલાજ કરવા જેવું છે. પીએમ મોદી બપોરે 3 વાગ્યે ચેન્નઈ પહોંચશે. ત્યાંથી તેઓ પુડુચેરી જશે. અહીં તેઓ અજંતા સિગ્નલથી અન્ના સ્ક્વેર સુધી 2 કિમીનો રોડ શો કરશે, ત્યારબાદ જાહેર સભા કરશે. જેપી નડ્ડા કેરળના પ્રવાસે છે. અહીં તેઓ પદ્મનાભસ્વામી મંદિરમાં દર્શન કરશે. ત્યારબાદ તેઓ રોડ શોમાં ભાગ લેશે. પીએમ મોદી 4 એપ્રિલે કેરળ જશે. તિરુવલ્લામાં જનસભાને સંબોધન કરશે. ત્યારબાદ તિરુવનંતપુરમના કિલ્લીપાલમ જંકશનથી કરમના સુધી લગભગ 1.5 કિલોમીટર લાંબો રોડ શો કરશે. DMK નેતા કનિમોઝીએ કહ્યું કે AIADMK અને ભાજપમાં AIADMK ચીફ એડપ્પડી કે પલાનીસ્વામીની હાલત નીતિશ કુમાર જેવી થઈ શકે છે. લોકશાહી માટે AIADMK રાજ્યમાં વિપક્ષમાં તો રહે. ગૃહમંત્રી અમિત શાહે આસામના ગોલપરામાં કહ્યું કે આસામના યુવાનો કહે છે કે ઘુસણખોરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. 'આપણે આ વધતી વસ્તીને કેવી રીતે રોકી શકીએ?' તેમણે કહ્યું. 'હું તેમને કહેવા માંગુ છું કે અમે આસામમાં યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) લાગુ કરીશું. કોઈ પણ ચાર વાર લગ્ન કરી શકશે નહીં. યુસીસી અંગે, કોંગ્રેસ આદિવાસી સમુદાયોને એમ કહીને ધમકી આપે છે કે તેઓ પણ યુસીસી હેઠળ આવશે, પરંતુ આદિવાસી સમુદાયોને તેમાંથી બાકાત રાખવામાં આવશે. અમે જાણીએ છીએ કે UCC કોના માટે લાગુ કરવામાં આવશે.'

શાહે કહ્યું કે કોંગ્રેસે ક્યારેય કોઈ આદિવાસી મહિલાને દેશના રાષ્ટ્રપતિ તરીકે નિયુક્ત કર્યા નથી, પરંતુ મોદીએ તે બદલી નાખ્યું, અને દ્રૌપદી મુર્મુ દેશના પ્રથમ નાગરિક બન્યા. તેમણે કહ્યું, 'પીએમ અને આસામના મુખ્યમંત્રીએ આદિવાસીઓના વિકાસ માટે એક રોડમેપ તૈયાર કર્યો છે. તેને આગળ વધારવા અને અમલમાં મૂકવા માટે ભાજપને મત આપો.' મેઘાલય નજીક ગારો હિલ્સમાં હાલમાં થયેલી હિંસા અંગે શાહે કહ્યું કે ઘુસણખોરોએ આદિવાસી મહિલાઓ સાથે લગ્ન કરીને ગારો કાઉન્સિલમાં સત્તા કબજે કરવાનો પ્રયાસ કર્યો હતો, અને તેના કારણે સંઘર્ષ થયો હતો. ગૃહમંત્રીએ કહ્યું કે ભાજપે આસામમાં શાંતિ પુનઃસ્થાપિત કરી, પરંતુ જો કોંગ્રેસ 9 એપ્રિલની વિધાનસભા ચૂંટણીમાં કોઈપણ બેઠક જીતે છે, તો નોર્થ-ઈસ્ટમાં અસ્થિરતા પાછી આવશે. આસામના ઉત્તર કામરૂપમાં એક જાહેર સભાને સંબોધતા, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીને કહ્યું કે અહીંનું વાતાવરણ સૂચવે છે કે લોકોએ પોતાનું મન બનાવી લીધું છે.




# ચા, રાંધણ ગેસ, કરિયાણું અને દવાથી લઈને ટોલટેક્સ બધું જ મોંઘું, લોકોનું બજેટ ખોરવાયું

અમદાવાદ, તા.03

ઈઝરાયલ-ઈરાન વચ્ચે યુદ્ધ વધુને વધુ ભીષણ થઈ રહ્યું છે ત્યારે પેટ્રોલ-રાંધણ ગેસની અછતની સમસ્યા વધુ ઘેરી બની રહી છે. પરિણામે ચા, તેલથી માંડીને દવા સહિત ખાદ્યપદાર્થથી માંડીને અન્ય ચીજવસ્તુઓના ભાવ વધી રહ્યા છે. મોંઘવારીના એક પછી એક ઝટકાથી ગરીબ, સામાન્ય, મધ્યમવર્ગના પરિવારો મોંઘવારીના ખપ્પરમાં ધકેલાયા છે. મર્યાદિત આવક અને વધુ જાવક વચ્ચે આમજનતાનું આર્થિક બજેટ ખોરવાયું છે.



હાલ મોંઘવારીએ માઝા મૂકી છે કેમકે, કોમર્શિયલ રાંધણ ગેસના ભાવમાં રૂ. 200નો વધારો કરાયો છે જેના કારણે ચા-ખાણીપીણીની લારીથી માંડીને હોટેલ-રેસ્ટોરન્ટ ઉદ્યોગને વ્યાપક અસર થઈ છે. ગુજરાતી થાળી સહિત અન્ય વાનગીઓનો સ્વાદ મોંઘો થયો છે. હોટલ-રેસ્ટોરન્ટમાં વિવિધ વાનગીઓના ભાવ વધારી દેવાયા છે. આ પરિસ્થિતિ વચ્ચે રૂ. 6 હજારમાં કોમર્શિયલ સિલિન્ડર કાળાબજારમાં વેચાઈ રહ્યા છે ત્યારે ધંધો કરવો કેવી રીતે? તે સવાલ ઉઠ્યો છે. જાહેર અન્નક્ષેત્રથી માંડીને વિદ્યાર્થીઓને હોસ્ટેલ, મેસ-કેન્ટીનોમાં પણ રાંધણ ગેસની અછતની અસર વર્તાઈ રહી છે.

છેલ્લા એકાદ મહિનામાં જ તેલમાં રૂ. 300થી વધુનો વધારો થયો છે. ચા સહિત અન્ય ખાદ્યપદાર્થના ભાવ વધ્યા છે. જેથી આમજનતાના ખિસ્સા પર આર્થિક બોજ વધ્યો છે.

વધતી મોંઘવારીને લીધે સામાન્ય-મધ્યમ વર્ગના લોકો માટે લોનના હપ્તા ભરવા અઘરું બન્યું છે. ખાદ્યપદાર્થોની સાથે સાથે લીવર, કીડની, બ્લડ પ્રેશર, સુગર, એનીમિયા સહિત વિવિધ રોગોની દવાઓના ભાવમાં પણ વધારો થયો છે પરિણામે લોકોની મુશ્કેલીમાં વધારો થયો છે. પેટ્રોલમાં જ નહીં, હાઈવે ટોલટેક્સના દરમાં ય વધારો થયો છે જેથી પરિવહનનો ખર્ચ વધતાં જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓના ભાવમાં હજુ વધારો થવાની શક્યતા છે.

આ ઉપરાંત કોમર્શિયલ ગેસ ભાવવધારાના લીધે પ્લાસ્ટિક, સ્ટીલ, સિરામિક મોંઘા થયા છે. ખેડૂતોને ઉપયોગી પાઈપ મોંઘી થશે. આ સાથે ખાતરની અછત શરુ થઈ ગઈ છે. સ્કૂલ-કૉલેજના પાઠ્યપુસ્તકોમાં પણ વધારો થવા જઈ રહ્યો છે. સૌરાષ્ટ્રમાં માર્બલ, બ્રાસ પાર્ટસ, સિરામિક સહિત અન્ય ઉદ્યોગોમાં મંદીનો માહોલ જ નથી પણ ઉદ્યોગોને તાળાં વાગ્યા છે. કામદારો બેરોજગાર બન્યા છે. ટેક્સટાઈલ્સ સહિત અન્ય ઉદ્યોગામાં હજારો મજૂરો ફરી વતન તરફ સ્થળાંતર કરી રહ્યા છે. આમ છતાયં સરકાર સબ સલામતની આલબેલ પોકારી રહી છે.

## અમદાવાદ પકવાન બ્રિજ હિટ એન્ડ રન કેસ: 7 દિવસની સારવાર બાદ બાઈક ચાલકનું મોત

અમદાવાદ, તા.03

અમદાવાદના એસ.જી. હાઈવે પર પકવાન ઓવર બ્રિજ પર ગત 27મી માર્ચના રોજ સર્જાયેલા ભયાનક અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા 47 વર્ષીય વ્યક્તિનું આજે (ત્રીજી એપ્રિલ) સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું છે. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા આ અકસ્માતના વીડિયોએ સમગ્ર શહેરમાં અરેરાટી ફેલાવી દીધી હતી. જોકે, પોલીસે આ મામલે કારચાલકની ધરપકડ કરી હતી.

મળતી માહિતી અનુસાર, નરોડા વિસ્તારમાં રહેતા 47 વર્ષીય કમલેશભાઈ પાણખાણિયા ગત 27મી માર્ચના રોજ પકવાન ઓવર બ્રિજ પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન થલતેજથી સરખેજ તરફ જઈ રહેલી એક પૂરઝડપે આવતી કારે તેના બાઈકને જોરદાર ટક્કર મારી હતી.



સોશિયલ મીડિયા પર વાઈરલ આ અકસ્માતના વીડિયોમાં જોઈ શકાય છે કે ટક્કર એટલી ભયાનક હતી કે આખું બાઈક કારના આગળના ભાગમાં ફસાઈ ગયું હતું. માનવતા નેવે મૂકીને કારચાલકે ગાડી ઉભી રાખવાને બદલે, ફસાયેલા બાઈક સાથે જ કારને હંકારી મૂકી હતી અને બાઈકને ઢસડતી હાલતમાં જ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

આ અકસ્માતમાં કમલેશભાઈને શરીરના અનેક ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને છાતી, કમર, માથું અને કપાળના ભાગે ગંભીર ઈજાઓ થતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. છેલ્લા સાત દિવસથી જીવન અને મરણ વચ્ચે ઝોલા ખાધા બાદ આજે (ત્રીજી એપ્રિલ)ના રોજ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

હિટ એન્ડ રનની આ ઘટના બાદ પોલીસે સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસ તેજ કરી હતી. પોલીસે આ મામલે 31 વર્ષીય રોહન રશ્મિકાંત પટેલની ધરપકડ કરી હતી. રોહન પટેલ થલતેજના સૂરધારા સર્કલ નજીક મણિચંદ્ર સોસાયટીનો રહેવાસી છે અને મેટલ ટ્રેડિંગ (ધાતુના વેપાર) ના વ્યવસાય સાથે સંકળાયેલો છે.

## ગુજરાતમાં કમોસમી વરસાદનું સંકટ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સાયક્લોનિક સર્ક્યુલેશનને કારણે વરસાદની આગાહી

અમદાવાદ, તા.03

ગુજરાતમાં એકતરફ ઉનાળો આકરો બની રહ્યો છે, ત્યાં બીજીતરફ હવામાન વિભાગે કમોસમી વરસાદની આગાહી કરીને ખેડૂતો અને નાગરિકોની ચિંતામાં વધારો કર્યો છે. રાજ્યમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સાયક્લોનિક સર્ક્યુલેશન એમ બે સિસ્ટમ એકસાથે સક્રિય થતા વાતાવરણમાં પલટો આવવાની પૂરેપૂરી સંભાવના છે.



હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઉત્તર ગુજરાત અને કચ્છના વિસ્તારોમાં માવઠાની સૌથી વધુ અસર જોવા મળી શકે છે. સાયક્લોનિક સર્ક્યુલેશનને કારણે અહીં છૂટોછવાયો વરસાદ પડી શકે છે. સરહદી જિલ્લા કચ્છમાં પણ કમોસમી વરસાદની વકી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે આગામી 7 એપ્રિલે પણ રાજ્યના કેટલાક ભાગોમાં હળવો વરસાદ પડી શકે છે.

વરસાદી માહોલ અને વાદળછાયા વાતાવરણને કારણે રાજ્યના તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો ઘટાડો નોંધાશે. જેનાથી લોકોને કાળઝાળ ગરમીમાંથી આંશિક રાહત મળશે, પરંતુ ડબલ ઋતુનો અનુભવ થવાથી આરોગ્ય પર તેની અસર પડી શકે છે.

ઉનાળુ પાકની કાપણી અને રવિ પાકના સંગ્રહના સમયે કમોસમી વરસાદની આગાહીથી ખેડૂતોમાં ચિંતા વ્યાપી છે. ખેતરમાં પડેલો પાક પલળી જવાની ભીતિને કારણે ખેડૂતોને સાવચેત રહેવા અને પાકને સુરક્ષિત સ્થળે ખસેડવા સલાહ આપવામાં આવી રહી છે. આગામી 48 કલાક ગુજરાત માટે મહત્વના છે. વાતાવરણમાં આવતા આ પલટાને કારણે ગરમીમાં તો ઘટાડો થશે, પરંતુ કમોસમી વરસાદ આર્થિક રીતે નુકસાનકારક સાબિત થઈ શકે છે.

## GPSCના ચેરમેન, સેક્રેટરીનો અહંકાર માઉન્ટ એવરેસ્ટથી પણ વધુ, ગુજરાત હાઈકોર્ટનું રૂબરૂ હાજર રહેવા ફરમાન

અમદાવાદ, તા.03

ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન (GPSC) દ્વારા લેવાયેલી પરીક્ષાના પ્રશ્નો અને તેના સ્ત્રોત અંગે ચાલી રહેલા વિવાદમાં ગુજરાત હાઈકોર્ટે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. કોર્ટના વારંવારના આદેશો છતાં સ્પષ્ટ જવાબ ન આપવા બદલ જસ્ટિસ નિર્ઝર એસ. દેસાઈની ખંડપીઠે GPSCના ઉચ્ચ અધિકારીઓનો ઉધડો લીધો હતો.



મળતી માહિતી અનુસાર, ગત વર્ષે લેવાયેલી GPSCની એક પરીક્ષામાં 1915ના 'કૌટિલ્ય અર્થશાસ્ત્ર' પુસ્તકમાંથી પ્રશ્નો પૂછવામાં આવ્યા હોવાનો દાવો કમિશન દ્વારા કરાયો હતો. આ મામલે એક ઉમેદવારે રિટ અરજી કરી આન્સર-કીને પડકારી હતી. હાઈકોર્ટે અગાઉ ત્રણ વખત GPSC પાસે શું આ પુસ્તકની ઓરિજનલ ફિઝિકલ કોપી ઉપલબ્ધ છે?, જો ફિઝિકલ કોપી ન હોય, તો ઈન્ટરનેટ પરની PDF માંથી પ્રશ્નો પૂછવાની કોઈ સત્તાવાર નીતિ કે ઠરાવ છે અને ઓનલાઈન મળતી માહિતીની અધિકૃતતા કોણ અને કેવી રીતે નક્કી કરે છે? આ પ્રશ્નોના જવાબ માંગ્યા હતા.

16મી, 20મી અને 22મી માર્ચના હુકમ છતાં ત્રીજી એપ્રિલની સુનાવણીમાં પણ સરકાર કે GPSC તરફથી કોઈ સ્પષ્ટ ઘટસ્ફોટ રજૂ કરવામાં આવ્યો ન હતો. આ બાબતથી નારાજ થઈ જસ્ટિસ નિર્ઝર એસ. દેસાઈએ કોર્ટરૂમમાં માર્મિક ટકોર કરી હતી કે, 'તમારા ચેરમેન અને સેક્રેટરીનો અહંકાર માઉન્ટ એવરેસ્ટ કરતાં પણ વધુ ઊંચો છે. શું તેઓ પોતાની જાતને હાઈકોર્ટથી પણ ઉપર સમજે છે?' અદાલતે વધુમાં ઉમેર્યું કે, વારંવાર પૃચ્છા કરવા છતાં જવાબ ન આપવો એ સ્પષ્ટપણે અદાલતી તિરસ્કાર છે.

હાઈકોર્ટે આ મામલે હવે અંતિમ આદેશ આપતા જણાવ્યું છે કે, 'GPSCના ચેરમેન અને સેક્રેટરીએ સાતમી એપ્રિલે અદાલત સમક્ષ રૂબરૂ હાજર રહેવું પડશે.' આ સાથે જ એડવોકેટ જનરલ અને ગવર્મેન્ટ પ્લીડરને પણ હાજર રહેવા તાકીદ કરી છે. કન્ટેમ્પ્ટ કોર્ટમાં આ કેસ મોકલતા પહેલા અધિકારીઓને તેમનો પક્ષ રજૂ કરવાની છેલ્લી તક આપવામાં આવશે.

આ આદેશથી સરકારી વહીવટી તંત્ર અને GPSCમાં ફફડાટ વ્યાપી ગયો છે. હવે જોવાનું એ રહેશે કે સાતમી એપ્રિલે કમિશન દ્વારા અદાલત સમક્ષ કેવો ખુલાસો રજૂ કરવામાં આવે છે.

## ખેડા જિલ્લામાં ભર ઉનાળે કમોસમી વરસાદ: નડિયાદ-માતર પંથકમાં ગાજવીજ સાથે વરસાદી ઝાપટાં પડ્યા

નડિયાદ, તા.03

ગુજરાતમાં કાળઝાળ ગરમી વચ્ચે ખેડા જિલ્લાના વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે. નડિયાદ અને માતર પંથકમાં ગાજવીજ સાથે કમોસમી વરસાદી ઝાપટાં પડ્યા હતા. ભર ઉનાળે ચોમાસા જેવો માહોલ સર્જાતા ખેડૂતોમાં ચિંતા વ્યાપી છે.



નડિયાદ શહેરમાં શુક્રવારે સવારથી અસહ્ય ઉકળાટ અને બફારો અનુભવાયો હતો. જોકે, સાંજે 5:30 વાગ્યા આસપાસ આકાશમાં કાળા વાદળો ઘેરાયા અને હળવા વરસાદી ઝાપટાં શરૂ થયા. આ વરસાદથી શહેરના મુખ્ય માર્ગો ભીના થયા અને ગરમીથી ત્રસ્ત લોકોને આંશિક રાહત મળી.

જિલ્લાના માતર તાલુકામાં વરસાદ વધુ તીવ્ર હતો. માતરના ભલાડા, સાયલા અને શેખુપુરમાં વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદી ઝાપટાં પડ્યા હતા. આકાશમાં વીજળી અને વાદળોના ગડગડાટ સાથે વરસેલા વરસાદને કારણે રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. આ કમોસમી વરસાદને કારણે ખેતીવાડી ક્ષેત્રે ચિંતા વ્યાપી છે. હાલ ખેતરોમાં ઉનાળુ પાક તૈયાર થઈ રહ્યો છે, ત્યારે અચાનક આવેલા વરસાદથી પાકને વ્યાપક નુકસાન થવાનો ભય છે. ખાસ કરીને ઉનાળુ બાજરી અને ફળાદીના પાકોને આ વરસાદી ઝાપટાંથી માઠી અસર થઈ શકે છે. હવામાનમાં આવેલા આ અચાનક ફેરફારને કારણે મિશ્ર ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. બપોરની ગરમી અને સાંજની ઠંડક તેમજ વરસાદી ભેજ આરોગ્ય પર વિપરીત અસર કરી શકે છે. તબીબોના મતે, આવા બેવડા વાતાવરણથી મોસમી બીમારીઓ અને રોગચાળો ફેલાવવાની શક્યતા છે, જેથી નાગરિકોને સાવચેત રહેવાની સલાહ અપાઈ છે. સમગ્ર ખેડા જિલ્લામાં વાતાવરણના આ અનપેક્ષિત બદલાવની ચર્ચાઓ ચાલી રહી છે. ઉનાળાની સિઝન વચ્ચે વરસાદી માહોલે જનજીવનને પ્રભાવિત કર્યું છે. મોડી સાંજ સુધી વાદળછાયું વાતાવરણ અને ઠંડા પવનથી ગરમીમાં રાહત મળી છે, પરંતુ આ બદલાવ કૃષિ અને સ્વાસ્થ્ય માટે કેટલો પડકારજનક રહેશે તે સમય જ કહેશે.

## ઉમરેઠ પેટાચૂંટણી માટે ચૂંટણી સ્ટાફનો તાલીમ કાર્યક્રમ: આર.પી. પટેલ નર્સિંગ કોલેજ ખાતે અધિકારીઓને માર્ગદર્શન અપાયું

આણંદ, તા.03

આગામી ઉમરેઠ વિધાનસભા પેટા ચૂંટણી ને સુચારૂ અને પારદર્શી રીતે સંપન્ન કરાવવા માટે વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરાઈ છે. આ અંતર્ગત ઓડ-ઉમરેઠ સ્થિત આર.પી. પટેલ નર્સિંગ કોલેજ ખાતે ચૂંટણી કાર્યમાં રોકાયેલા સ્ટાફ માટે મહત્વનો તાલીમ કાર્યક્રમ યોજાયો હતો.



આ તાલીમ શિબિરમાં પ્રિસાઈડીંગ ઓફિસર અને પોલિંગ ઓફિસરઓને ચૂંટણી પ્રક્રિયાની ઝીણવટભરી વિગતોથી માહિતગાર કરવામાં આવ્યા હતા. તેમને મતદાનના દિવસે ઈવીએમ (EVM) અને વીવીપેટ (VVPAT) ના સંચાલનથી લઈને મતોની ગુપ્તતા જળવાય તે માટે ખાસ માર્ગદર્શન અને સૂચનો અપાયા હતા.


કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત ઉચ્ચ અધિકારીઓએ સ્ટાફને સંબોધતા જણાવ્યું હતું કે, લોકશાહીના આ પર્વમાં ચૂંટણી સ્ટાફની ભૂમિકા અત્યંત મહત્વની છે. ચૂંટણી પંચની માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવા અને કોઈપણ પ્રકારની ભૂલરહિત કામગીરી કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ તાલીમ સત્રમાં સ્ટાફ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવ્યું હતું, જેનાથી તેઓ પોતાની ફરજ પ્રત્યે સજ્જ બન્યા. આ કાર્યક્રમ સાથે ઉમરેઠ પેટા ચૂંટણીનો વહીવટી ગરમાવો તેજ બન્યો છે.

## ઉમેદવારો કોર્પોરેશનની ચૂંટણીમાં 9 લાખ, જિ.પંચાયતમાં 6 લાખ ખર્ચી શકશે, ચૂંટણી પંચે નવી મર્યાદા નક્કી કરી

અમદાવાદ, તા.03

ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. આ દરમિયાન રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ઉમેદવાર દીઠ ચૂંટણી ખર્ચની નવી મર્યાદા નક્કી કરવામાં આવી છે. વર્ષ 2021ના જૂના ઠરાવમાં સુધારો કરીને મોંઘવારી અને વર્તમાન સ્થિતિને ધ્યાને રાખી આ મર્યાદામાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે.



નવા નિયમો મુજબ, મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં હવે ઉમેદવાર 9 લાખ રૂપિયા સુધીનો ખર્ચ કરી શકશે, જે અગાઉ માત્ર 6 લાખ રૂપિયા હતો. તેવી જ રીતે, જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ઉમેદવાર દીઠ ખર્ચ મર્યાદા વધારીને રૂ. 6 લાખ રૂપિયા કરવામાં આવી છે.

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા છેલ્લે 2021માં ખર્ચ મર્યાદામાં સુધારો કરવામાં આવ્યો હતો. મ્યુનિસિપલ કોર્પોરેશનથી લઈને છેક ગ્રામ પંચાયત સુધીની ચૂંટણીઓમાં પ્રચારના સાધનો, સોશિયલ મીડિયા માર્કેટિંગ અને અન્ય ખર્ચાઓ વધતા ઉમેદવારો દ્વારા મર્યાદા વધારવાની માંગ કરવામાં આવતી હતી. આ નિર્ણયથી ઉમેદવારો હવે વધુ વ્યવસ્થિત રીતે પ્રચાર કરી શકશે, પરંતુ સાથે જ તેમણે આ ખર્ચનો સચોટ હિસાબ પંચને આપવો પડશે. આગામી દિવસોમાં જ્યારે ચૂંટણીનો જંગ જામશે, ત્યારે આ નવી મર્યાદા ઉમેદવારો માટે રાહતરૂપ સાબિત થશે.

## સરકારે 10 એશિયન દેશોમાંથી સોના, ચાંદી અને પ્લેટિનમના દાગીનાની આયાત પર અંકુશ મૂક્યો

અમદાવાદ, તા.03

ભારત સરકારે એસોસિયેશન ઑફ સાઉથ ઈસ્ટ એશિયન નેશન્સ-એશિયન દેશોમાંથી સોના, ચાંદી અને પ્લેટિનમના દાગીનાની આયાત કરવા પર અંકુશ લગાવ્યો છે. આ દેશોમાં દારેસલામ, કમ્બોડિયા, બ્રુનેઈ, ઈન્ડોનેશિયા, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, ફિલિપિન્સ, થાઈલૅન્ડ, સિંગાપોર અને વિયેટનામનો સમાવેશ થાય છે. ખાસ કરીને થાઈલૅન્ડથી આ દાગીનાની આયાત ડ્યૂટી ફ્રી થતી હોવાથી તેની આયાત પર અંકુશ લગાવવામાં આવ્યો છે. સરકારનો આ નિર્ણય તત્કાળ અમલમાં આવશે.

હીરા અને મોતી જડેલા તથા સોના ચાંદી અને પ્લેટિનમ જેવી કિંમતી ધાતુઓમાંથી બનાવેલા દાગીનાની દારેસલામ, કમ્બોડિયા, ઈન્ડોનેશિયા, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, ફિલિપિન્સ, થાઈલૅન્ડ, સિંગાપોર અને વિયેટનામમાંથી આયાત કરવા માટે આયાતકારે લાયસન્સ લેવું પડશે. હા, સ્પેશિયલ ઈકોનોમિક ઝોન, એક્સપોર્ટ ઓરિયેન્ટેડ યુનિટ્સ જો આ દાગીનાની આયાત કરે તો તેને માટે લાયસન્સ લેવું પડે છે. જો કે, તેઓ આ રીતે આયાત કરેલા દાગીનાઓ ભારતના બજારમાં વેચી શકશે નહીં, એમ ડિરેક્ટોરેટ ઑફ ફોરેન ટ્રેડની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.



આ અગાઉ ભારત સરકારે ફેબ્રુઆરીમાં પ્લેટિનમમાંથી બનાવેલા દાગીનાની આયાત કરવા પર અંકુશ લગાવ્યા હતા. સોના સાથે ભેળવીને પ્લેટિનમમાંથી બનાવેલા દાગીનાની આયાત કરવામાં આવતી હતી. આ દાગીનાની આયાત પર કોઈ જ ડ્યૂટી ન લાગતી હોવાથી તેઓ સોના મિશ્રિત પ્લેટિનમના દાગીના ડ્યૂટી ભર્યા વિના જ આયાત કરી લેતા હોવાનું સરકારના ધ્યાનમાં આવ્યું હતું.

આ નિર્ણય અગાઉ કરેલા કોન્ટ્રાક્ટ માટે પણ બંધન કર્તા બનશે. આયાતકારે રદ ન કરી શકાય તેવો લેટર ઑફ ક્રેડિટ લઈને આયત કરી હશે તો પણ તેને આ નિયમ લાગુ પડશે. આયાતકારે ઍડ્વાન્સ પેમેન્ટ કરીને પણ આ પ્રકારના દાગીનાની આયાત કરી હશે તો પણ તેને આયાત પર અંકુશ લગાવતો આ નવો નિયમ લાગુ પડશે. તેમ જ અગાઉ શિપમેન્ટ કરી દેવાયેલા કન્સાઈનમેન્ટ માટે પણ નવો નિયમ લાગુ પડશે.

ગયા વરસે પણ ભારત સરકારે 99 ટકાથી ઓછી શુદ્ધતા ધરાવતા પ્લેટિનમના દાગીનાની આયાત પર અંકુશ લગાવ્યો હતો. સોના અને પ્લેટિનમ પર લાગતી આયાત ડ્યૂટી વચ્ચેના તફાવતનો લાભ લેવા માટે આ અંકુશો મૂકવામાં આવ્યા હતા. એશિયન દેશોમાંથી શૂન્ય ટકા ડ્યૂટી સાથે સોના, ચાંદી અને પ્લેટિનમના દાગીના આયાત કરવાની છૂટનો ગેરલાભ ઊઠાવવામાં આવતો હોવાથી આ અંકુશ લાગવવામાં આવ્યો છે. યુનાઈટેડ આરબ અમીરાત સાથે મોસ્ટ ફેવર્ડ નેશન તરીકે થયેલા કરાર હેઠળ પણ સોના, ચાંદી અને પ્લેટિનમના દાગીના 20 ટકા આયાત ડ્યૂટી ભરીને ઈમ્પોર્ટ કરવા દેવામાં આવે છે. એશિયન કંટ્રીઝના જૂથના દસ દેશોમાંથી તેની આયાત ડ્યૂટી મુક્ત આયાત કરવામાં આવતી હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# હવે યુદ્ધ જીત્યાની જાહેરાત કરી સંઘર્ષનો અંત લાવો, ઈરાનના પૂર્વ વિદેશ મંત્રીએ આપી 'ફોર્મુલા'

**તહેરાન, તા.03**

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભીષણ સૈન્ય સંઘર્ષ વચ્ચે ઈરાનના પૂર્વ વિદેશ મંત્રી અને પરમાણુ કરાર (JCPOA)ના મુખ્ય સૂત્રધાર રહી ચૂકેલા મોહમ્મદ જવાદ ઝરીફે ઈરાનને એક મહત્ત્વની સલાહ આપી છે. અમેરિકન મેગેઝિન 'ફોરેન અફેર્સ'માં પ્રકાશિત એક લેખમાં ઝરીફે તર્ક આપ્યો છે કે, ઈરાને હવે જીતની જાહેરાત કરવી જોઈએ અને એક એવા કરાર તરફ આગળ વધવું જોઈએ જે આ યુદ્ધને સમાપ્ત કરે અને ભવિષ્યના સંઘર્ષોને પણ અટકાવે.



ઝરીફે સૂચન કર્યું છે કે ઈરાને પોતાના પરમાણુ કાર્યક્રમ પર મર્યાદાઓ લગાવી દેવી જોઈએ અને વિશ્વના સૌથી મહત્ત્વના ક્રૂડ ઓઈલ જળ માર્ગ 'સ્ટ્રેટ ઑફ હોર્મુઝ'ને ફરીથી ખોલવાનો પ્રસ્તાવ મૂકવો જોઈએ. તેના બદલામાં ઈરાને પોતાના પર લાગેલા તમામ આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોને સંપૂર્ણપણે નાબૂદ કરવાની માંગ કરવી જોઈએ. ઝરીફનું માનવું છે કે અમેરિકાએ ભલે પહેલા આ સોદો ન સ્વીકાર્યો હોય, પરંતુ વર્તમાન યુદ્ધની ભયાનકતાને જોતાં હવે તે તેને સ્વીકારી શકે છે.

નોંધનીય છે કે, જવાદ ઝરીફને આંતરરાષ્ટ્રીય વ્યૂહનીતિના નિષ્ણાત માનવામાં આવે છે. આ યુદ્ધ અટકાવવા તેમણે ઈરાન માટે એક વિગતવાર રૂપરેખા તૈયાર કરી છે.

ઝરીફે અમેરિકા અને ઈરાન વચ્ચે પરસ્પર અનાક્રમણ કરારનો પ્રસ્તાવ મૂક્યો છે. આ અંતર્ગત બંને દેશો ભવિષ્યમાં એકબીજા પર હુમલો ન કરવાની ઔપચારિક પ્રતિજ્ઞા લેશે. તેમણે ઈરાનને સૂચન કર્યું છે કે, અમેરિકા સાથે આર્થિક સંવાદ અને વેપારના દ્વાર ખોલવા જોઈએ. આ માત્ર બંને દેશોના લોકો માટે ફાયદાકારક જ નહીં હોય, પરંતુ દાયકાઓ જૂના અવિશ્વાસને ઘટાડવામાં પણ મદદ કરશે.

ઝરીફના જણાવ્યા અનુસાર, આ કરારોથી ઈરાનના નેતૃત્વને વિદેશી દુશ્મનોથી બચાવવાને બદલે પોતાના નાગરિકોના જીવનધોરણને સુધારવા અને દેશના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરવાની તક મળશે.

ઝરીફનો આ લેખ એવા સમયે આવ્યો છે, જ્યારે ઈરાન ચારે બાજુથી સૈન્ય અને આર્થિક દબાણનો સામનો કરી રહ્યું છે. જીતની જાહેરાત કરવાનું તેમનું સૂચન વાસ્તવમાં એક રાજદ્વારી વ્યૂહરચના છે, જેથી ઈરાન પોતાનું સન્માન ગુમાવ્યા વિના યુદ્ધમાંથી સન્માનજનક રીતે વિદાય લઈ શકે. તેમનું માનવું છે કે ઈરાને પોતાની પ્રતિકાર ક્ષમતા બતાવીને પોતાનું લક્ષ્ય હાંસલ કરી લીધું છે અને હવે શાંતિ વાટાઘાટોના ટેબલ પર બેસવાનો યોગ્ય સમય છે.

જો ઝરીફનો આ પ્રસ્તાવ વાસ્તવિકતામાં બદલાય, તો તેના સૌથી મોટા લાભાર્થીઓમાં ભારત પણ સામેલ હશે. ભારતને LPG અને ક્રૂડ ઓઈલનો સપ્લાય ફરીથી સરળ થઈ જશે. વૈશ્વિક બજારમાં તેલના ભાવ ઘટશે, જેનાથી ભારતના અર્થતંત્રને મોટી રાહત મળશે. શાંતિની સ્થિતિમાં ભારત ઈરાનના ચાબહાર બંદર દ્વારા મધ્ય એશિયા સુધી પોતાની પહોંચને વધુ મજબૂત કરી શકશે.

## ભારત જતું ઈરાની તેલ ટેન્કર ચીન તરફ વળ્યું: ગુજરાતના વાડીનાર આવી રહ્યું હતું ને દિશા બદલી નાખી, પેમેન્ટના વિવાદની આશંકા

**નવી દિલ્હી, તા.03**

ભારત જતું એક ઈરાની ક્રૂડ ઓઈલ ટેન્કર અચાનક રસ્તો બદલીને ચીન તરફ આગળ વધ્યું. આ ટેન્કર લગભગ સાત વર્ષમાં ભારત પહોંચનાર પ્રથમ ઈરાની ઓઈલ જહાજ હતું અને ગુજરાતના વાડીનાર બંદર તરફ જઈ રહ્યું હતું. તે આશરે 6,00,000 બેરલ ક્રૂડ ઓઈલ લઈ જઈ રહ્યું હતું.

શિપ ટ્રેકિંગ ડેટા અનુસાર, જહાજ છેલ્લા ત્રણ દિવસથી ભારત તરફ જઈ રહ્યું હતું, પરંતુ ગુજરાત પહોંચતા પહેલા જ તેણે રસ્તો બદલી નાખ્યો અને હવે ચીનના ડોંગયિંગ તરફ જઈ રહ્યું છે.



નિષ્ણાતો માને છે કે પેમેન્ટની સમસ્યાઓ આ પાછળનું કારણ હોઈ શકે છે. કેપ્લરના મુખ્ય રિસર્ચ એનાલિસ્ટ સુમિત રિટોલિયાના જણાવ્યા અનુસાર, સપ્લાયર્સ અગાઉ 30 થી 60 દિવસની ક્રેડિટ ઓફર કરતા હતા, પરંતુ હવે તેઓ એડવાન્સ અથવા તાત્કાલિક ચુકવણીની માંગ કરી રહ્યા છે. આ કારણે સોદો અટકી ગયો અને ટેન્કરે તેનો રૂટ બદલી નાખ્યો.

જો કે, જહાજનું AIS (ટ્રેકિંગ સિસ્ટમ) ગમે ત્યારે બદલી શકાય છે. જો પેમેન્ટની સમસ્યાઓ ઉકેલાઈ જાય, તો ટેન્કર ભારત પરત ફરી શકે છે. નયારા એનર્જી પાસે વાડીનાર બંદર પર લગભગ 20 મિલિયન ટનની ક્ષમતા ધરાવતી રિફાઈનરી છે, જ્યાં ટેન્કર આવવાની સંભાવના હતી.


નોંધનીય છે કે 2018 સુધી ભારત ઈરાન પાસેથી મોટા પ્રમાણમાં સસ્તું ઓઈલ ખરીદતું હતું. તે સમયે ભારત દરરોજ આશરે 5,18,000 બેરલ ઈરાની ઓઈલ આયાત કરતું હતું, જે તેની કુલ આયાતના આશરે 11.5% હતું. જોકે, યુએસ પ્રતિબંધો બાદ, ભારતે ઈરાન પાસેથી તેલ ખરીદવાનું બંધ કરી દીધું અને અન્ય દેશો પાસેથી પુરવઠો વધાર્યો.

તાજેતરમાં યુએસએ દરિયામાં ઈરાની ઓઈલ ખરીદવાની મંજૂરી આપતા મર્યાદિત 30 દિવસની મુક્તિ આપી. આ મુક્તિ 19 એપ્રિલ સુધી માન્ય છે.

## હોર્મુઝમાં આરબ દેશોની સૈન્ય કાર્યવાહીની માગ, UNમાં રશિયા-ચીન, ફ્રાન્સે આ પ્રસ્તાવ વિટો કરીને ફગાવ્યો

**તહેરાન, તા.03**

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા ભીષણ યુદ્ધની વચ્ચે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ(UNSC)માં એક મહત્ત્વનો પ્રસ્તાવ અટવાયો છે. ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ, રશિયા, ચીન અને ફ્રાન્સે હોર્મુઝ સ્ટ્રેટ ખોલવા માટે સૈન્ય કાર્યવાહીની મંજૂરી માંગતા આરબ દેશોના પ્રસ્તાવ પર રોક લગાવી દીધી છે. બહેરીન અને અન્ય અખાતી દેશો દ્વારા તૈયાર કરાયેલા આ પ્રસ્તાવમાં આંતરરાષ્ટ્રીય જળસીમામાં અવરજવર સુરક્ષિત કરવા માટે તમામ આવશ્યક સાધનો અને સૈન્ય બળનો ઉપયોગ કરવાની છૂટ માંગવામાં આવી હતી, પરંતુ વિટો પાવર ધરાવતા આ ત્રણ દેશોએ લશ્કરી વિકલ્પનો વિરોધ કર્યો છે. ઉલ્લેખનીય છે કે અરબ દેશો દ્વારા લાવવામાં આવેલા આ પ્રસ્તાવ પાછળ અમેરિકાની ભૂમિકા જ હોવાના અહેવાલ છે. જે ઈરાન



વિરુદ્ધના યુદ્ધને વધુ ભડકાવવા અને દુનિયાના વિવિધ દેશોને એકજૂટ કરીને હોર્મુઝ ખોલાવવા માગે છે.

ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને સૈન્ય કાર્યવાહીના આ પ્રસ્તાવને 'અવાસ્તવિક' ગણાવતા તર્ક આપ્યો છે કે, આનાથી દરિયા કિનારે તહેનાત ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ્સ અને તેમની બેલેસ્ટિક મિસાઈલોનું જોખમ વધી શકે છે. નોંધનીય છે કે, 28 ફેબ્રુઆરી, 2026ના રોજ અમેરિકા અને ઈઝરાયલ સાથે યુદ્ધ શરૂ થયા બાદ ઈરાને આ વ્યૂહાત્મક માર્ગ બંધ કરી દીધો હતો. દુનિયાનો લગભગ 20% ક્રૂડ ઓઈલ અને ગેસનો પુરવઠો આ માર્ગેથી પસાર થાય છે, જે બંધ થવાને કારણે વૈશ્વિક ઊર્જા બજાર ખોરવાયું છે અને કતાર જેવા દેશોને અબજો ડૉલરનું નુકસાન થઈ રહ્યું છે.

બહેરીને સુરક્ષા પરિષદમાં ઈરાનના વલણને 'આક્રમક' અને 'દગાબાજ' ગણાવી તેની આકરી ટીકા કરી છે. બહેરીનના વિદેશ મંત્રીએ આરોપ લગાવ્યો છે કે ઈરાને ઈમારતો, બંદરો અને ઍરપૉર્ટને નિશાન બનાવીને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન કર્યું છે. બીજી તરફ, ઈરાને સ્પષ્ટ કર્યું છે કે જંગની સ્થિતિ છતાં તે હોર્મુઝમાંથી પસાર થતાં જહાજો પર પોતાની નજર રાખશે. નિષ્ણાતો માને છે કે આ સંઘર્ષને કારણે ઈરાન અને તેના પડોશી દેશો વચ્ચેના સુધરી રહેલા સંબંધોને ગંભીર નુકસાન પહોંચ્યું છે અને હવે મધ્યસ્થીની જવાબદારી પાકિસ્તાન, તૂર્કીયે અને ઈજિપ્ત જેવા દેશોના હાથમાં આવી ગઈ છે.

## મ્યાનમારમાં સૈન્ય શાસન વધુ મજબૂત: જનરલ મિન આંગ હ્લેઈંગ બન્યા પ્રમુખ, 'દેખાડા'ની ચૂંટણીમાં જીત

**મ્યાનમાર, તા.03**

મ્યાનમારમાં પાંચ વર્ષ પહેલાં લોકશાહી માર્ગે ચૂંટાયેલી સરકારને હટાવી સત્તા કબજે કરનાર સૈન્ય વડા મિન આંગ હ્લેઈંગ હવે સત્તાવાર રીતે દેશના પ્રમુખ બની ગયા છે. શુક્રવારે સંસદમાં યોજાયેલી ચૂંટણીમાં તેમણે મોટી જીત મેળવીને પોતાની સત્તા પર મહોર મારી દીધી છે. જોકે, પશ્ચિમી દેશો અને વિરોધ પક્ષો આ ચૂંટણીને માત્ર એક નાટક ગણાવી રહ્યા છે. સૈન્યના પ્રભુત્વવાળી સંસદમાં મિન આંગ હ્લેઈંગને 429 મત મળ્યા હતા, જ્યારે તેમની સામે ઉભેલા નિવૃત્ત જનરલ ન્યો સોને માત્ર 126 મત મળ્યા હતા. 69 વર્ષીય જનરલનો પ્રમુખ બનવાનો રસ્તો ડિસેમ્બર અને જાન્યુઆરીમાં યોજાયેલી એ ચૂંટણીઓ બાદ સાફ થયો હતો, જેને ટીકાકારોએ



લોકશાહીના બહાને સૈન્ય શાસન ચાલુ રાખવાનો એક મોટો 'ઢોંગ' ગણાવ્યો છે.

આ જીત બાદ મિન આંગ હ્લેઈંગે સૈન્યના વડા તરીકેનો પોતાનો વર્ષો જૂનો હોદ્દો છોડીને સિવિલિયન પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી છે. તેમણે પોતાના વિશ્વાસુ સાથી યે વિન ઉને સૈન્યના નવા પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા છે. નિષ્ણાતો માને છે કે આ ફેરફાર પાછળનો તેમનો મુખ્ય હેતુ આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની સરકારને માન્યતા અપાવવાનો અને મ્યાનમાર પર સૈન્યની પકડ કાયમ રાખવાનો છે. જોકે, દેશમાં ચાલી રહેલું ગૃહયુદ્ધ, આર્થિક સંકટ અને આંતરરાષ્ટ્રીય દબાણ વચ્ચે નવા પ્રમુખ માટે આગામી સમય ખૂબ જ પડકારજનક સાબિત થઈ શકે તેમ છે.

પ્રમુખ બનતા પહેલા મિન આંગ હ્લેઈંગે સૈન્ય નેતૃત્વમાં પણ મોટા ફેરફારો કર્યા છે. તેમણે પોતાના ખાસ વિશ્વાસુ અને પૂર્વ ઈન્ટેલિજન્સ ચીફ યે વિન ઉને સૈન્યના નવા વડા તરીકે નિયુક્ત કર્યા છે. નિષ્ણાતો માને છે કે વર્દી ઉતારીને સિવિલિયન ડ્રેસમાં પ્રમુખ બનવા પાછળનો તેમનો મુખ્ય હેતુ આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા મેળવવાનો અને દાયકાઓથી દેશ પર શાસન કરી રહેલા સૈન્યના હિતોનું રક્ષણ કરવાનો છે. જોકે, તેમની આ સફર કાંટાઓ ભરેલી રહી છે. 2021માં નોબેલ વિજેતા આંગ સાન સૂ કીની ધરપકડ બાદ દેશભરમાં ફાટી નીકળેલા વિરોધ પ્રદર્શનોએ હવે સશસ્ત્ર વિદ્રોહનું સ્વરૂપ ધારણ કરી લીધું છે, જેના કારણે મ્યાનમાર છેલ્લા પાંચ વર્ષથી આંતરવિગ્રહની આગમાં સળગી રહ્યું છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે પણ મિન આંગ હ્લેઈંગની મુશ્કેલીઓ ઓછી નથી. 2017માં રોહિંગ્યા મુસ્લિમો વિરુદ્ધ કરવામાં આવેલા સૈન્ય અત્યાચારો અને માનવાધિકાર ઉલ્લંઘનના આરોપોમાં આંતરરાષ્ટ્રીય ગુનાહિત ન્યાયાલય(ICC) એ તેમની સામે ધરપકડ વોરંટની માંગ કરેલી છે. બીજી તરફ, સૈન્ય શાસનનો અંત લાવવા માટે વિરોધ પક્ષો અને વંશીય લઘુમતી જૂથોએ હાથ મિલાવીને નવો મોરચો બનાવ્યો છે. ચીને આ નવી સરકારને સમર્થન જાહેર કર્યું છે, પરંતુ દેશમાં ચાલી રહેલા ગૃહયુદ્ધ અને આર્થિક પાયમાલી વચ્ચે નવા પ્રમુખ માટે સ્થિરતા જાળવવી એ મોટો પડકાર બની રહેશે.

## યુદ્ધ રોકી ડીલ કરવા આતુર થયા ટ્રમ્પ? કહ્યું- હું ઈરાનના લોકોનું સન્માન કરું છું, તેઓ શક્તિશાળી છે

**વૉશિંગ્ટન, તા.03**

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાના 'કારનામા'થી વધુ પોતાના 'અજીબોગરીબ નિવેદન' માટે પ્રખ્યાત છે. અમેરિકા-ઈઝરાયલના ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે ટ્રમ્પે હવે એકદમ પલટી મારતા ઈરાનના લોકોની પ્રશંસા કરવાનું ચાલું કરી દીધું છે. આ સાથે જ તેમણે યુદ્ધ અંગે પણ મોટું નિવેદન આપ્યું છે.

એક ઈન્ટરવ્યુમાં ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાની લોકો અંગે કહ્યું કે, 'ઈરાનના લોકો ખૂબ જ શક્તિશાળી અને તેમના દુ:ખ સહન કરવાની ક્ષમતા હોય છે, હું ઈરાનના લોકોનું સન્માન કરું છું. ઈરાની લડાકુ નથી, પરંતુ સારા વાટાઘાટકારો છે. ઈરાન સાથે વાટાઘાટો કરવાનો સમય આવી ગયો છે અને હું ઓ ટૂંક સમયમાં ઈરાન સાથે ડીલ કરવા માગું છું.' આમ હવે ટ્રમ્પ ઈરાન સાથે યુદ્ધ રોકીને ડીલ કરવા આતુર દેખાઈ રહ્યા છે.

આ ઉપરાંત ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધ અંગે અમેરિકન પ્રમુખ ટ્રમ્પે કહ્યું કે, 'ઈઝરાયલ એક સારો ટીમ પ્લેયર છે અને તે એ જ કરશે, જે હું તેને કહીશ.' ટ્રમ્પનું આ આત્મવિશ્વાસપૂર્ણ નિવેદન પરથી સંકેત મળે છે કે, અમેરિકાનો પ્રમુખ સહયોગી ઈઝરાયલ અંતે તેમની પાસેથી જ સંકેત લેશે. તેમણે દાવો કર્યો કે, 'બેન્જામિન નેતન્યાહૂના નેતૃત્વમાં તેલ અવીવમાં સત્તા કેન્દ્ર મારા આદેશોનું પાલન કરશે અને સંઘર્ષનો અંત લાવવાનો નિર્ણય લેતાની સાથે જ લશ્કરી કાર્યવાહી રોકી દેશે.'



ઈઝરાયલ અંગે ટ્રમ્પે કહ્યું કે, 'તેઓ એક સારા સહયોગી રહ્યા છે. જ્યારે હું અટકી જઈશ, ત્યારે તેઓ પણ અટકી જશે. જ્યાં સુધી તેમને ઉશ્કેરવામાં ન આવે ત્યાં સુધી તેઓ રોકાઈ જશે, અને જો ઉશ્કેરવામાં આવે તો તેમની પાસે કોઈ વિકલ્પ નહીં રહેશે. પરંતુ જ્યારે હું રોકીશ, ત્યારે તેઓ અટકી જશે.' તમને જણાવી દઈએ કે, ટ્રમ્પની આ ટિપ્પણી તેમના અગાઉના વલણથી અલગ પ્રતીત થાય છે, જ્યાં તેમણે યુદ્ધના અંતને નેતન્યાહૂ સાથે એક પરસ્પર નિર્ણય ગણાવ્યો હતો.

આ યુદ્ધની શરૂઆત 28 ફેબ્રુઆરી થઈ હતી, જ્યારે ટ્રમ્પે ઈરાન વિરુદ્ધ ઓપરેશન એપિક ફ્યુરી શરૂ કર્યું હતું. આ ઓપરેશન દરમિયાન ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનેઈની હત્યા કરી દેવામાં આવી હતી. એક અહેવાલ પ્રમાણે યુદ્ધનો માર્ગ એટલો પણ સરળ નહોતો. ટ્રમ્પે પોતાના વહીવટીતંત્રમાંથી લીક થયેલી માહિતીથી નારાજ થઈને 27 ફેબ્રુઆરીએ ઓપરેશન રોકવાનો સંકેત આપ્યો હતો.

# જાપાન-ચીન વચ્ચે ફરીથી સેનકાકુ ટાપુનો વિવાદ વધ્યો

## સાત વર્ગ કિલોમીટરના વિસ્તાર પર જાપાન-ચીન-તાઈવાન ત્રણેય દાવો કરે છે, ચીનની વધતી દખલના કારણે જાપાને પહેલી વખત પૂર્વી ચીન સમુદ્રમાં લૉંગ રેન્જ મિસાઈલ તૈનાત કરી છે. તેનાથી બંને દેશો વચ્ચે તંગદિલી વધી છે

જેના ત્રણ નામ છે એ ટાપુ એક જ છે. પૂર્વી ચીન સમુદ્રમાં આવેલો સાતેક વર્ગ કિલોમીટરનો ટાપુ સમૂહ ત્રણ દેશો વચ્ચે વર્ષોથી વિવાદનું કેન્દ્ર બન્યો છે. ટાપુ માટે મુખ્ય લડાઈ ચીન-જાપાન વચ્ચે છે. સેનકાકુ એક ટાપુ નથી, નાના-નાના ટાપુ સમૂહો છે. કુલ આઠમાંથી ત્રણ તો પરવાળાના ખડકોના ટાપુ છે. ચીન તાઈવાનને તો પોતાનો હિસ્સો જ ગણે છે અને તાઈવાન પર જ દાવો કરે છે એટલે ટાપુ પર તાઈવાનના દાવાને ગણકારતું નથી, પરંતુ જાપાન સામે આ મુદ્દે તંગદિલી થતી રહે છે. ચીન સેનકાકુ ટાપુ નજીક કંઈકને કંઈ ગતિવિધિ કરે છે એનો જાપાન ઉગ્ર વિરોધ નોંધાવે છે. ચીન દરેક વખતે ટાપુ નજીકથી યુદ્ધજહાજો પસાર કરીને વિવાદ ખડો કરે છે.

સેનકાકુ ટાપુનો વિવાદ આમ તો જાપાન-ચીન વચ્ચે એક સદીથી પણ જૂનો છે, પરંતુ એ વિવાદમાં આગ લગાડવાનું કામ ૧૯૭૨માં અમેરિકાએ કર્યું હતું. વિવાદના મૂળિયા છેક પહેલી સીનો-જાપાનીઝ લડાઈ સુધી પહોંચે છે. ૧૮૯૪-૧૮૯૫માં ચીનના ક્વિંગ રાજવંશ અને જાપાની સામ્રાજ્ય વચ્ચે જંગ જામ્યો હતો. એ લડાઈમાં જાપાની લશ્કર જીત્યું હતું અને હારેલા ચીનના રાજાએ સંયુક્ત કોરિયાનો હિસ્સો જાપાનને આપ્યો હતો, તાઈવાન સહિત પેંઘુ ટાપુઓ જાપાનને આપી દીધા હતા. તે વખતે જાપાને આ સેનકાકુ ટાપુ પણ કબજે કરી લીધો હતો.

સેનકાકુ ટાપુ સદીઓથી નિર્જન છે. એનો લશ્કરી હેતુ માટે જ ઉપયોગ થતો આવ્યો છે. ચીન આ ટાપુ પર પોતાનો દાવો રજૂ કરતાં છેક ૧૪મી સદીના દસ્તાવેજો બતાવે છે. ચીનના એ સમયના રાજાઓ પાસે ટાપુની માલિકી હતી તે છેક સીનો-જાપાનીઝ વૉર સુધી એનો કબજો ચીન પાસે હતો. જાપાનનો જવાબ કાયમ એ જ રહ્યો છે કે સીનો-જાપાનીઝ વૉરમાં ટાપુ પર જાપાને કબજો કર્યો હતો અને તે વખતના રાજાએ શાંતિ સમજૂતી કરી એમાંય સેનકાકુ જાપાન પાસે રહેવા દીધો હતો. સીનો-જાપાનીઝ લડાઈથી બીજા વિશ્વયુદ્ધ સુધી ટાપુનો કબજો જાપાન પાસે હતો, પરંતુ બીજા વિશ્વયુદ્ધમાં અમેરિકાએ પરમાણુ હુમલા કર્યા પછી જાપાનનો પરાજય થયો. જાપાનના એ ટાપુનો કબજો પણ અમેરિકાએ મેળવી લીધો. સેનકાકુનું સંચાલન અઢી દાયકા સુધી અમેરિકાએ કર્યું. ટિશો અને કૂબા નામના બે વિસ્તારોનો ઉપયોગ તો અમેરિકાએ લશ્કરી હેતુ પણ શરૂ કર્યો હતો, જેનો ચીને વિરોધ કર્યો હતો.

૧૯૭૨માં અમેરિકાએ આ ટાપુનો કબજો ફરીથી જાપાનને સોંપ્યો. તે પછી ટાપુની માલિકીનો વિવાદ નવેસરથી શરૂ થયો. કૈરો કરાર પ્રમાણે જેમ તાઈવાન ચીનને મળ્યું એમ આ ટાપુ પણ મળે એવી માગણી થઈ. જાપાને એને સ્વીકારી નહીં એટલે વાત કદાચ પૂરી થઈ જાત, પરંતુ ૧૯૭૦ના દશકામાં જાણકારી મળી કે ટાપુના પેટાળમાં ગેસ ને ક્રૂડ ઓઈલનો ખજાનો છે. એ પછી ચીન-જાપાન વચ્ચે ટાપુ પર કબજાનો વિવાદ વધ્યો. ૧૯૭૨થી ટાપુનું સંચાલન જાપાન



કરે છે. વિવાદને ધ્યાનમાં રાખીને જાપાને ટાપુ પર કાયમી લશ્કરી મથક બનાવ્યું નથી, પણ છેલ્લાં દોઢેક દશકાથી ચીનની ટાપુ નજીક વધતી દખલગીરીના કારણે જાપાને પણ ટાપુમાં ગતિવિધિ વધારી છે. ચીન વારંવાર ટાપુ પોતાની માલિકીનો હોય એમ કોસ્ટગાર્ડને પેટ્રોલિંગ માટે મોકલે છે.

૨૦૧૨માં જાપાનની સરકારે ટાપુ સમૂહમાંથી ત્રણ ટાપુને ખાનગી કંપનીને ભાડે આપી દીધા. ખાનગી કંપનીએ એમાં કોઈ ગતિવિધિ શરૂ કરી નથી છતાં ચીને એનો ભારે વિરોધ કર્યો. દક્ષિણ ચીની સમુદ્રમાં જેમ ચીન સતત એક્ટિવ રહે છે એમ પૂર્વી ચીની સમુદ્રમાં પણ તેની સક્રિયતા ખૂબ રહેતી આવે છે. આ ટાપુની નજીક ચીનની માલિકીના નાન્જી ટાપુ પર ચીની લશ્કરે નેવી બેઝ બનાવ્યો છે. રડાર સિસ્ટમ ગોઠવી છે. ચીનનો નેવી બેઝ ખૂબ નજીક હોવાથી આ ટાપુની નજીક તેની કોઈને કોઈ એક્ટિવિટી ચાલતી રહે છે. તેની સામે જાપાને પણ યોનાગુની ટાપુમાં સેલ્ફ ડિફેન્સ ગુરપના સૈનિકો તૈયાર રાખ્યા છે. રડાર સિસ્ટમ પણ ગોઠવી છે અને ત્યાંથી આ ટાપુ પર મોનિટરિંગ કરે છે.

ચીનની દખલ વધી જતાં ૨૦૨૩માં જાપાને ઈશિગાકી ટાપુમાં નવું મથક બનાવ્યું છે. ૨૦૩૧ સુધીમાં જાપાન વિવાદિત ટાપુ સેનકાકુ પર જ લશ્કરી ગતિવિધિ વધારે એવી શક્યતા છે. બંને દેશો વચ્ચે આ સિવાયના ટાપુઓ અને જળસીમાને લગતા વિવાદો પણ ચાલતા રહે છે.

એ બધા વચ્ચે જાપાનમાં થોડા સમય પહેલાં સત્તા પરિવર્તન થયું. સનાઈ તાકાઈચી જાપાનના પહેલાં મહિલા વડાંપ્રધાન બન્યાં. તેમણે નવેસરથી ચૂંટણી યોજીને અભૂતપૂર્વ બહુમતી મેળવી લીધી એ પછી આક્રમક વિદેશનીતિ લાગુ પાડી છે. તેમના નેતૃત્વમાં જાપાનમાં બીજા વિશ્વયુદ્ધ પછી પહેલી વખત લશ્કરને મજબૂત બનાવવાનો પ્રસ્તાવ મંજૂર થયો. જાપાને અત્યાર સુધી માત્ર સેલ્ફ ડિફેન્સ માટે જ લશ્કરીદળ રાખ્યું હતુ. ૮૦ વર્ષ પછી એ પૉલિસીમાં પરિવર્તન આવ્યું છે. તાકાઈચી ચીન સામે આક્રમક નિવેદનો આપતા રહે છે. તાકાઈચી તાઈવાન, પૂર્વી ચીની સમુદ્ર અને જળસીમાના બાબતે ચીનને હોંકારા-પડકારા કરતાં હોવાથી બંને દેશોના રાજદ્વારી સંબંધો છેલ્લાં છ-આઠ મહિનાથી બેહદ તંગ બની ચૂક્યા છે.

એવામાં ગયા સપ્તાહે ચીને અચાનક પૂર્વી ચીન સમુદ્રમાં બે હજાર નાવડીઓ તરતી મૂકીને જાપાન-તાઈવાન સામે શક્તિ પ્રદર્શન કર્યું. દરિયામાં ૪૦૦ કિલોમીટર સુધી નાવડીઓની લાઈન કરી દીધી. એ માછીમારીની નાવડીઓ હતી, પરંતુ ચીની નેવીના ઈશારે આ રીતે ખડકવામાં આવી હતી. જાન્યુઆરીમાં ચીનના દરિયામાં આ રીતે એક હજાર નાવડીઓ જોવા મળી હતી. ચીનના આ શક્તિ પ્રદર્શન પછી જાપાન તુરંત હરકતમાં દેખાયું હતું.

જાપાને બીજા વિશ્વયુદ્ધ પછી પહેલી વખત સરહદે ૧૦૦૦ કિલોમીટરની મારક ક્ષમતા ધરાવતી મિસાઈલો તૈનાત કરી દીધી છે. આ મિસાઈલો ચીન પાસેના દરિયાકાંઠે ગોઠવાઈ હોવાથી તંગદિલી વધી છે. ચીને એનો વિરોધ નોંધાવ્યો છે અને તેને ઉશ્કેરણીજનક મિલિટરી એક્ટ ગણાવી છે. જાપાને સંરક્ષણના હેતુથી મિસાઈલો તૈનાત કરી હોવાનો ખુલાસો કર્યો હતો. જાપાને ટાઈપ-૧૨ મિસાઈલો ગોઠવી છે એની ક્ષમતા હજુ હમણાં સુધી માત્ર ૨૦૦ કિલોમીટરની હતી.

હવે તેને અપગ્રેડ કરવામાં આવી છે અને આગામી ચારેક વર્ષમાં તેની ક્ષમતા વધારીને બે હજાર કિલોમીટર કરાશે. પહેલી વખત જાપાની મિસાઈલ રેન્જમાં ચીન આવે છે. અત્યાર સુધી 'સેલ્ફ ડિફેન્સ' પૉલિસી જાળવી રાખનારા જાપાને પહેલી વખત આક્રમક મિલિટરી પૉલિસી લાગુ પાડી છે. જાપાનમાં પરિવર્તનનો આ સંકેત છે. પૂર્વી ચીન સમુદ્રમાં જાપાનની લશ્કરી સક્રિયતા ચીનને દક્ષિણ ચીની સમુદ્રમાં, હિન્દ મહાસાગરમાં બેફામ આગળ વધતું અટકાવવામાં રાખવામાં મદદ કરશે.

## તંત્રી લેખ

# 23 ગેમ્બલીંગ સાઇટ: 500 કરોડની હેરાફેરી,પતાયાથી નેટવર્ક ચાલતું હતું

આઈપીએલ મેચનો જંગ શરૂ થઇ ગયો છે ત્યારે બીજી તરફ આ મેચો પર રમાડાતો સટ્ટો પણ બજારમાં ચર્ચાઇ રહ્યો છે. ક્રિકેટ સત્તાવાળાઓ માટે આ સટ્ટો ડામવો અને તેના સેન્ટરો ચલાવતા લોકોને પકડવા પડકાર સમાન હતું. લગભગ દરેક ક્રિકેટ જંગ વખતે સટ્ટો રમાડનારા પોલીસ તંત્ર સામે પડકાર ઉભો કરતા હોય છે. આઇપીએલ જંગની મેચો પર રમાડાતો સટ્ટો જગ જાહેર હોય છે પરંતુ તેના એજન્ટોના મૂળ સુધી પહોંચી શકાતું નહોતું.

આ સટ્ટા ગેંગ વિદેશમાંથી ઓપરેટ થતી હોઇ તપાસ અધિકારીઓ માટે તે પડકાર સમાન હતું. ઓનલાઇન બેટીંગનું નેટવર્ક આઇપીએલ સિઝનમાં ધમધમતું હોય છે જેમાં અનેક લોકો પૈસા ગુમાવતા હોય છે. બેટીંગ નેટવર્ક ચલાવનારા સુધી પહોંચવાના પ્રયાસોને બહુ સફળતા મળતી નહોતી.

પોલીસે થાઇલેન્ડના પતાયા ખાતે એક ભાડાના મકાનમાં ચાલતું બેટીંગ નેટવર્ક પકડી પાડીને ૬૮ જેટલા ભારતીયોને પકડી પાડયા હતા. પતાયા ભારતના લોકો માટે ટુરીસ્ટ સ્પોટ છે. ગુજરાતીઓ પતાયાની મુલાકાત પસંદ કરતા હોય છે.

થાઇલેન્ડના પતાયામાં લો પ્રોફાઇલ રહીને ભાડાના મકાનમાં રહીને બેટીંગ નેટવર્ક જ્યારે પકડાયું ત્યારે તપાસ અધિકારીઓ પણ ચોંકી ઉઠયા હતા. પતાયામાં બેઠા બેઠા આ ગેંગે એવું નેટવર્ક ગોઠવ્યું હતું કે તેના મૂળ સુધી પહોંચી જ ના શકાય. તેમના પેટા એજન્ટોને પણ ખબર નહોતી કે પૈસાનો વ્યવહાર કેવી રીતે થાય છે.

આખું નેટવર્ક કોઇરીતે જવાબદેહી નહોતું. સટ્ટો રમનારાને કોઇ ભરોસો બેસતો નહોતો. થતાં સટ્ટાના શોખીનો તેમાં નસીબ અજમાવતા હતા.

પતાયામાંથી પકડાયેલા લોકો ટુરીસ્ટ વિઝા પર આવ્યા હતા અને પછી ત્યાંજ રોકાઇને બિઝનેસનું નેટવર્ક ગોઠવતા હતા. પોલીસે તેમને પકડયા ત્યારે મોટાભાગનાએ વિઝાના કાયદાનો ભંગ કરીને રહેતા હતા.પોલીસે બે મકાનો પર રેડ પાડી ત્યારે ખ્યાલ આવ્યો હતો કે બધા જ ઇન્ડિયન હતા અને બેટીંગ નેટવર્ક મકાનમાં બેસીને ચલાવતા હતા.

શરૂઆતમાં જ્યારે બે મકાનો પર રેડ પડાઇ ત્યારે જાણવા મળ્યું હતું કે આખું નેટવર્ક વર્ષે દહાડે ૫૦૦ કરોડ રૂપિયાની હેરાફેરી કરે છે.

વિદેશથી ઓપરેટ કરાતી ૨૩ જેટલી ગેમ્બલીંગ સાઇટ પર પોલીસે વોચ રાખી હતી. એમ મનાતું હતું કે કોઇ વિદેશની ગેંગ તે ચલાવી રહી છે. પરંતુ ગેમ્બલીંગ વેબસાઇટનું પગેરૃ થાઇલેન્ડના પતાયા સુધી પહોંચ્યું હતું.

બેટીંગ નેટવર્ક ચલાવનારા એક સાઇટ પરથી રોજના છ લાખ રૂપિયાની હેરાફેરી કરતા હતા. એક જ રૂમમાં બેસીને આ લોકો ૨૩ ગેમ્બલીંગ સાઇટ ચલાવતા હતા.

રોજની ૫૬ લાખ રૂપિયાની હેરાફરી કરનારા મેઇન એજન્ટે ૩૫થી ૫૦,૦૦૦ પગારના ૫૦ જેટલા ઓપરેટરો રાખ્યા હતા. તેમાંથી ૨૫ તો ઇન્ડિયન હતા. તેમને રોટેશનમાં ડયૂટી સોંપાતી હતી.

ગેરકાયદે બેટીંગ નેટવર્ક ચલાવનારા પર સરકારે કડક કાર્યવાહી કરી છે. ગેરકાયદે ચાલતી ૮,૪૦૦ જેટલી વેબસાઇટો અને એપ સરકારે બ્લોક કરી છે.

જેમાં બહુ જાણીતી એવી પારીમેચ,ડેફા બેટ,ફેરપ્લે વગેરેનો સમાવેશ થાય છે. બ્લોક કરેલી વેબસાઇટો ઓનલાઇન ગેમીંગ એક્ટ ૨૦૨૫નો ભંગ કરતી હતી. આ વેબસાઇટો વિદેશથી ઓપરેટ કરાતી હતી.

સત્તાવાળાઓએ ઓનલાઇન બેટીંગ સાઇટોનો ઉપયોગ કરતા લોકોને ચેતવ્યા છે અને કહ્યું છેકે આવી સાઇટો ફ્રોડ નેટવર્ક અને મની લોન્ડરીંગ જેવી પ્રવૃત્તિ કરતી હોય છે.

28 ફેબ્રુઆરીએ જ્યારે યુદ્ધ શરૂ થયું ત્યારે જ ફ્રાન્સ, જર્મની, ઈટાલી, બ્રિટન જેવા નાટો સભ્ય દેશોએ આ યુદ્ધથી અંતર જાળવ્યું હતું. તેમણે ખાડી દેશોમાં પોતાના યુદ્ધ જહાજ મોકલવાની પણ મનાઈ કરી દીધી હતી. થોડા સમય પહેલા જ જાપાન અને કેનેડા સાથે યુરોપીયન યુનિયનના દેશોએ પણ હોર્મુઝની ખાડી ખોલવા માટે સંયુક્ત નિવેદન આપ્યા હતા : બીજા વિશ્વ યુદ્ધ બાદ એટલે કે અંદાજે 75 વર્ષ પહેલાં અમેરિકાના પૈસા અને પાવરની મદદથી આ સંગઠનની રચના કરવામાં આવી હતી. તેમાં અમેરિકા સૌથી મોટું સભ્ય છે. અમેરિકા ખસી જાય તો આ સંગઠન પાયમાલ થઈ જાય તેવું દેખાઈ રહ્યું છે. તેના કારણે નાટો ઉપર જ નહીં પણ વૈશ્વિક ધોરણે સમસ્યાઓ સર્જાય તેમ છે

# ટ્રમ્પ ઈચ્છે તો પણ અમેરિકા સરળતાથી નાટો છોડી શકે તેમ નથી

## અમેરિકાએ પોતે જ બનાવેલા કાયદાના કારણે ટ્રમ્પ 75 વર્ષ જૂના આ ગઠબંધનથી છેડો ફાડી શકે તેમ નથી




ઈરાન સામેના યુદ્ધમાં તમામ મોરચે ભીંસમાં આવેલા અમેરિકી પ્રમુખ હવે બીજી બાબતો અને મુદ્દા તરફ હવાતિયા મારી રહ્યા છે. ઈરાનને આક્રમક હુમલા પછી પણ કાબુ ન કરી શકનારા ટ્રમ્પ હવે નાટો સંગઠનને દબાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. નોર્થ એટલેન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન એટલે કે નાટો સભ્ય દેશો અમેરિકાને મદદ નથી કરી રહ્યા હોવાની ટ્રમ્પની પીપુડી હજી બંધ થઈ નથી. તેઓ આરોપ મુકી રહ્યા છે કે, હોર્મુઝની ખાડી ખોલવા માટે અમેરિકા ઈરાન ઉપર દબાણ બનાવવા માગે છે પણ નાટો દેશો તેમને મદદ કરી રહ્યા નથી. ઉલ્લેખનીય છે કે, અમેરિકાના સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રૂબિયો પણ આ અંગે આક્રમક થઈ રહ્યા છે. તેમણે પણ ટ્રમ્પના પગલે જણાવ્યું કે, અમેરિકાએ હવે નાટો સાથેના સંબંધો અંગે ફેરવિચાર કરવાનો સમય પાકી ગયો છે. તેમણે મોઘમ રીતે અમેરિકી પ્રમુખની ઈચ્છાને સમર્થન આપ્યું હોવાની ચર્ચા ચાલી રહી છે. બીજી તરફ જાણકારો માને છે કે, અમેરિકા અને ટ્રમ્પ ગમે તેટલા ધમપછાડા કરી લે પણ તેઓ સરળતાથી નાટોથી જુદા પડી શકે તેમ નથી. અમેરિકાના પોતાના જ કાયદા તેને આ પગલું ભરતા રોકી શકે છે.

મહત્ત્વની વાત એ છે કે, અમેરિકા જ્યારે ઈરાન સામે આક્રમક નિવેદનો કરી રહ્યું હતું અને ૨૮ ફેબ્રુઆરીએ જ્યારે યુદ્ધ શરૂ થયું ત્યારે જ ફ્રાન્સ, જર્મની, ઈટાલી, બ્રિટન જેવા નાટો સભ્ય દેશોએ આ યુદ્ધથી અંતર જાળવ્યું હતું. તેમણે ખાડી દેશોમાં પોતાના યુદ્ધ જહાજ મોકલવાની પણ મનાઈ કરી દીધી હતી. થોડા સમય પહેલા જ જાપાન અને કેનેડા સાથે યુરોપીયન યુનિયનના દેશોએ પણ હોર્મુઝની ખાડી ખોલવા માટે સંયુક્ત રીતે જે પ્રયાસ કરવામાં આવ્યા તે અંગે કેટલાક નિવેદન જારી કર્યા હતા. સ્પેનિશ વડા પ્રધાન પેડ્રો સાન્ચેઝે જણાવ્યું હતું કે, આ યુદ્ધ અયોગ્ય છે અને અન્યાયપૂર્ણ છે. તેના કારણે ટ્રમ્પ ગિન્નાયા હતા. આ ઉપરાંત સ્પેને ઈરાન ઉપર હુમલા કરવા માટે અમેરિકી એરક્રાફ્ટ્સ અને ફાઈટર જેટ્સ માટે પોતાની એરસ્પેસ પણ બંધ કરી દીધી હતી.

બીજી તરફ ઈટાલીના જ્યોર્જિયા મેલોનીએ પણ આ યુદ્ધને આંતરરાષ્ટ્રીય કાયદાઓનો ભંગ ગણાવ્યું હતું. તેમણે અમેરિકા અને ઈઝરાયેલના પગલા અને કામગીરીને આત્યાંતિક ગણાવ્યા હતા. તે ઉપરાંત ઈટાલીએ સિસિલી ખાતેના સિગોનેલા એરબેઝનો ઉપયોગ કરવાની પણ અમેરિકાને મનાઈ કરી હોવાના અહેવાલો આવ્યા હતા. બ્રિટન સરકારે પણ થોડા સમય માટે અમેરિકાને તેનો એરબેઝ ઉપયોગ માટે આપ્યો પણ ત્યારબાદ અમેરિકી મનસુબા જાણીને તેના ઉપર મનાઈ કરી દીધી છે. બ્રિટને સખત શબ્દોમાં જણાવ્યું કે, આ અમારું યુદ્ધ નથી અને અમે તેમાં સંડોવણી થાય તેમ ઈચ્છતા નથી. ફ્રાન્સે પણ આ યુદ્ધમાં પોતાની એરસ્પેસનો ઉપયોગ કરવા સામે વાંધો લીધો હતો. તેમણે ઈઝરાયેલ ઉપર પ્રતિબંધ મુક્યો હતો. પોલેન્ડે પણ પોતાની એર ડિફેન્સ સિસ્ટમ મોકલવાની મનાઈ કરી દીધી હતી. નાટો દેશના આ વલણને કારણે જ અમેરિકા રોષે ભરાયું છે અને નાટો સંગઠન છોડવા ધમકી આપી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, નોર્થ એટલાન્ટિક ટ્રિટી ઓર્ગેનાઈઝેશન એટલે કે નાટો ૩૨ દેશોનો એક સમૂહ છે. તેની સૌથી મોટી તાકાત તેનો આર્ટિકલ પણ છે. આ આર્ટિકલમાં એવું કહેવાયું છે કે, ગઠબંધનના કોઈપણ સભ્ય દેશ પર હુમલો થાય તો તે સંગઠન ઉપર હુમલો થયેલો ગણાશે અને તેનો આકરો જવાબ આપવામાં આવશે. બીજા વિશ્વ યુદ્ધ બાદ એટલે કે અંદાજે ૭૫ વર્ષ પહેલાં અમેરિકાના પૈસા અને પાવરની મદદથી આ સંગઠનની રચના કરવામાં આવી હતી. તેમાં અમેરિકાનું સૌથી મોટું સભ્ય છે. અમેરિકા ખસી જાય તો આ સંગઠન પાયમાલ થઈ જાય તેવું દેખાઈ રહ્યું છે. તેના કારણે નાટો ઉપર જ નહીં પણ વૈશ્વિક ધોરણે સમસ્યાઓ સર્જાય તેમ છે.

જાણકારો માને છે કે, અમેરિકી પ્રમુખ ટ્રમ્પ ભલે એવું માનતા કે તેઓ કહેશે એટલે અમેરિકા નાટોમાંથી છૂટું થઈ જશે. હકિકતે તેવું શક્ય નથી. અમેરિકામાં તેના પ્રમુખ કરતા પણ કાયદા વધારે મહત્ત્વના છે.

ટ્રમ્પના આ બદઈરાદાને રોકવા માટે અમેરિકી સંસદ પહેલેથી જ કિલ્લાબંદી કરીને બેઠી છે. ઉલ્લેખનીય છે કે, નાટોની સ્થાપના ૧૯૪૯માં એક સંધી થકી કરવામાં આવી હતી. આ સંધિ દરમિયાન જે બંધારણ રચાયું તેના આર્ટિકલ ૧૩ હેઠળ દરેક સભ્ય દેશને આ સંગઠન છોડવાનો અધિકાર મળે છે. જે દેશ સંગઠન છોડવા માગે તેણે અમેરિકાની સરકારને એક નોટિસ પાઠવવાની હોય છે. આ નોટિસ આપ્યાના એક વર્ષ બાદ જે-તે દેશ આ સંગઠન છોડી શકે છે. આ એક વર્ષમાં તે દેશે ફરજિયાત રીતે નાટોની તમામ શરતોનું પાલન કરવું પડે છે. આ કેસમાં ટ્રમ્પ તે કરી શકે તેમ જ નથી.

ટ્રમ્પ કોઈપણ પ્રકારના કાયદામાં બંધાય કે તેને આધિન રહીને કામગીરી કરે તેવા છે નહીં. તેઓ ગમે ત્યારે ગમે તે આદેશ જારી કરીને પગલાં લઈ શકે છે. તેઓ કદાચ જો અમેરિકી કાયદાની ચુંગાલમાં ફસાઈ જશે તો તેઓ નાટોને છોડવાનો વિચાર માંડી વાળશે. બીજી તરફ તેઓ નાટોને અંદરથી ખોખલું કરી દેવાની કામગીરી શરૂ કરશે. તેના માટે તેમને કોઈની પણ મંજૂરી લેવાની જરૂર નથી. તેઓ નાટોના બજેટમાં અમેરિકાનો ભાગ બંધ કરી દેશે. યૂરોપ અને ખાસ કરીને જર્મની અને પોલેન્ડમાં સજ્જ અમેરિકી સૈનિકો પરત બોલાવી શકે છે. તે જાહેરમાં પણ કહી શકે છે કે, હવે કોઈ નાટો દેશ ઉપર હુમલા થયા કે રશિયાએ કંઈ કર્યું તો અમેરિકા તેને બચાવવા નહીં આવે. આ રીતે ટ્રમ્પ નાટોને તોડયા વગર જ અંદરથી ખોખલું કરી નાખશે.

બીજી વાત એ છે કે, અમેરિકાની આ આડોડાઈમાં અમેરિકી વિદેશ મંત્રી માર્કો રૂબિયો પણ રસપ્રદ રીતે કામ કરી રહ્યા છે.

૨૦૨૩માં નાટો અંગે જ્યારે અમેરિકી કાયદો તૈયાર થયો ત્યારે તેના સર્જનમાં જે ટીમ હતી તેમાં માર્કો રૂબિયો પણ જોડાયેલા હતા. તેમણે આ કાયદાને અમેરિકાની સુરક્ષા માટે અત્યંત જરૂરી કાયદો જણાવ્યો હતો. ટ્રમ્પ સરકારમાં વિદેશ મંત્રી બનતાની સાથે જ રૂબિયોના નિવેદનો અને ઈરાદા બદલાવા લાગ્યા છે. તેમણે નાટોને એકતરફ સંગઠન હોવાનો ટોણો માર્યો હતો. આ ઉપરાંત તેમણે એવું પણ કહ્યું કે, અમેરિકાએ નાટો સંગઠનમાં જોડાયેલા રહેવા અંગે ફેરવિચાર કરવો જોઈએ.

જાણકારો માને છે કે, ટ્રમ્પની આ ધમકીઓ હાલમાં તો દબાણ બનાવવાની ટેકનિક હોય તેમ લાગી રહ્યું છે. તેઓ ભય અને દબાણની રાજનીતિ અમલમાં મૂકી રહ્યા હોય તેમ દેખાઈ રહ્યું છે.

તેઓ ઈચ્છે છે કે, યૂરોપના દેશો પોતાની સુરક્ષા માટે હવે આત્મનિર્ભરતા કેળવે અને અમેરિકા ઉપર ઓછો આધાર રાખે. ૨૦૨૩ના કાયદાએ ટ્રમ્પને મર્યાદાની મજબૂત સાંકળોથી બાંધી રાખ્યા હોય તેમ દેખાઈ રહ્યું છે.

જ્યાં સુધી ટ્રમ્પની ઈચ્છાને અમેરિકી સંસદની મંજૂરી નહીં મળે અને ટ્રમ્પના વિચારો સંસદમાં પસાર નહીં થાય ત્યાં સુધી અમેરિકા નાટોનું સભ્ય રહેવાનું જ છે.

ઉલ્લેખનીય છે કે, આ કોઈ પહેલી વખત નથી કે ટ્રમ્પ દ્વારા નાટો છોડવા માટે ધમકીઓ આપવામાં આવી હોય કે ઈચ્છા વ્યક્ત કરવામાં આવી હોય. ટ્રમ્પે પોતાના પહેલા કાર્યકાળ દરમિયાન પણ અવારનવાર આવી ધમકીઓ આપી હતી. તેના પગલે જ અમેરિકી કોંગ્રેસ સાવચેત થઈ ગઈ હતી. વર્ષ ૨૦૨૩માં અમેરિકી કોંગ્રેસે ડિસેમ્બર મહિનામાં એક સખત કાયદો પસાર કરી દીધો હતો.

તેમાં સ્પષ્ટ જણાવાયું હતું કે, કોઈપણ અમેરિકી પ્રમુખ ઈચ્છે ત્યારે અને ઈચ્છે તે રીતે નાટો છોડી શકે નહીં. તે પોતાની રીતે એક તરફી નિર્ણય કરીને નાટોમાંથી બહાર નીકળી શકે નહીં. ટ્રમ્પ જો હાલમાં નાટોમાંથી બહાર નીકળવા માગતા હોય તો તેમણે અમેરિકી સેનેટના ૧૦૦ સભ્યોમાંથી ૬૭ સભ્યોનું સમર્થન મેળવવું પડે. વર્તમાન સમયમાં અમેરિકી રાજકારણમાં ટ્રમ્પ માટે આ વોટ ભેગા કરવા અશક્ય છે. આ ઉપરાંત તેમણે અમેરિકી સેનેટના બંને ગૃહોની સંયુક્ત બેઠક બોલાવીને વિશેષ બિલ પસાર કરવું પડે જેમાં તેઓ નાટોમાંથી બહાર નીકળવાનો પ્રસ્તાવ મુકે. અમેરિકાના કોઈપણ પ્રમુખ માટે હાલના સમયમાં આ કરવું લગભગ અશક્ય છે, કારણ કે અમેરિકામાં રાષ્ટ્ર પ્રમુખ પાસે તમામ સત્તા હોતી નથી.

ટ્રમ્પના તુંડમિજાજ અને અવિચારી નિર્ણયો અંગે પણ જાણકારો અસમંજસમાં છે. તેઓ માને છે કે, ટ્રમ્પ ગમે ત્યારે અને ગમે તે નિર્ણય કરવા માટે જાણીતા છે. તેઓ અવિચારી પગલાં ભરે છે. તેઓ આ નિયમને બાયપાસ કરવા માટે ગમે તેવા ગતકડાં કરી શકે છે અને કાયદાકિય રણનીતિઓનો ઉપયોગ કરી શકે છે. ટ્રમ્પ આ મુદ્દાને સુપ્રીમ કોર્ટમાં લઈ જઈ શકે છે.

ત્યાં તેઓ વિદેશ નીતિ અને આંતરરાષ્ટ્રીય સંધિઓ ઉપર અંતિમ નિર્ણય લેવાનો વિશેષાધિકાર રાષ્ટ્રપ્રમુખ પાસે હોવો જોઈએ તેવી દલીલો કરી શકે છે. આ રીતે તે સંસદનો એકડો કાઢવા મથે તેમ દેખાઈ રહ્યું છે. આ મુદ્દે તેઓ સંસદના ૨૦૨૩ના કાયદાને ગેરલાયક અને ગેરબંધારણીયા જાહેર કરાવી શકે છે. સુપ્રીમ કોર્ટમાં રહેલા તેમની પસંદગીના જજની પેનલ ટ્રમ્પની તરફેણમાં ચુકાદો આપી શકે છે. ટ્રમ્પ આ બધા વચ્ચે જો એક નોટિસ જારી કરીને એક્શન લેવાના આદેશ આપી દે તો મોટું બંધારણીય સંકટ સર્જાય તેમ છે. ત્યારબાદ અમેરિકી સેનેટ અને સુપ્રીમ વચ્ચે લાંબો કાયદાકીય સંઘર્ષ ચાલે તેમ લાગી રહ્યું છે.

# નવી વસ્તી ગણતરી રાજકીય સમીકરણો બદલી નાખશે



આજના રાજકારણમાં વિવિધ જાતીઓના મતદારો ભવિષ્ય બદલી શકે છે. દેશમાં થનારી હવે પછીની વસ્તી ગણતરી ફક્ત આંકડાકીય ગણતરી નહીં હોય. આ વસ્તી ગણતરી નક્કી કરશે કે કોને કેટલી સગવડો મળશે અને સત્તાની ચાવી કોના હાથમાં રહેશે. ભારતનું રાજકારણ હંમેશા જાતીવાદ આધારીત રહ્યું છે. છેલ્લે ૧૯૩૧માં જાતી આધારીત વસ્તી ગણતરી થઈ હતી. આઝાદી પછી દરેક સરકારે જાતી આધારીત વસ્તી ગણતરી કરવી યોગ્ય માની નહોતી. દેશની આજની મોટા ભાગની યોજનાઓ અને અનામતની નીતિ ૯૦ વર્ષ જૂના આંકડાઓને આધારે બની છે. જાતી આધારીત વસ્તી ગણતરી કરવાનું કામ સહેલું નથી. કોઈ વ્યક્તિ પોતાની જાતી બતાવે છે તો એના પુરાવા મેળવવા સહેલા નહીં હોય. એક રાજ્યમાં કોઈ જાતીને સામાન્ય ગણવામાં આવે છે એ જ જાતીની ગણના બીજા રાજ્યમાં પછાત તરીકે થાય છે. હવે પછી થનારી વસ્તી ગણતરી એક સામાન્ય પ્રક્રિયા નહીં હોય. આ વસ્તી ગણતરી દેશનું રાજકારણ અને સામાજીક બંધારણ પણ બદલશે.

સંસદમાં માહિતી આપતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દાવો કર્યો હતો કે દેશભરના નક્સલવાદને ખતમ કરવામાં સફળતા મળી છે. રાજકારણીઓ આ માટે જશ લઈ રહ્યા છે, પરંતુ હકીકત એ છે કે, સુરક્ષાદળોની શહીદી અને ચેલેન્જને પહોંચી વળવાની એમની આવડતનો ફાળો નક્સલીઓને પરાસ્ત કરવામાં અગત્યનો રહ્યો છે. જંગલો અને પહાડી વિસ્તારમાં સંદેશાવ્યવહાર ખૂબ મુશ્કેલ હતો. સીઆરપીએફના જવાનોએ સતત જીવના જોખમે નક્સલ વિસ્તારમાં કામગીરી કરી છે. સૌથી પહેલા ૨૦૦૩માં સીઆરપીએફના જવાનોને નક્સલ વિસ્તારોમાં મોકલવામાં આવ્યા હતા. નક્સલવાદીઓનો ડર ગામવાસીઓમાં હોવાથી ખાનગી માહિતી મેળવવી ખૂબ અઘરી હતી. નક્સલ પ્રભાવીત વિસ્તારોની ભૌગોલીક સ્થિતિ એક સરખી નહોતી. કોઈ જગ્યાએ પહાડો, કોઈ જગ્યાએ જંગલો તો કોઈ જગ્યાએ નદી-નાળા હતા. મેસેજ મેળવવા માટે મોબાઈલને ઝાડ પર લટકાવી રાખવા પડતા હતા, કારણ કે સિગ્નલો પકડવા મુશ્કેલ હતા.

તામિલનાડુના મુખ્યમંત્રી એમ કે સ્ટાલીનએ ભાજપ પર ગંભીર આક્ષેપ કર્યો છે. એમણે કહ્યું છે કે ભાજપ રાજ્યમાં હિંસા ભડકાવવાનું કાવતરૃ કરે છે. એમના પક્ષે કાવતરાને નિષ્ફળ બનાવ્યું છે. ઉત્તર પ્રદેશ અને મણીપુરની લાઈન પર તામિલનાડુમાં હિંસા ફેલાવવાનું કાવતરૃ ઘડવામાં આવ્યું હતું. સ્ટાલીને કહ્યું હતું કે, તામિલનાડુમાં જાતીવાદી અને કોમવાદી હિંસા ક્યારેય નથી થઈ. આ પ્રકારની હિંસા ભાજપ શાસીત રાજ્યો જેવા કે ઉત્તર પ્રદેશ અને મણીપુરમાં જોવામાં આવી છે. તામિલનાડુમાં ડીએમકેની સરકાર હોવાથી રાજ્યમાં શાંતિ છે. જો તેઓ ફરીથી સત્તા પર આવશે તો મહિલાઓને જોઈએ એવા ઘરેલું સાધનો ખરીદવા માટે આઠ હજાર રૂપિયાની કૂપનો આપવામાં આવશે. મહિલાઓને અપાતી માસિક સહાયતા બમણી કરવામાં આવશે. એ જ રીતે કોલેજ જનારા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે અપાતા એક હજાર રૂપિયા વધારીને પંદરસો રૂપિયા કરવામાં આવશે.

કેરળ હાઈકોર્ટે કેન્દ્રીય રાજ્યમંત્રી સુરેશ ગોપીને મોટો આંચકો આપ્યો છે. કોર્ટે એમની ચૂંટણીને પડકારતી અરજી વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી છે. જસ્ટીસ કૌસર એડપ્પાગથએ આ ચૂકાદો આપ્યો હતો. હવે સુરેશ ગોપીએ ટ્રાયલનો સામનો કરવો પડશે. ત્રિશૂરમાં રહેનાર એઆઈવાયએફ નેતા બિનોઈ એએસએ સુરેશ ગોપી વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી હતી. બિનોઈએ એમની ફરિયાદમાં આરોપ મૂક્યો હતો કે સુરેશ ગોપીએ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પ્રચાર વખતે ખોટી રીતરસમો અપનાવી હતી. ચૂંટણી જીતવા માટે એમણે ધાર્મિક ચિન્હોનો ખોટો ઉપયોગ કર્યો હતો. સુરેશ ગોપી હમણા કેન્દ્રમાં પેટ્રોલિયમ, કુદરતી ગેસ અને પર્યટન મંત્રાલયમાં રાજ્યમંત્રી છે. તેઓ ૨૦૨૪ની ચૂંટણી કેરળની ત્રિશૂર લોકસભા બેઠક પરથી જીત્યા હતા. ગયા અઠવાડિયે ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ ઓડિસાના ભૂતપૂર્વ મુખ્યમંત્રી બીજુ પટનાયક વિશે કહેલી વાતને કારણે એમની ખૂબ ટીકા થઈ હતી. હવે નિશિકાંત દુબેએ માફી માંગી લીધી છે. નિશિકાંત દુબેએ સોશ્યલ મીડિયા પર એક પોસ્ટ મૂકીને લખ્યું છે કે, એમના નિવેદનનું ખોટુ અર્થઘટન કરવામાં આવ્યું હતું અને એ એમના વ્યક્તિગત વિચારો હતા. એમણે લખ્યું હતું કે, 'ગયા અઠવાડિયે મીડિયા સાથે વાત કરતા મે નેહરૂ - ગાંધી પરિવારના કારનામાઓ વિશે વાત કરી હતી. એ વખતે ભૂતપૂર્વ મુખ્યમંત્રી બીજુ પટનાયક વિશે કહેલી વાતનો ખોટો અર્થ કાઢવામાં આવ્યો. એ નિવેદન મારૂ વ્યક્તિગત હતું. નેહરૂ વિશેનો મારો વિચાર બીજુ પટનાયક માટે ગણવામાં આવ્યો. બીજુ બાબુ હંમેશા અમારા માટે ઉંચા કદના નેતા રહ્યા છે અને રહેશે. જો મારા નિવેદનથી કોઈને દુ:ખ થયું હોય તો હું માફી માંગુ છું.'

આઈએએસ તરીકે રાજીનામુ આપ્યા પછી રીંકુ સિંહે આઈએએસ એસોસીએશનને એક પત્ર લખ્યો છે. એમણે કહ્યું છે કે, હું અત્યંત વિનમ્રતાપૂર્વક માર્ગદર્શન માંગુ છું. એસોસીએશનમાંથી મારી હકાલપટ્ટી કરવા માટેની પ્રક્રિયા કઈ છે? એસોસીએશનએ મારા જેવા સિનિયર અધિકારીઓની ચિંતા બાબતે સતત અવગણના કરી છે. એસોસીએશનના વ્યવહારની અસર મારા મનોબળ પર પણ થઈ છે. રીંકુ સિંહ યુપી કેડર ૨૦૨૩ની બેચના અધિકારી હતા. યોગ્ય કામ નહીં મળવાથી નારાજ થયેલા રીંકુ સિંહે રાજીનામું આપી દીધું હતું. એમણે રાજીનામું રાષ્ટ્રપતિને મોકલ્યું છે અને એની નકલ ચીફ સેક્રેટરી તેમજ બીજા અધિકારીઓને પણ મોકલી છે. રીંકુ સિંહ મહેસુલ ખાતામાં હતા. તેઓ અલીગઢના રહેવાસી છે અને એમણે બીટેક એમએનો અભ્યાસ કર્યો છે.

અમેરિકા - ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધને કારણે વિશ્વ અનેક મુશ્કેલીઓમાંથી પસાર થઈ રહ્યું છે. હવે મળતા સમાચાર પ્રમાણે વિશ્વભરની ઈન્ટરનેટ સેવા બંધ થઈ જવાનું જોખમ ઉભુ થયું છે. હોર્મૂઝ ખાડીના દરિયા નીચેથી ઈન્ટરનેટ કેબલ્સ લાઈન પસાર થાય છે. જો યુદ્ધને કારણે કેબલ્સને નુકસાન થાય તો વિશ્વ આખામાં ઈન્ટરનેટની સ્પીડ ઘટી શકે છે કે બંધ થઈ શકે છે. સમૂદ્ર નીચેથી ૯૭ ટકા ઈન્ટરનેટ લાઈન પસાર થાય છે. વિશ્વનો લગભગ ૯૫ થી ૯૭ ટકા ડેટા ફાયબર ઓપ્ટીક કેબલ્સથી ટ્રાન્સફર થાય છે. ભારતની ડીજીટલ ઈકોનોમી દરિયાઈ માર્ગ પર નિર્ભર છે. જો કેબલને નુકસાન થાય તો ટ્રાફિકને લાંબા અંતરે ડાયવર્ટ કરવો પડશે. વિડિયો કોલ કરવા પણ મુશ્કેલ બનશે. કેબલ કપાવાથી કંપનીઓને પણ મોટુ નુકસાન થશે.

# માત્ર ચાર ચરણનાં દોહા થી મા ભગવતી રત્નાવલી એ તુલસીદાસજીને જાગૃત કર્યા!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

ભગવતી યમુનાનાં તટ પર માનસ રત્નાવલીની કથાનો પ્રારંભ કરતાં પૂજ્ય બાપુએ કહ્યું કે ચૈત્ર નવરાત્રીનાં આ પાવન દિવસોમાં રામકથાનું અવતરણ થયું, અને આ રામકથા આપણને માતા ભગવતી રત્નાવલીની કૃપાથી પ્રાપ્ત થઈ છે, તો આપણે આ ચૈત્રી નવરાત્રીમાં એને વિશે જ ચિંતન કરીશું! આ રત્નાવલી ધામથી આ ધરાનું મહત્વ ગવાવુ જોઈએ! તુલસીદાસજીને અહીં રાગ થયો, પછી વૈરાગ્ય થયો, અને એ વૈરાગ્ય એમને રામ અનુરાગ સુધી લઈ ગયો. યમુનાજીને કલીમલ હરની માનવામાં છે, તો તુલસીદાસજી એ રામચરિત માનસમાં રામકથાને પણ 'મંગલ કરની કલીમલ હરની' કહી છે. અહીં ગંગા યમુનાનો સંગમ નથી,પણ યમુના અને તુલસીની યમુનાનો સંગમ છે, એક પાણી રૂપે અને બીજું તુલસીની વાણી રુપે! આ એ ભૂમિ છે જ્યાં મધ્યરાત્રીએ બે દિલ મળ્યા હતાં,એક રત્નાવલીનું અને બીજું તડપતુ તુલસીનું.

આપણે ત્યાં ચાર નવરાત્રની વાત આવી છે, એમાં ચૈત્ર અને અશ્વિન બે પ્રત્યક્ષ અને માઘ અને અષાઢ બે ગુપ્ત નવરાત્રિ! ગુપ્ત નવરાત્રિ તંત્ર માર્ગીય માટે છે! જોકે હવે તો બધી નવરાત્રીમાં તંત્ર સાધના થાય છે! પરંતુ વ્યાસપીઠ એક પાંચમું નવરાત્ર ઉમેરે છે, અને એ છે 'નૂતન નવરાત્ર' એટલે કારતક સુદ એકમ થી નોમ! આ વાત કોઈ ગ્રંથ કે શાસ્ત્રમાં નહીં મળે, મોરારીબાપુની નિજ નિષ્ઠા મને આવું કહેવા પ્રેરે છે, દાદાજી કહેતાં બેટા કે આ પાંચ નવરાત્રમાં માનસનો પાઠ કરવાથી આગળ ઉપર આવનારા વળાંકમાં સ્થિરતા રહેશે! પહેલાં વર્ષમાં 36 વાર માનસનો પૂરેપૂરો પાઠ થતો, હવે ઘટતું ગયું છતાં માસ પારાયણ અને આ પાંચ નવરાત્રમાં નવાન એમ હજી ભગવત કૃપાથી અખંડ છે.

મેં સતવા બાબાને કહ્યું કે અહીં મેહવા ઘાટ કે જેને મેં રત્નાવલી ધામ નામ આપ્યું છે, ત્યાં એક રામજી મંદિર હોય અને એમાં તુલસી તથા રત્નાવલીની મૂર્તિ હોય, અને મદન ભૈયા એ તરત એ બોલ ઝીલી લીધો. કથાનો મુખ્ય વિષય રત્નાવલી રહેશે! ભગવત્ ગોમંડળમાં રત્નાવલીનાં ઘણાં અર્થ થાય છે, પણ એક અર્થ છે રત્નોનો હાર, રત્નની જયમાળા! આપણે નવ દિવસ રત્નાવલીનાં અર્થ અને રામચરિત માનસ માંથી એનો સંદર્ભ લઈ સાત્વિક તાત્વિક સંવાદ કરીશું.

રામચરિત માનસમાં મા જાનકીનું વર્ણન ખૂબ છે, વાલ્મિકી તો સીતાનું ચરિત જ મહત્વનું ગણે છે.ઘણાં સીતાયન પણ લખે છે. કૌશલ્યા આદિ માતાઓનું વર્ણન પણ છે, જે દિવ્ય ચરિત્ર છે એનો ઉલ્લેખ છે, જોકે ઘણાં ઉર્મિલા, શ્રુતકીર્તિ અને માંડવી વિશે યથા યોગ્ય ઉલ્લેખ નથી થયો, એવી વાત પણ કરે છે! રત્નાવલી કે જેણે તુલસીને સંત બનાવી દીધાં, પરમસંત બનાવી દીધાં એ રત્નાવલીનું નામ ગ્રંથમાં ક્યાંય નથી, અને જ્યારે રત્નાવલીનો અર્થ રત્નોની માળા થાય, ત્યારે વિચાર્યું કે જે પંક્તિમાં રત્ન શબ્દ આવતો હોય, એનો આશરો કરીને, નવ દિવસ આપણે રત્નાવલીનું સ્મરણ કરીશું. પહેલી પંક્તિ બાલકાંડમાંથી લીધી છે, જ્યાં નામ મહિમાની ચર્ચા થઈ છે, અને તુલસીદાસજી રતન શબ્દનો પ્રયોગ કરે છે, બીજી પંક્તિ અયોધ્યાકાંડની જ્યારે ભરતજી પ્રભુની આજ્ઞા શિરોધાર્ય કરીને ચિત્રકૂટથી પાછા ફરે છે, એ વખતે પાદુકાનું અદભુત દર્શન કરાવીને તુલસી રતન શબ્દનો પ્રયોગ કરે છે, તો આપણે આ બે પંક્તિઓ લઈને માનસ રત્નાવલી ગાઈશું.

જેવી રીતે માનસના સાત સોપાન છે એવી જ રીતે તુલસીની આસપાસ સાત રત્ન છે. પહેલું તુલસી, સ્વયં એક રત્ન છે, વિશ્વનું એવું રત્ન કે જેણે રામચરિતમાનસ આપ્યું. બીજું રત્ન એ મહાપુરુષ જેણે તુલસી જેવા સંતને જન્મ આપ્યો, એ આત્મારામ દુબે. ત્રીજું રત્ન છે તુલસીની માતા હુલસી. ચોથુ રત્ન તુલસીને જેણે મોટા કર્યા એ દાસી કારણકે માં તો મરી ગઈ હતી. પાંચમું રત્ન તુલસીની પ્રથમ ગુરુદેવી રત્નાવલી. છઠ્ઠું રત્ન તુલસીના સદગુરુ નરહરી મહારાજ અને સાતમુ રત્ન છે રામ નામ મારી દ્રષ્ટિએ આ સાત રત્ન છે, અને રત્નાવલી જેનું સ્મરણ આપણે કરીશું, એ એક માળાના મણિમાં મેરુનું સ્થાન ધરાવે છે. તુલસીની આ સપ્ત મણકાની માળામાં રત્નાવલી મેરુ છે.

અસ્થિ ચર્મ મય દેહ યહ તા સો એસી પ્રીતિ,
નેકું જો હોતી રામ સે તો કાહે ભવ ભીતિ.

તુલસીએ સાત સોપાનમાં રામચરિત માનસ આપીને વિશ્વને જાગૃત કર્યું, જ્યારે આ દેવી રત્નાવલી એ વિશ્વને જાગૃત કરનારાં મહાપુરુષને માત્ર ચાર ચરણ વાળા દોહાથી જાગ્રત કરી દીધા તો રત્નાવલીના બે અર્થ થશે, એક તો રત્નાવલી નું સ્મરણ, જે પરમ રત્ન છે, પરમ નારી રત્ન છે, પ્રેમ દેવી રત્ન છે, પરમ માતૃ રત્ન છે. માનસ રત્નાવલીનો એક અર્થ છે, કે આ માનસ સ્વયં રત્નાવલી છે, કેટકેટલાં રત્નોથી ભરેલી છે આ માનસની કથા.

તુલસીદાસજી સાથે બે રત્નાવલી જોડાયેલી છે એક એમની ધર્મ પત્ની, અને બીજી માનસ સ્વયં એક રત્નાવલી એટલે કે રત્નોની હારમાળા છે. અહીં સૌ પ્રસન્ન છે, અને પ્રસાદ ગ્રહણ કરજો! કારણ કે આ માતા રત્નાવલીનો ભંડારો છે! કદાચ એ સમયે કોઈએ કર્યો પણ ન્હોય! એટલે તુલસીની ધર્મ પત્ની રત્નાવલી પણ આ કથાથી પ્રસન્ન થશે! અને એથી વધુ તુલસીદાસજી પ્રસન્ન થશે, કે આપે મારી પ્રથમ ગુરુનું સ્મરણ કર્યું, પૂજન કર્યું! અમૃતલાલ નાગર એ પોતાની કલ્પનાથી રત્નાવલીનાં પાત્રની વાત કરી છે, જ્યારે, હું મારા અંતરની અનુભૂતિથી મા રત્નાવલીનું પૂજન કરીશ, કે આરતી ઉતારીશ. રાજાપૂર અને અહીં રત્નાવલી ધામનાં બધાં જ ઘરમાં રામચરિત માનસ હોવું જોઈએ! આ ક્ષેત્રનો એ પરિચય છે. મને કોઈએ પુછ્યું હતું કે રામચરિત માનસમાં તુલસીદાસજી એ પોતાની પત્નીનો ઉલ્લેખ કેમ નથી કર્યો! પણ એમણે રત્નાવલીને યાદ કરી છે.

કામિહિ નારી પિયારિ જિમિ લોભિહિ પ્રિય જીમી દામ, તિમિ રઘુનાથ નિરંતર પ્રિય લાગહુ મોહિ રામ. ત્યાં રત્નાવલીનું સ્મરણ છે, જાણે તુલસી સ્વીકાર કરે છે કે, મારાં જેવાં કામી ને એકવાર રત્ના એટલી પ્રિય લાગી હતી, એવી રીતે મને નિરંતર રામ પ્રિય લાગે. ગોસ્વામી તુલસીદાસજીએ રામચરિત માનસની રચના 1631 માં કરી અને એમાં બાલ, અયોધ્યા, અરણ્ય કિષ્કિંધા, સુંદર, લંકા અને ઉત્તર એમ સાત સોપાન છે.

## ઈફકો એ નાણાકીય વર્ષ ૨૫-૨૬ મા રૂ. ૪,૧૦૬ કરોડ થી વધુનો રેકર્ડ પ્રી-ટેક્સ નફો નોંધાવ્યો:દિલીપ સંઘાણી

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કેન્દ્રીય નેતૃત્વના માર્ગદર્શન અને મદદ બદલ હંમેશા આભારી: દિલીપ સંઘાણી

### નેનો ખાતર ટેકનોલોજી દ્વારા ભારતીય કૃષિમાં નવી ક્રાંતિની દિશા નિર્ધારિત કરી રહ્યા છીએ : દિલીપ સંઘાણી

### આ સિદ્ધિ માત્ર સંખ્યાઓની વાત નથી પરંતુ તે ખેડૂતોની મહેનત, કર્મચારીઓના સમર્પણ અને સહકારના મૂલ્યોની વિજયગાથા છે : દિલીપ સંઘાણી







**ગાંધીનગર, તા.03**

ઈફકો ના ચેરમેન દિલીપ સંઘાણીએ જણાવ્યું હતું કે, 'નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ભારતીય સહકારી આંદોલનના ઈતિહાસમાં એક સીમાચિહ્નરૂપ છે. 1967 માં માત્ર 57 સહકારી મંડળીઓથી શરૂ થયેલી, ઈફકો ની સફર ૩૬,૦૦૦ થી વધુ મંડળીઓ અને લાખો ખેડૂતોના વિશ્વાસ સુધી વિસ્તરી છે. વૈશ્વિક સ્તરે બીજા ક્રમની સૌથી મોટી સહકારી તરીકે પોતાને સ્થાપિત કરવી એ માત્ર એક સિદ્ધિ નથી, પરંતુ ભારતીય સહકારી શક્તિનો જીવંત પુરાવો છે. આ સુવર્ણ વર્ષમાં, ઈફકો એ રુ. ૪,૧૦૬ કરોડથી વધુનો સર્વકાલીન રેકોર્ડ નફો હાંસલ કર્યો. આ સિદ્ધિ ફક્ત સંખ્યાઓની વાર્તા નથી, પરંતુ ખેડૂતોની મહેનત, કર્મચારીઓના સમર્પણ અને સહકારના મૂલ્યોનો વિજયગાથા છે.

ઈફકો એ ઉત્પાદન અને વેચાણમાં પણ નવા રેકોર્ડ બનાવ્યા. દેશભરમાં ૧૧૮.૭૫ લાખ મેટ્રિક ટન ખાતરનું રેકોર્ડ વેચાણ અને ૧૧૯.૬૮ લાખ મેટ્રિક ટનનો પુરવઠો ખેડૂતોની જરૂરિયાતોને સંસ્થાની ટોચની પ્રાથમિકતાનો પુરાવો છે. યુરિયા અને DAP ના વધતા વેચાણથી કૃષિ ક્ષેત્રમાં ઈફકોની મુખ્ય ભૂમિકા વધુ મજબૂત બની છે.

નેનો ખાતરોની લોકપ્રિયતા ઝડપથી વધી રહ્યું છે, ૨૦૨૫-૨૬ નાણાકીય વર્ષમાં ૩૦૧ લાખ બોટલથી વધુ વેચાણ થયું છે. નેનો યુરિયા પ્લસ, નેનો ડીએપી, નેનો ઝિંક અને નેનો કોપર, ધરમૃત જેવા ઉત્પાદનો ખેડૂતો માટે વધુ અસરકારક, પર્યાવરણને અનુકૂળ અને ખર્ચ-અસરકારક વિકલ્પો તરીકે ઉભરી આવ્યા છે. નેનો એનપીકે લિક્વિડ (૮-૮-૧૦) અને નેનો એનપીકે ગ્રેન્યુલર (૨૦-૧૦-૧૦) ને ખાતર નિયંત્રણ આદેશ હેઠળ સૂચિત કરવામાં આવ્યા છે, જે વિશ્વમાં તેમના પ્રકારનો પ્રથમ ક્રમ છે. આ ઉત્પાદનોનો ઉપયોગ પાંદડાવાળા ઉપયોગ અને માટીના ઉપયોગ બંને તરીકે થઈ શકે છે, પોષક તત્વોની કાર્યક્ષમતામાં વધારો કરે છે અને પર્યાવરણ પર સકારાત્મક અસર કરે છે.

નેનો ટેકનોલોજીનો વિસ્તાર કરવા માટે, ઈફકો એ બેંગલુરુના દેવનહલ્લીમાં ચોથા નેનો ખાતર પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું છે, જેનાથી ઈફકો ની કુલ ઉત્પાદન ક્ષમતા દરરોજ આશરે ૯.૫ લાખ બોટલ થઈ છે. કોઈમ્બતુરમાં નેનો ઈનોવેશન સેન્ટર સંશોધન અને ટેકનોલોજી વિકાસ માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ બની રહ્યું છે, જ્યાં કૃષિના ભવિષ્યને ધ્યાનમાં રાખીને નવી ટેકનોલોજીઓ પર કામ કરવામાં આવી રહ્યું છે.

ઈફકો તેના કર્મચારીઓના કલ્યાણ માટે પણ આટલું જ પ્રતિબદ્ધ છે. આ જ સંકલ્પમાં, ઈફકો ના ચેરમેન શ્રી સંઘાણી ના નેતૃત્વમાં, ૧ નવેમ્બર, ૨૦૨૫ થી લાગુ પડતા કોન્ટ્રાક્ટ કર્મચારીઓ માટે દર મહિને રુ. ૨૦,૦૦૦ની લઘુત્તમ વેતન ગેરંટી લાગુ કરવામાં આવી છે. આ નિર્ણયથી હજારો કર્મચારીઓને સીધો ફાયદો થયો છે, અને સંસ્થાએ આશરે રુ. ૧૪૦ કરોડનો વધારાનો ખર્ચ કર્યો છે.

આજે, ઈફકો ની ઉપસ્થિતિ ફક્ત ભારત પૂરતી મર્યાદિત નથી. ઈફકો ૪૦ થી વધુ દેશોમાં સેવાઓ અને ઉત્પાદનો પ્રદાન કરી રહ્યું છે. બ્રાઝિલમાં નેનો ખાતર ઉત્પાદન માટે સંયુક્ત સાહસ સ્થાપિત કરવા માટે પણ કામ ચાલી રહ્યું છે, જે ભારતીય નેનો ટેકનોલોજીને વૈશ્વિક મંચ પર એક નવી ઓળખ આપશે.

એક ખેડૂત અને સહકારી નેતા તરીકે, હું દ્રઢપણે માનું છું કે ખેડૂતોની સમૃદ્ધિ એ રાષ્ટ્રીય સમૃદ્ધિનો પાયો છે. આ ભાવનાથી પ્રેરિત, ઈફકો એ વૈશ્વિક પડકારો છતાં ખેડૂતોને ખાતરની અવિરત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી છે. આ દિશામાં વૈકલ્પિક પુરવઠા શૃંખલાઓનું નિર્માણ અને સમયસર સ્ટોક મેનેજમેન્ટ મહત્વપૂર્ણ છે.

આગળનો માર્ગ સ્પષ્ટ છે - ઈફકો દ્વારા, અમે નેનો ટેકનોલોજી, કાર્બનિક ખાતરો અને આધુનિક કૃષિ પદ્ધતિઓને એકીકૃત કરીને ' વિકસિત ભારત @ ૨૦૪૭ ' માટેના લોકપ્રિય વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝનને પ્રાપ્ત કરવા માટે સાથે મળીને કામ કરવા માટે પ્રતિબદ્ધ છીએ.

આ પ્રસંગે ઈફકોના ચેરમેન શ્રી દિલીપ સંધાનીએ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ, કેન્દ્રીય ખાતર મંત્રી શ્રી જે.પી. નડ્ડા અને કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણનો તેમના માર્ગદર્શન અને મદદ બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો. તેમણે ઈફકો બોર્ડ ઓફ ડિરેક્ટર્સના તમામ સભ્યોનો તેમના અતૂટ સમર્થન બદલ આભાર માન્યો. તેમણે મેનેજિંગ ડિરેક્ટર, અધિકારીઓ અને કર્મચારીઓને તેમના સમર્પણ અને પ્રયાસો બદલ હૃદયપૂર્વક અભિનંદન અને આભાર માન્યો.

## શ્રી હનુમાનજી મંદિરે કષ્ટભંજન હનુમાનજીનો જન્મોત્સવ

**કડાણા, તા.03**

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના કડાણા ગામે ચૈત્ર સુદ પૂનમને ગુરૂવાર તારીખ:- 2/4/2026 ના રોજ હનુમાનજી જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી. જેમાં શ્રી પ્રવીણભાઈ તેમજ અન્ય ભૂદેવશ્રીઓની સહાયથી પૂજન અર્ચન તેમજ હોમ હવનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. યજમાન શ્રી ઈન્દ્રસિંહ એન. પુવાર તેમજ પરિવાર દ્વારા પૂજન અર્ચન બાદ પ્રસાદીનું આયોજન કરવામાં આવેલ હતું. થાળ આરતી બાદ ભૂદેવશ્રીઓ દ્વારા ગામની સુખાકારી પ્રગતિ તેમજ ભક્તિમય વાતાવરણ બની રહે તે માટે આશીર્વાદ



આપવામાં આવ્યા હતા. ગામમાંથી મોટી સંખ્યામાં ભક્તજનોએ લાભ લીધો હતો. રાત્રે સુંદરકાંડ પઠન નું આયોજન કરવામાં આવેલ હતું. (ભરતભાઈ એ. પંડ્યા. દીવડા કોલોની.)

## બગદાણાના ચકચારી કેસના પીડિત નવનીત બાલધિયા કોંગ્રેસમાં જોડાયા

ભાવનગર, તા.03

બગદાણાના ચકચારી મારામારી કેસ બાદ ચર્ચામાં આવેલા પૂર્વ સરપંચ નવનીત બાલધિયા આજે વિધિવત રીતે કોંગ્રેસમાં જોડાયા છે. આજે 3 એપ્રિલના રોજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ તેમને ખેસ પહેરાવી પક્ષમાં આવકાર્યા હતા.

હીરા સોલંકી અને પરસોત્તમ સોલંકીએ બગદાણા વિવાદ દરમિયાન ન્યાય અપાવવા માટે મદદ કરી હતી, જેથી ચર્ચા ચાલતી હતી તે ભાજપમાં જોડાશે. તે વચ્ચે નવનીત બાલધિયાએ ભાજપમાં જોડાવાના બદલે પોતાના સમાજના





આગેવાનો સાથે કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો છે. કોળી સમાજના અનેક આગેવાનોએ પણ નવનીત સાથે કોંગ્રેસમાં જોડાયા છે. નવનીત બાલધિયાએ કોંગ્રેસમાં એન્ટ્રી કરી છે, એટલું જ નહીં પરંતુ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા પાસે ચૂંટણી લડવાની પણ ઈચ્છા વ્યક્ત કરી છે.

કોંગ્રેસમાં જોડાયા બાદ નવનીત બાલધિયાએ જણાવ્યું હતું કે, ભાજપના ત્રાસથી અનેક અત્યાચાર થયા છે. ભાજપના ત્રાસથી હું આજે કોંગ્રેસ સાથે જોડાયો છું. મારા કેસમાં જે DySP હતા તેમને અન્ય જગ્યાનો ચાર્જ આપ્યો. જે લોકો રસ્તા પર આવે છે તેમને જ ન્યાય મળે છે, બાકી કોઈને ન્યાય મળતો નથી. ભાજપના ત્રાસથી કંટાળી કોંગ્રેસમાં જોડાયો છું. અત્યારે ચૂંટણી લડવાની ઈચ્છા નથી, પરંતુ જો મારો સમાજ કહેશે તો ચૂંટણી લડવા માટે તૈયાર છું.

ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલા જ બગદાણા ધામના સેવક અને પૂર્વ સરપંચ નવનીત બાલધિયા પર જીવલેણ હુમલો થયો હતો. આ કેસમાં જાણીતા લોક સાહિત્યકાર માયાભાઈ આહિરના પુત્ર જયરાજ આહિર પર હુમલો કરવાનો આરોપ લાગ્યો હતો. આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાતો પડતા સરકારે તપાસ માટે 'સીટ' (SIT) ની રચના કરી હતી, જે બાદ જયરાજ આહિરની ધરપકડ પણ કરવામાં આવી હતી.

નવનીત બાલધિયા પર થયેલા હુમલાની ઘટનાને સમગ્ર કોળી સમાજે સખત શબ્દોમાં વખોડી હતી. ન્યાયની માંગ સાથે રાજ્યભરમાં કોળી સમાજના આગેવાનો અને લોકો રસ્તા પર ઉતર્યા હતા અને અનેક સંમેલનો પણ યોજાયા હતા. આ મુદ્દે કોળી સમાજની અભૂતપૂર્વ એકતા જોવા મળી હતી અને ન્યાય માટે છેક ગાંધીનગર સુધી રજૂઆતો કરવામાં આવી હતી. આ સામાજિક આંદોલન બાદ હવે નવનીત બાલધિયાની સત્તાવાર રાજકીય એન્ટ્રીથી સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવ્યો છે.

## માણસ ઘર,સંબંધ,દોસ્ત બદલે,છતાં પણ પરેશાન રહે છે કારણ કે,તે પોતાના સ્વભાવને નથી બદલતો



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજે આપણે ચિંતનાત્મક લેખ માં જોઈએ તો એકવાર,એક ગામમાં ગ્રામસભા બોલાવવામાં આવી હતી. ત્યાંથી થોડા દૂર, એક સંતે પોતાનું નિવાસસ્થાન બનાવ્યું હતું. જ્યારે સભામાં કોઈ સર્વસંમતિ ન થઈ, ત્યારે કોઈએ સૂચન કર્યું, 'આપણે આપણી સમસ્યા મહાત્મા પાસે કેમ ન લઈ જઈએ?' પરિણામે, બધા સંત પાસે ગયા. ગ્રામજનોને જોઈને, સંતે પૂછ્યું, 'તમારી મુલાકાતનો આનંદ મને શા માટે મળે છે?' લોકોએ જવાબ આપ્યો, 'મહાત્મા-જી, આખા ગામમાં ફક્ત એક જ કૂવો છે, છતાં આપણે તેનું પાણી પી શકતા નથી; તેમાંથી દુર્ગંધ આવે છે.' સંતે પૂછ્યું, 'શું થયું? તમે પાણી કેમ પી શકતા નથી?'

ગ્રામજનોએ સમજાવ્યું, 'લડતા લડતા ત્રણ કૂતરા કૂવામાં પડી ગયા. તેઓ ક્યારેય બહાર નીકળી શક્યા નહીં અને તેની અંદર જ મૃત્યુ પામ્યા. હવે, મહાત્માજી,આપણે એવા કૂવાનું પાણી કેવી રીતે પી શકીએ જેમાં કૂતરાઓ મરી ગયા હોય?' સંતે જવાબ આપ્યો,'આમ કરો:ગંગા નું થોડું પવિત્ર પાણી તેમાં રેડો.'

કૂવામાં આઠ કે દસ ડોલ પવિત્ર ગંગાજળ રેડવામાં આવ્યું. છતાં, સમસ્યા જેમની તેમ રહી. લોકો ફરી એકવાર સંત પાસે ગયા.આ વખતે, સંતે કહ્યું,'ભગવાનની દૈવી વાર્તાઓ પર પ્રવચનનું આયોજન કરો.'

લોકો સંમત થયા,'ખૂબ સારું.' પ્રવચન થયું,છતાં સમસ્યા યથાવત રહી. લોકો ફરી એકવાર સંત પાસે પાછા ફર્યા.હવે,સંતે સૂચના આપી,'તેમાં સુગંધિત પદાર્થો રેડો.'સુગંધિત પદાર્થો ઉમેરવામાં આવ્યા,પરંતુપરિણામ એ જ રહ્યું-તે યથાવતનો કેસ હતો.લોકો ફરીથી સંત પાસે ગયા;આ વખતે,સંત રૂબરૂ આવ્યા.લોકો બોલ્યા,'મહારાજ પરિસ્થિતિ બિલકુલ એવી જ છે અમે બધું જ અજમાવી જોયું. અમે ગંગાજળ રેડ્યું,દૈવી પ્રવચન નું આયોજન કર્યું,પ્રસાદ વહેંચ્યો અને સુગંધિત ફૂલો અને અન્ય વિવિધ વસ્તુઓ પણ ઉમેરી. 'હવે સંત આશ્ચર્યચકિત થઈ ગયા અને પૂછ્યું,'તમે બીજું બધું કર્યું છે,પણ શું તમે તે ત્રણ કૂતરા ઓને દૂર કર્યા જે ત્યાં મૃત પડ્યા હતા, કે નહીં?' લોકોએ જવાબ આપ્યો, 'તમે અમને તેમના વિશે કોઈ સૂચના આપી ન હતી, તેથી અમે તેમને દૂર કર્યા નહીં; અમે બાકીનું બધું કર્યું.તેઓ હજુ પણ જ્યાં હતા ત્યાં જ પડેલા છે.'

સંતે કહ્યું, 'જ્યાં સુધી તમે તેમને દૂર નહીં કરો, ત્યાં સુધી આમાંથી કોઈપણ ઉપાયની કોઈ અસર થશે નહીં.'

દુર્વાસાને કોઈપણ પ્રકારની વાસના નથી.ખાનાર નારાયણ છે અને ખવડાવનાર નારાયણ છે દુર્વાસાના આ બ્રહ્મ ઉપવાસ છે.જમાડનાર બ્રહ્મ અનેજમનાર પણ બ્રહ્મ છે.એટલે દુર્વાસા કહે છે કે,હું ઉપવાસી છું અને તે સત્ય છે. બાહ્ય નજરે દેખાય છે તેના કરતાં અતિદષ્ટિ જુદું જ દેખે છે. શ્રીકૃષ્ણને કે દુર્વાસાને તે વસ્તુમાં આસક્તિ ન હતી, વાસના ન હતી તેઓ ભોગો ભોગવ્યા છતાં નિષ્કામ હતા. ગૃહસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ નો સમન્વય શ્રી કૃષ્ણે કરી બતાવ્યો છે. શ્રીકૃષ્ણ નિષ્કામ છે.નિષ્કામ શ્રીકૃષ્ણનું ધ્યાન સતત કરે તે મનુષ્ય નિષ્કામ બને છે.ચીરહરણ લીલા માં રૂષિરૂપા ગોપીઓ છે.પાંચ-છ વર્ષની કન્યાને કુમારી કહે છે.આ કુમારિકાઓની ઈચ્છા છેકે,શ્રી કૃષ્ણ અમારા પતિ થાય. ભાષા લૌકિક છે પણ આમાં સિદ્ધાંત અલૌકિક છે.જીવ ચાહે છે કે ઈશ્વર મારા પતિ થાય. શ્રીકૃષ્ણે સખીઓને કહ્યું હતું, યોગ્ય સમયે હું તમને મળીશ. આમાં ધ્યાન રાખવાનું કે ગોપી ઓના દેહ સાથેનું આ મિલન નથી. પંચમહાભૂતના શરીરને પરમાત્મા સ્પર્શ પણ કરતા નથી. ભાગવતમાં સ્પષ્ટ લખ્યું છે કે, પંચભૂતનું શરીર છોડયા પછી આ લીલા થઈ છે. શ્રીકૃષ્ણનો વિયોગ એ અગ્નિ છે. પતિનો વિરહ પતિવ્રતા સ્ત્રીને બાળે છે તેમ પરમાત્માનો વિરહ આ જીવને બાળે છે.ગોપીઓનું પંચ ભૂતનું શરીર શ્રીકૃષ્ણ વિરહમાં અગ્નિમાં બળી ગયું છે અને શ્રી કૃષ્ણના જેવું અપ્રાકૃત રસાત્મક શરીર તેઓને પ્રાપ્ત થયું છે.પંચ ભૌતિક શરીર સાથે પરમાત્માનું મિલન થઈ શકે નહીં.

શ્રીકૃષ્ણનાં માત્ર દર્શનથી ગોપીને હવે તૃપ્તિ નથી. દર્શનમાં દ્વૈત છે. ગોપીઓને પરમાત્મા સાથે હવે એક થવું છે. એટલે પરમાત્માનો વિરહ એમને બાળે છે. કનૈયાની લીલાનો પાર નથી.ગોવર્ધન લીલા માં શ્રીકૃષ્ણનાં દર્શન થયાંત્યારથી ગોપીઓમાં પ્રેમનું બીજારોપણ થયું હતું અને પછી કનૈયાની વાંસળી સાંભળે છે. પ્રેમનો પ્રારંભ દ્વૈતથી થાય છે.પ્રેયસી અને પ્રિયતમ જુદાં હોય છે,પણ અદ્વૈત આવે છે,પ્રેમ દહાડે દહાડે વધે છે,ત્યારે પ્રિયતમ સાથે એક થવાની ઈચ્છા થાય છે.એટલે કે અદ્વૈતની ઈચ્છા થાય છે.હું મટી ને તું થવું એ પ્રેમ.ગોપી વ્યાકુળ થાય એટલે કનૈયો ત્યાં ઘરમાં પ્રગટ થાય છે.જીવ અતિ આતુર થાય ત્યારે ઈશ્વર મળે છે ગોપીઓનો પ્રેમ ધીરે ધીરે વધે છે મારે શ્રીકૃષ્ણને મળવું છે.મારે શ્રી કૃષ્ણ સાથે એક થવું છે.હવે એક ક્ષણ વિરહ ખમાતો નથી.શ્રી કૃષ્ણ વિરહમાં ગોપીઓને હવે મૂર્છા આવે છે.હવે કોઈ વાસના રહી નથી.જીવ અતિશય શુદ્ધ થયો છે. ત્યારપછી રાસ લીલા થાય છે.પોતાના બાળમિત્રોને શ્રીકૃષ્ણે તો કહી રાખ્યું હતું કે, કોઈને મૂર્છા આવે તો મને બોલાવજો. આથી કોઈ ગોપીને મૂર્છા આવે તો કનૈયાને બોલાવ વામાં આવે છે.કનૈયો ગોપીના માથે હાથ ફેરવે અને કાનમાં કહે શરદ પૂર્ણિમાની રાત્રે તનેમળીશ. ધીરજ રાખ અને સતત મારું ધ્યાન કર!વૈષ્ણવ તો પ્રેમીને મળવાની આશામાં જ જીવે છે.

ગોકુળની બધી ગોપીઓ રાસમાં ગઈ નથી.જેનો અધિકાર સિદ્ધ થયો હતો,જેનો છેલ્લો જન્મ હતો તે જ ગોપીઓ રાસલીલા માં ગઈ છે.વાળ કાળા છે એટલે ઘણું છે. કાળજું કાળું ન થવા દેજો. યુવાનીમાં ભક્તિનો રંગ લાવવો જોઈએ. વૃદ્ધાવસ્થામાં ભક્તિનો રંગ લાગે એ ઠીક છે, પણ ઉત્તમ નથી.વૃદ્ધાવસ્થામાં અંદરથી ભક્તિનો રંગ ન લાગે મોતો પારકી પંચાત કરવાની ઈચ્છા થાય છે. પારકીપંચાત જેવું એકે પાપ નથી વાળ ધોળા થયા પછી ખૂબ માળા ન કરે તેનું કાળજું વધારે કાળું થાય છે. ધોળા થાય ત્યારે પણ કાળજું ધોળું ન થાય એ દુઃખ છે.ગોપી ઓની વાત એક વૃદ્ધ ગોપીને સમજાતી નથી તે બેઠી બેઠી વિચાર કરે છે કે,કાંઈક ગરબડ જેવું છે. આ છોકરીઓને મૂર્છા આવે છે અને કનૈયો કાનમાં કાંઈક મંત્ર આપે છે.માટે કપટ કરીને પણ મારે આ મંત્ર જાણવો ઘરડા માણસોને તેણે કહી રાખ્યું કે,મને મૂર્છા આવે ત્યારે કનૈયાને બોલાવજો.ડોસીએ નખરો કર્યો. ઘરનું કામ કરતાં ઢોંગ કરીને પડી વહુ શ્રીકૃષ્ણ પાસે ગઈ.કનૈયો તેને કહે છે,જેના વાળ ધોળા થયા હોય તેના ઉપર મારો મંત્ર કામ કરતો નથી. બીજાનેબોલાવો હું નહીં આવું.પણ ગોપી કહે, કનૈયા તારે આવવું જ પડશે. છેવટે કનૈયો આવ્યો.ડોસીને જોઈને કહે,આને તો ભૂત વળગ્યું છે.લાકડી લઈ આવો! કનૈયાએ લાકડી વતી એક-બે ફટકા જોરથી માર્યા ડોશીથી સહન ન થયું અને બોલી પડી મારો નહીં મને મૂર્છા આવી નથી હું તો ઢોંગ કરું છું કનૈયો કહે ભૂત એમ જ બોલે ડોસીને સારી પેઠે માર પડ્યો. આપણા પોતાના જીવન આ જ વાર્તાને પ્રતિબિંબિત કરે છે. શરીર તરીકે ઓળખાતા આ ગામમાં સ્થિત આંતરિક ચેતના ના કૂવામાં કામ, ક્રોધ અને લોભ નામના ત્રણ કૂતરાઓ પડી ગયા છે,જ્યાં તેઓ લડતા અને ઝઘડતા પડેલા છે.જ્યારેઆપણે ઉપાયો શોધી એ છીએ, ત્યારે લોકો આપણને તીર્થયાત્રા કરવાનીગંગામાં સ્નાન કરવાની અથવા થોડી પૂજા અને શાસ્ત્રો ના પાઠમાં જોડાવાની સલાહ આપે છે.આપણે આ બધું કરી એ છીએ,છતાં તે દુર્ગંધ ની દુર્ગંધ રહે છે.તેથી, આપણે પહેલા તેમને કાઢી ને ફેંકી દેવા જોઈએ ત્યારે જ આપણું જીવન ખરેખર અર્થપૂર્ણ બનશે. બસ આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

## ઈન્ડિયા પોસ્ટ અને ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક દ્વારા આયોજિત 'જનરલ ઈન્શ્યોરન્સ સુપર ધુરંધર' અભિયાનમાં ઉત્તમ પ્રદર્શન કરીને ઉત્તર ગુજરાત પરિક્ષેત્રે રાષ્ટ્રીય સ્તરે ઉભી કરી મજબૂત ઓળખ



**અમદાવાદ, તા.03**

ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકે દેશના દરેક ખૂણામાં, ખાસ કરીને ગ્રામીણ ભારત સુધી બેંકિંગ સેવાઓ પહોંચાડવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. 'આપકા બેંક, આપકે દ્વાર' ની સંકલ્પનાને સાકાર કરતાં 'વિત્તીય સમાવેશ' અને 'ડિજિટલ ઈન્ડિયા' મિશનને નવી ગતિ આપવામાં આઈપીપીબી સતત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. આ વિચારો ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે ક્ષેત્રીય કાર્યાલય, અમદાવાદમાં યોજાયેલા કાર્યક્રમ દરમિયાન વ્યક્ત કર્યાં. ડાક વિભાગ દ્વારા 01 જાન્યુઆરી 2026 થી 31 માર્ચ 2026 દરમિયાન આયોજિત 'જનરલ ઈન્શ્યોરન્સ સુપર ધુરંધર' અભિયાનમાં ઉત્તર ગુજરાત ક્ષેત્રે ઉત્તમ પ્રદર્શન કરતાં રાષ્ટ્રીય સ્તરે પોતાની મજબૂત હાજરી નોંધાવી છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે આ સિદ્ધિ બદલ ગ્રામીણ ડાક સેવકો, બ્રાંચ પોસ્ટમાસ્ટરો, પોસ્ટમેન સહિત મંડળ અધિક્ષકો, ઉપમંડલીય નિરીક્ષકો અને ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકના મેનેજરોને અભિનંદન આપ્યા. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે આ સિદ્ધિ અધિકારીઓ અને કર્મચારીઓની મહેનત, સમર્પણ, ટીમવર્ક અને અસરકારક કાર્યપદ્ધતિનું પરિણામ છે. અભિયાન દરમિયાન ગ્રાહકો સુધી વીમા સેવાઓની પહોંચ વધારવા, જનજાગૃતિ ફેલાવવા અને સેવા ગુણવત્તામાં સુધારા પર વિશેષ ધ્યાન અપાયું હતું. આઈપીપીબીના ચીફ મેનેજર શ્રી અભિજીત જિભકાટે એ અભિયાન વિશે વિગતવાર માહિતી આપી. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે આઈપીપીબી દ્વારા પોસ્ટમેન અને ગ્રામીણ ડાક સેવકો હવે ચાલતા-ફરતા બેંક તરીકે કાર્ય કરી રહ્યા છે. સીઈએલસી હેઠળ ઘરે બેઠા 5 વર્ષ સુધીના બાળકોના આધાર બનાવવાની તથા મોબાઈલ નંબર અપડેટ કરવાની સુવિધા, ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ, ડીબિટી, બિલ પેમેન્ટ, એઈપીએસ દ્વારા ખાતામાંથી રૂપિયા ઉપાડવા, વાહન વીમા, આરોગ્ય વીમા, અકસ્માત વીમા, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના જેવી વિવિધ સેવાઓ આઈપીપીબી દ્વારા પોસ્ટમેન ના માધ્યમ થી ઘરે બેઠા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આઈપીપીબી ખાતા દ્વારા ડાકઘરની સુકન્યા સમૃદ્ધિ યોજના, આર.ડી, પીપીએફ અને ડાક જીવન વીમામાં પણ ઓનલાઈન જમા કરી શકાય છે.

# 'મારાથી બળતરાં થાય છે લોકોને, એજન્ડા ચલાવે છે...', KKRનો કેપ્ટન અજિંક્ય રહાણે ભડક્યો



**નવી દિલ્હી, તા.03**

સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) સામેની મેચમાં 65 રનથી મળેલી કારમી હાર બાદ કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) ના કેપ્ટન અજિંક્ય રહાણેનો રૂદ્ર અવતાર જોવા મળ્યો હતો. સામાન્ય રીતે મેદાન પર શાંત જણાતા રહાણેએ પ્રેસ કોન્ફરન્સમાં ટીકાકારો પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, 'કેટલાક લોકો મારી સામે સોશિયલ મીડિયા પર એજન્ડા ચલાવી રહ્યા છે.'

સતત બીજી હાર બાદ જ્યારે રહાણેને તેના સ્ટ્રાઈક રેટ અને બેટિંગ અભિગમ વિશે પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે તેણે રોષે ભરાઈને કહ્યું કે, 'વર્ષ 2023થી મારો સ્ટ્રાઈક રેટ સર્વશ્રેષ્ઠ રહ્યો છે. જે લોકો મારા વિશે વાતો કરે છે તેઓ કાં તો મેચ જોતા નથી અથવા તો મારી સામે કોઈ ખાસ એજન્ડા ધરાવે છે. કદાચ લોકોને મને રમતા જોવો ગમતો નથી અથવા તેઓ મારી સફળતાની ઈર્ષ્યા કરે છે.'

હકીકતમાં, આંકડા પણ રહાણેના દાવાને સંપૂર્ણપણે રદિયો આપતા નથી. 2023થી પાવરપ્લેમાં (ઓવર 1-6) તેનો સ્ટ્રાઈક રેટ 167.78 છે, જે આ સમયગાળા દરમિયાન ઓછામાં ઓછા 300 બોલનો સામનો કરનારા બેટરોમાં ચોથા ક્રમે છે. ટ્રેવિસ હેડ (187.98), અભિષેક શર્મા (176.56) અને ફિલ સોલ્ટ (173.8) આ યાદીમાં તેનાથી આગળ છે, જ્યારે યશસ્વી જયસ્વાલ તેનાથી નીચે છે.

સનરાઈઝર્સ સામેની મેચમાં રહાણે પોતે માત્ર 8 રન બનાવી આઉટ થયો હતો. 227 રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરતા KKRની ટીમ માત્ર 161 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ટીમ એક સમયે 120 રને 3 વિકેટની મજબૂત સ્થિતિમાં હતી, પરંતુ ત્યારબાદ માત્ર 41 રનમાં બાકીની 7 વિકેટો ગુમાવી દીધી હતી. હાર માટે પિચને દોષ આપવાને બદલે રહાણેએ સ્વીકાર્યું કે બોલરોએ 10 ઓવર પછી સારી વાપસી કરી હતી, જેના કારણે SRH 250-260 રન સુધી પહોંચી શક્યું નહીં.

રહાણેએ સ્પષ્ટ કર્યું કે તે લોકોના કહેવા પર પોતાની બેટિંગ શૈલી બદલશે નહીં. તેણે કહ્યું, 'મને મારી સ્ટાઈલ પર પૂરો વિશ્વાસ છે. એ સારું છે કે લોકો મારા વિશે વાત કરે છે, પછી તે પોઝિટિવ હોય કે નેગેટિવ, મને તેનાથી કોઈ ફરક પડતો નથી.' KKR માટે આગામી મેચોમાં વાપસી કરવી અનિવાર્ય બની ગઈ છે, ત્યારે કેપ્ટનનો આ આક્રમક મૂડ ટીમના પ્રદર્શનમાં કેવો ફેરફાર લાવે છે તે જોવું રહ્યું.

# PSLમાં ફરી 'ઝઘડો'? જાણો ડેવિડ વૉર્નર અને મોઈન અલી વચ્ચે વિવાદનું સત્ય....

**નવી દિલ્હી, તા.03**



પાકિસ્તાન સુપર લીગ(PSL) 2026માં કરાચી કિંગ્સ અને રાવલપિંડી વચ્ચે રમાયેલી મેચ બાદ સોશિયલ મીડિયા પર એક વીડિયો વાઈરલ થયો છે. લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં મેચ પૂરી થયા બાદ ખેલાડીઓ જ્યારે એકબીજા સાથે હાથ મિલાવી રહ્યા હતા, ત્યારે કરાચી કિંગ્સના સ્ટાર ખેલાડી ડેવિડ વૉર્નર અને મોઈન અલી વચ્ચે કોઈ ગંભીર વાતચીત થતી હોય તેવું જણાતું હતું. બંને ખેલાડીઓના ચહેરાના હાવભાવ અને ઈશારા જોઈને ચાહકોને લાગ્યું કે તેમની વચ્ચે કોઈ મોટો ઝઘડો થયો છે. આ વિવાદ વધતો જોઈ કરાચી કિંગ્સના ડિરેક્ટર હૈદર અઝહરે વચ્ચે પડવું પડ્યું હતું, જેના કારણે આ મામલો વધુ ગંભીર હોવાની અટકળો તેજ થઈ હતી.

સોશિયલ મીડિયા પર આ વીડિયો વાઈરલ થતા જ ક્રિકેટ પ્રેમીઓએ પ્રતિક્રિયાઓ આપવાનું શરૂ કર્યું હતું. કેટલાક લોકોએ આ ઘટનાની સરખામણી IPLમાં લખનઉ સુપર જાયન્ટ્સના માલિક સંજીવ ગોએન્કા અને રિષભ પંત વચ્ચે થયેલી તીખી ચર્ચા સાથે કરી હતી. જોકે, વિવાદ વધતા ડેવિડ વૉર્નરે પોતે સામે આવીને આ સમગ્ર મામલે સ્પષ્ટતા કરી હતી. વૉર્નરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું કે, તેમની વચ્ચે કોઈ ઝઘડો નહોતો પરંતુ તે એક હળવી મજાક હતી.

ડેવિડ વૉર્નરે ખુલાસો કર્યો કે તે હૈદર અઝહરને માત્ર એટલું જ કહી રહ્યો હતો કે તમે પહેલા જઈને વિરોધી ટીમના ખેલાડીઓ સાથે હાથ મિલાવી લો. વૉર્નરના જણાવ્યા અનુસાર, કેમેરાના અલગ એંગલને કારણે એક સામાન્ય અને રમુજી વાતચીત ગંભીર વિવાદ જેવી દેખાતી હતી. ઘણીવાર સ્લો મોશન અને ઓડિયો વગરની ક્લિપ્સને કારણે ખોટા તારણો નીકળતા હોય છે, આ ઘટના પણ તેનું જ એક ઉદાહરણ છે. ખરેખર તો વૉર્નર અને મોઈન અલી જેવા અનુભવી ખેલાડીઓ રમત ભાવનાને સારી રીતે સમજે છે અને મેદાનની બહાર તેમની વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધો જળવાયેલા છે.

# અભિષેક શર્મા નવી મુસીબતમાં ફસાયો! IPL કોડ ઓફ કન્ડક્ટનું ઉલ્લંઘન કરતાં મળી સજા

**નવી દિલ્હી, તા.03**



IPL 2026માં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) અને સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) વચ્ચે રમાયેલી રોમાંચક મેચમાં હૈદરાબાદનો વિજય તો થયો, પરંતુ તેમના સ્ટાર ઓપનર અભિષેક શર્મા માટે આ મેચ વિવાદો લઈને આવી છે. મેદાન પર ચોગ્ગા-છગ્ગાની રમઝટ બોલાવનાર અભિષેક પર IPL આચાર સંહિતાના ઉલ્લંઘન બદલ કાર્યવાહી કરવામાં આવી છે.

ઈડન ગાર્ડન્સમાં રમાયેલી આ મેચ દરમિયાન અભિષેક શર્માએ IPL કોડ ઓફ કન્ડક્ટની કલમ 2.3 હેઠળ લેવલ 1નો ગુનો કર્યો હોવાનું સામે આવ્યું છે. જેના પરિણામે ખેલાડી પર મેચ ફીનો 25 ટકા દંડ ફટકારવામાં આવ્યો છે. તેના ખાતામાં એક ડિમેરિટ પોઈન્ટ પણ ઉમેરવામાં આવ્યો છે. અભિષેકે પોતાની ભૂલ સ્વીકારી લેતા મેચ રેફરીનો આ નિર્ણય અંતિમ માનવામાં આવ્યો છે.

જોકે સત્તાવાર રીતે ભૂલ સ્પષ્ટ કરવામાં આવી નથી, પરંતુ માનવામાં આવે છે કે, આ દંડ તેના વિવાદિત કેચ સાથે જોડાયેલો છે. 21 બોલમાં 48 રનની તોફાની ઈનિંગ રમી રહેલા અભિષેકનો કેચ વરુણ ચક્રવર્તીએ પકડ્યો હતો. આ કેચ ક્લિયર ન હોવા છતાં થર્ડ અમ્પાયરે તેને આઉટ જાહેર કરતા અભિષેકે મેદાન પર નારાજગી વ્યક્ત કરી હતી.

વિવાદો વચ્ચે પણ હૈદરાબાદે શાનદાર પ્રદર્શન કરી KKRને હારનો સ્વાદ ચખાડ્યો હતો. SRHનો સ્કોર: 20 ઓવરમાં 226/8 (હેનરિક ક્લાસેન 52, અભિષેક શર્મા 48, ટ્રેવિસ હેડ 46).હિરો ઓફ ધ મેચ: નીતિશ કુમાર રેડ્ડી (39 રન અને 2 વિકેટ). તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.

બોલિંગ: જયદેવ ઉનડકટે 3 વિકેટ ઝડપીને KKRની કમર તોડી નાખી હતી. IPLના નિયમો મુજબ આર્ટિકલ 2.3 સામાન્ય રીતે મેદાન પર અભદ્ર ભાષાનો ઉપયોગ અથવા અમ્પાયરના નિર્ણય સામે અયોગ્ય પ્રતિક્રિયા આપવા બદલ લગાવવામાં આવે છે. અભિષેક માટે આ સિઝનની સારી શરૂઆત બાદ આ એક મોટો બોધપાઠ સમાન છે.

# CSK ફેન્સ માટે ખુશખબર: પંજાબ સામેની મેચ પહેલા ધોની નેટ્સમાં બેટિંગ કરતો જોવા મળ્યો, ઈજા બાદ ટ્રેનિંગ શરૂ

**નવી દિલ્હી, તા.03**



ઈન્ડિયન પ્રીમિયર લીગમાં ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) ના ફેન્સ માટે રાહતના સમાચાર છે. 44 વર્ષીય દિગ્ગજ ખેલાડી મહેન્દ્ર સિંહ ધોની ઈજાના કારણે ટુર્નામેન્ટની શરૂઆતમાં બહાર રહ્યા બાદ હવે ટ્રેનિંગમાં પરત ફર્યો છે. શુક્રવારે પંજાબ કિંગ્સ સામેની મહત્વની મેચ પહેલા ધોનીએ નેટ્સમાં પ્રેક્ટિસ શરૂ કરી દીધી છે.

પંજાબ કિંગ્સ સામેની મેચ પૂર્વે એમ.એ. ચિદમ્બરમ સ્ટેડિયમ (ચેપોક) ખાતે ધોની હળવી ફિટનેસ ડ્રિલ કરતો જોવા મળ્યો હતો. જોકે, તેમણે ટીમ સાથે સંપૂર્ણ અભ્યાસ કરવાથી તે દુર રહ્યો હતો. ધોનીએ નેટ્સમાં બેટિંગ પ્રેક્ટિસ કરી હતી, પરંતુ વિકેટકીપિંગ પ્રેક્ટિસથી તે દૂર રહ્યો હતો. બીજી તરફ, સંજુ સેમસન વિકેટકીપિંગની જવાબદારી સંભાળતો જોવા મળ્યો હતો, જે સૂચવે છે કે ધોની હજુ મેચ રમવા માટે 100% ફિટ નથી.

માત્ર ધોની જ નહીં, પરંતુ CSK ના અન્ય મહત્વના ખેલાડી ડેવાલ્ડ બ્રેવિસે પણ ટ્રેનિંગ સત્રમાં ભાગ લીધો હતો. બ્રેવિસે હળવી શોર્ટ રન ડ્રિલ કરી હતી અને ટીમ ફિઝિયો સાથે લાંબી ચર્ચા કરી હતી. ટીમ મેનેજમેન્ટ ધોની અને બ્રેવિસની ઈજાને લઈને કોઈ ઉતાવળ કરવા માંગતું નથી, કારણ કે આઈપીએલની સીઝન ઘણી લાંબી છે.

ચેન્નાઈ સુપર કિંગ્સ માટે આ સીઝનની શરૂઆત ઘણી નબળી રહી છે. રાજસ્થાન રોયલ્સ સામેની પ્રથમ મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો. ટીમ હાલમાં પોઈન્ટ ટેબલમાં સૌથી નીચે એટલે કે 10મા ક્રમે છે. હાલની સીઝનમાં CSK પ્રથમ વખત પોતાના હોમ ગ્રાઉન્ડ પર રમવા ઉતરશે, ત્યારે ઘરઆંગણે જીત મેળવીને પોઈન્ટ ટેબલમાં ઉપર આવવા માટે ટીમ એડીચોટીનું જોર લગાવશે. ધોનીનું નેટ્સમાં પરત ફરવું એ ટીમના મનોબળ માટે ખૂબ જ મહત્વનું છે. ભલે તે પંજાબ સામેની મેચમાં પ્લેઈંગ ઈલેવનનો હિસ્સો ન હોય, પરંતુ ડગઆઉટમાં તેમની હાજરી ટીમ માટે 'બૂસ્ટર' સમાન સાબિત થશે.



# તમારે માત્ર નોકરીમાં સીમિત ન રહીને પોતાની જાતને ઓળખવી જોઈએ

**મુંબઈ, તા.03**

ફાતિમા સના શેખે એક્ટિંગની દુનિયામાં પોતાની પ્રભાવશાળી સફર ખેડી છે, જે બાળ કલાકાર તરીકેની તેની પ્રથમ ફિલ્મ "ચાચી 420"થી લઈને તેના લોકપ્રિયતા અપાવનાર ફિલ્મ "દંગલ" અને તાજેતરની રિલીઝ "ગુસ્તાખ ઈશ્ક" સુધી તેના અભિનેત્રી તરીકેના વિકાસને દર્શાવે છે. તાજેતરમાં, ફાતિમાએ પોતાની અત્યાર સુધીની સફર, પસંદગીઓ અને અભિનય કળા પ્રત્યે વિકસેલી દૃષ્ટિ વિશે વાત કરી હતી. તેણે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાની શરતો પર આગળ વધવા અને પરંપરાગત ભૂમિકાઓથી અલગ પસંદગીઓ કરવા વિશે ખુલીને વાત કરી હતી.

ફાતિમા સના શેખે જણાવ્યું, "હું એવી વાર્તાઓ તરફ આકર્ષાઉં છું જે મને હકારાત્મક રીતે અસ્વસ્થ બનાવે." ફાતિમાએ લેયર્ડ સ્ટોરીલાઈન પ્રત્યેના પોતાના પ્રેમ પર ભાર મૂક્યો. સતત બદલાતી ઈન્ડસ્ટ્રીમાં, તેણે જમીન સાથે જોડાયેલા રહેવાનાં મહત્વ વિશે પણ વાત કરી હતી. તેણે જણાવ્યું કે તેણે ફોટોગ્રાફીને શોખ તરીકે અપનાવી છે અને તેને કેમેરાની પાછળ રહેવું ગમે છે.

ફાતિમાએ કહ્યું, "મને ફાતિમા સના શેખ, અભિનેત્રી તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ હું એક દીકરી પણ છું, હું એક ઉત્તમ મિત્ર પણ છું, હું નવી વસ્તુઓ શીખું છું અને હું નવી સિક્લ્સ વિકસાવવા માગું છું." પોતાની જાતની કિંમત માત્ર પોતાના કામ સાથે જોડીને ન જોવાની સમજણ વિશે તેણે જણાવ્યું, "તમારે પોતાની જાતને પણ પિછાણવી જોઈએ અને માત્ર તમારા કામ પૂરતાં મર્યાદિત ન રહેવું જોઈએ." તેમણે ઉમેર્યું.

હવે તે પોતાની આગામી ફિલ્મ "તીન કૌવે" માટે તૈયાર છે, જે એક સ્પાય થ્રિલર છે, જેમાં તે ફરી એકવાર એક મજબુત પાત્રમાં જોવા મળશે. "તીન કૌવે"નો ફર્સ્ટ લુક પહેલેથી જ નોંધપાત્ર ચર્ચા જગાવી ચૂક્યો છે, જેમાં તે ખૂબ શાર્પ અને સંપૂર્ણ રીતે બદલાયેલા અવતારમાં દેખાય છે.

રોય કપૂર ફિલ્મ્સની આ સિરીઝ, અબ્બાસ ટાયરવાલા દ્વારા રચાયેલ અને પ્રિયંકા ઘોષ દ્વારા દિગ્દર્શિત કરવામાં આવી છે. જેમાં સિદ્ધાંત ગુપ્તા, ફાતિમા સના શેખ અને બોબી દેઓલ સહિતની કાસ્ટ છે. આ સિરિઝ 1993ના બોમ્બે બ્લાસ્ટ્સના પછીના સમયમાં આકાર લે છે.

# 'તેરી બાતોં મેં ઐસા ઉલઝા જિયા 2' મેડોક ફિલ્મ્સમાં કામ ચાલુ

**મુંબઈ, તા.03**



હિટ રોબોટ લવ સ્ટોરી હવે વધુ મોટી અને સ્ટાર-સ્ટડેડ સિક્વલ માટે તૈયાર થઈ રહી છે. 'તેરી બાતોં મેં ઐસા ઉલઝા જિયા'ની પ્રભાવશાળી બોક્સ ઑફિસ સફળતા અને મજબૂત પ્રતિસાદ બાદ, મેડોક ફિલ્મ્સે શાંતિથી તેની સિક્વલ પર કામ શરૂ કરી દીધું છે. એવા અહેવાલો છે કે, શાહિદ કપૂર અને ક્રિતિ સેનનની આ સાય-ફાઈ રોમેન્ટિક કોમેડી, જે પ્રેમ અને ટેક્નોલોજી પરના અનોખા અભિગમ માટે લોકપ્રિય બની, હવે વધુ મોટી ફ્રેન્ચાઈઝી તરીકે વિસ્તારવામાં આવી રહી છે.

સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, સિક્વલમાં શાહિદ કપૂર અને ક્રિતિ સેનન ફરી પોતાની ભૂમિકામાં જોવા મળશે, જ્યારે જાહ્નવી કપૂર પણ મહત્વપૂર્ણ ભૂમિકામાં જોડાવાની અપેક્ષા છે. "ફિલ્મની વાર્તા જ્યાં તે સમાપ્ત થઈ હતી, ત્યાંથી જ આગળ વધશે." ફિલ્મની બીજી કડી વધુ મોટા સ્કેલ પર કન્સેપ્ટને આગળ ધપાવશે.

એક અન્ય સુત્રએ જણાવ્યું, "હાલમાં સ્ક્રિપ્ટ પર કામ ચાલી રહ્યું છે અને જે ઑગસ્ટ સુધી તૈયાર થવાની અપેક્ષા છે. નિર્માતાઓ 2027ના આગળના ભાગમાં ફિલ્મનું શૂટિંગ શરૂ કરવાનું વિચારી રહ્યાં છે. જોકે, ઘણું બધું 'કોકટેલ 2'ના પ્રદર્શન પર આધારિત રહેશે, કારણ કે તે સ્ટુડિયોની સમયરેખા અને પ્રાથમિકતાઓ નક્કી કરવામાં મદદ કરશે."

જો બધું આયોજન મુજબ જશે, તો 'તેરી બાતોં મેં ઐસા ઉલઝા જિયા 2' મેડોકની કન્ટેન્ટ-ડ્રિવન કમર્શિયલ ફિલ્મોની યાદીમાં વધુ એક રોમાંચક ઉમેરો બની શકે છે.



# ભગવાન મને ક્યારેય એટલી અસુરક્ષા ન આપે કે મારે નેગેટિવ પીઆરનો સહારો લેવો પડે

**મુંબઈ, તા.03**

બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં પેઈડ પીઆર અને નેગેટિવ પીઆરનો મુદ્દો એવો મુદ્દો છે, જે સમયાંતરે ચર્ચામાં આવ્યા કરે છે. હવે રાધિકા મદાને આ મુદ્દે વાત કરી છે. એક્ટ્રેસ રાધિકા મદાને ઈન્ડસ્ટ્રીમાં પેઈડ નેગેટિવ પી.આર. વિશે વાત કરી છે. તેણે જણાવ્યું છે કે તે આવા ટ્રેન્ડમાં માનતી નથી.

એક ઈન્ટરવ્યુમાં, રાધિકા મદાને કહ્યું, "તમે કોઈને નીચે ખેંચીને ક્યારેય આગળ વધી શકતા નથી. ભગવાન મને ક્યારેય એટલી અસુરક્ષા ન આપે કે મારે પોતાની જાતને સારી લગાડવા માટે કોઈને નીચે ખેંચવું પડે કે પેઈડ નેગેટિવ પીઆરનો સહારો લેવો પડે." રાધિકા માને છે કે હિરાફાઈની વિચારસરણી કરતાં પોતાની જાતનું મુલ્ય સમજવામાં પોતાના વિશ્વાસને મહત્વ આપવું જોઈએ.

રાધિકા માને છે કે સફળતા માત્ર એક વ્યક્તિ સુધી મર્યાદિત નથી હતી. તેણે કહ્યું, "મને એવું પણ લાગે છે કે ટોચ પર માત્ર એક વ્યક્તિ માટે જગ્યા નથી. દરેક માટે જગ્યા છે." રાધિકાએ કહ્યું કે ઈન્ડસ્ટ્રીમાં દરેક માટે જગ્યા છે, કોઈએ તેના માટે બીજાને દૂર ખસેડવાની જરૂર નથી. રાધિકાએ કહ્યું, ભારપૂર્વક જણાવ્યું કે તે આવા નકારાત્મક ઉપાયો કરતાં પોતાના કામ પર ધ્યાન આપવાનું પસંદ કરે છે. રાધિકાએ એવો પણ ઈશારો કર્યો કે અભિનેતાઓ અંગેની વાતો ઘણીવાર બહારથી રચાય છે, ખાસ કરીને ડિજિટલ પ્લેટફોર્મ્સ અને સતત પબ્લિકની નજરમાં રહે છે, ત્યારે તે ઘડી કાઢવામાં આવે છે. જોકે, તેણે કહ્યું કે આવી બાબતોથી કી કલાકારોની સફળતા નક્કી થતી નથી.

# ચૈત્રી નવરાત્રિ નિમિત્તે રજૂ થયું શાસ્ત્રીય નૃત્ય



**મુંબઈ, તા.03**

શહેરનાં નૃત્યાંગના બીના મહેતા અને તેમનાં શિષ્યાઓ દ્વારા ચૈત્રી નવરાત્રિ દરમિયાન પાટણના ઐતિહાસિક મહાકાળી માતાના મંદિરમાં ખાસ નૃત્ય પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ મંદિરની સિદ્ધરાજ જયસિંહ દ્વારા 1100 વર્ષ પહેલાં કરવામાં આવી હોવાથી તેનું ઐતિહાસિક મહત્વ રહેલું છે. તેના કારણે નૃત્ય પ્રસ્તુતિ વધુ ખાસ બની ગઈ હતી. બીના મહેતા અને તેમનાં શિષ્યો દ્વારા આ પહેલાં અડાલજની વાવ અને ત્રિકમ બારોટની વાવમાં પણ પ્રસ્તુતિ કરવામાં આવી હતી. પાટણમાં પણ તેમણે વર્લ્ડ હેરિટેજ સાઈટ રાણીની વાવમાં પ્રસ્તુતિ આપી હતી.

# હવાઈ ભાડું વધારશે તો સરકાર દખલગીરી કરશે: એરલાઇન્સ સાથે ટૂંક સમયમાં મીટિંગ કરશે, ATFના ભાવ બમણા, ઈન્ડિગોની ફ્લાઈટ્સ ₹10,000 સુધી મોંઘી

**નવી દિલ્હી, તા.03**

એવિએશન ટર્બાઈન ફ્યુઅલ એટલે કે ATFના ભાવમાં તાજેતરના વધારા પછી ઘણી એરલાઈન્સે ફ્યુઅલ સરચાર્જ વધાર્યો છે. આનાથી મુસાફરો પર વધતા બોજને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર હવે આ મામલે હસ્તક્ષેપ કરવાની તૈયારીમાં છે.

NDTVના એક રિપોર્ટ અનુસાર, સરકાર ટૂંક સમયમાં એરલાઈન્સ સાથે મીટિંગ કરી શકે છે જેથી સામાન્ય લોકોને મોંઘા પ્રવાસમાંથી રાહત મળી શકે.

સરકારે હજુ સુધી કોઈ લેખિત નિર્દેશ જારી કર્યો નથી, પરંતુ એરલાઈન્સ પાસેથી તેમની પ્રાઈસિંગ સ્ટ્રેટેજી અંગે સ્પષ્ટતા માંગવામાં આવી રહી છે.

અધિકારીઓનું કહેવું છે કે સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે મુસાફરોના ભાડામાં વધારો ન થાય.

ATFના ભાવમાં તાજેતરમાં સમજી વિચારીને વધારો કરવામાં આવ્યો હતો. સરકારે એવિએશન સેક્ટરને સપોર્ટ આપવા માટે ભાવમાં કુલ 25%ના વધારાની મંજૂરી આપી હતી. જોકે, સામાન્ય મુસાફરોને રાહત આપવા માટે ઘરેલું ઓપરેશન્સ માટે અસરકારક વધારાને લગભગ 8.5% સુધી જ મર્યાદિત રાખવામાં આવ્યો હતો.

જ્યારે ઈન્ટરનેશનલ ઓપરેશન્સ અને ચાર્ટર્ડ ફ્લાઈટ્સ માટે ATFના ભાવ લગભગ બમણા થઈ ગયા છે. તે 96,638.14 પ્રતિ કિલોલીટરથી વધીને 2,07,341.22 પ્રતિ કિલોલીટર પર પહોંચી ગયો છે. ઘરેલું ATFની કિંમત હવે 1,04,927.18 પ્રતિ કિલોલીટર




થઈ ગઈ છે.

જોકે સરકારે ઘરેલુ સ્તરે બોજ ઓછો રાખવાનો પ્રયાસ કર્યો, પરંતુ દેશની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગોએ ફ્યુઅલ સરચાર્જમાં ફેરફાર કર્યો. ઈન્ડિગોએ અગાઉના 425 રૂપિયાના ફ્લેટ સરચાર્જને હટાવીને હવે અંતરના હિસાબે નવું માળખું લાગુ કર્યું છે.

ડોમેસ્ટિક રૂટ્સ: હવે અંતરના આધારે 275 રૂપિયાથી લઈને 950 રૂપિયા સુધીનો ફ્યુઅલ સરચાર્જ લાગશે. ઓછા અંતરની ફ્લાઈટ્સ માટે આ રાહતની વાત છે, પરંતુ લાંબા અંતરની ઘરેલુ ફ્લાઈટ્સ મોંઘી થઈ ગઈ છે.

ઈન્ટરનેશનલ રૂટ્સ: અહીં સૌથી વધુ અસર પડી છે. યુરોપ જેવા લોંગ-હોલ રૂટ્સ પર ઈન્ડિગોએ ફ્યુઅલ સરચાર્જ 10,000 રૂપિયા સુધી વધારી દીધો છે. આ નવા દરો 2 એપ્રિલથી લાગુ થઈ ગયા છે.

એવિએશન સેક્ટરના જાણકારોનું કહેવું છે કે કોઈપણ એરલાઈનના કુલ ઓપરેટિંગ કોસ્ટ (સંચાલન ખર્ચ)માં ફ્યુઅલનો હિસ્સો લગભગ 40% હોય છે. આવી સ્થિતિમાં, ATFની કિંમતોમાં સહેજ પણ ફેરફાર એરલાઈન્સના નફા પર સીધી અસર કરે છે. એરલાઈન્સનો તર્ક છે કે ખર્ચ વધવાને કારણે તેઓ આ બોજ મુસાફરો પર નાખવા મજબૂર છે.

માર્કેટ એક્સપર્ટ્સનું માનવું છે કે કેન્દ્ર સરકારના હસ્તક્ષેપ પછી એરલાઈન્સને તેમના વધેલા સરચાર્જ પર ફરીથી વિચાર કરવો પડી શકે છે. સરકાર ઈચ્છે છે કે એરલાઈન્સ ગ્રાહકો પર પૂરો બોજ ન નાખે, પરંતુ તેને ધીમે ધીમે એડજસ્ટ કરે. જો વાતચીત સફળ રહે છે, તો આવનારા દિવસોમાં કેટલાક રૂટ્સ પર સરચાર્જમાં ઘટાડો અથવા રોલબેક જોવા મળી શકે છે.

જ્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં તેલની કિંમતો ખૂબ વધી જાય છે, ત્યારે એરલાઈન્સ બેઝ ફેર (આધાર ભાડું) વધારવાને બદલે ટિકિટ પર એક વધારાનો શુલ્ક ઉમેરે છે, જેને ફ્યુઅલ સરચાર્જ કહેવાય છે. તેલની કિંમતો ઓછી થવા પર તેને ઘટાડી અથવા હટાવી શકાય છે, જ્યારે બેઝ ફેરમાં ફેરફાર કરવો થોડો જટિલ હોય છે.

## સોના-ચાંદીમાં મહાકડાકો બોલાશે, ક્રૂડ ઓઈલ પણ ધરાશાયી થઈ જશે, ડરામણી 'ભવિષ્યવાણી'



**નવી દિલ્હી, તા.03**

જાણીતા અમેરિકન માર્કેટ એનાલિસ્ટ અને 'ElliottWaveTrader.net'ના સ્થાપક એવી ગિલ્બર્ટ(Avi Gilburt) દ્વારા સોના અને ચાંદીના ભાવમાં મોટા ઘટાડાની ચેતવણી આપવામાં આવી છે. ગિલ્બર્ટના ટેકનિકલ વિશ્લેષણ મુજબ, સોનાના ભાવમાં હજુ પણ 20% જેટલો ઘટાડો થઈ શકે છે, જે આંતરરાષ્ટ્રીય બજારમાં 4775 ડૉલરથી ઘટીને 3800 ડૉલર પ્રતિ ઔંસ સુધી જઈ શકે છે. ભારતીય રૂપિયામાં આ ઘટાડો અંદાજે 1.18 લાખની આસપાસ હોઈ શકે છે. ગિલ્બર્ટનું માનવું છે કે બજારમાં અત્યારે જે ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે તે 1980ના દાયકા જેવો છે અને રોકાણકારોએ અત્યારે સાવધ રહેવાની જરૂર છે.

સોનાની ચાલ અંગે ગિલ્બર્ટે બે શક્યતાઓ દર્શાવી છે. પ્રથમ શક્યતા મુજબ કિંમતો અહીંથી જ ધીમે-ધીમે ઘટવાની શરૂઆત થશે. જ્યારે બીજી અને વધુ જોખમી શક્યતા મુજબ, સોનું પહેલા 4800 ડૉલર અને ત્યારબાદ 5200 ડૉલરની સપાટી વટાવી શકે છે. આ તેજી જોઈને લોકોને લાગશે કે ઘટાડો પૂરો થઈ ગયો છે, પરંતુ વાસ્તવમાં આ એક પ્રકારની છેતરપિંડી હશે અને ત્યાર બાદ કિંમતોમાં મોટો કડાકો આવી શકે છે. આવી જ સ્થિતિ ચાંદીમાં પણ જોવા મળી શકે છે, જે ઘટીને 40થી 53.50 ડૉલર સુધી નીચે આવી શકે છે. જોકે, લાંબા ગાળાના રોકાણકારો માટે 60 ડૉલરથી નીચેની ચાંદી ખરીદવાની શાનદાર તક સાબિત થઈ શકે છે. માર્કેટના આ નિષ્ણાતનું માનવું છે કે વર્તમાન બજારનું માળખું 2011 જેવું દેખાઈ રહ્યું છે, જ્યાં મોટા ટ્રેન્ડ પહેલા ઘટાડો જોવા મળ્યો હતો. સોના-ચાંદી ઉપરાંત, તેમણે માઈનિંગ સ્ટોક્સમાં સારા વળતરની આશા વ્યક્ત કરી છે. સૌથી ચોંકાવનારી આગાહી તેમણે ક્રૂડ ઓઈલ માટે કરી છે. તેમના મતે અત્યારે ઓઈલમાં ભલે થોડી તેજી દેખાય, પરંતુ આ વર્ષના અંત સુધીમાં ક્રૂડ ઓઈલના ભાવ 50 ડૉલર પ્રતિ બેરલથી પણ નીચે જઈ શકે છે. ગિલ્બર્ટના મતે આ ઘટાડો રોકાણકારો માટે ભવિષ્યમાં મોટી તકો લાવશે, પરંતુ હાલમાં ઉતાવળે નિર્ણય લેવાને બદલે ધીરજ રાખવી હિતાવહ છે.

## ચીને 1000 અબજ યુઆન પાછા ખેંચ્યા

**અમદાવાદ, તા.03**



ચીનની સેન્ટ્રલ બેંકે એક એવું પગલું ભર્યું છે જેણે વિશ્વભરના બજારોનું ધ્યાન ખેંચ્યું છે. બજારમાં લગભગ એક વર્ષ સુધી સતત ભંડોળ ઉમેર્યા પછી ચીનની સેન્ટ્રલ બેંકે હવે દિશા બદલી છે અને પ્રથમ વખત સિસ્ટમમાંથી ભંડોળ પાછું ખેંચી લીધું છે. માર્ચમાં, બેંકે કુલ આશરે ૧૧૪૦ અબજ યુઆન તરલતા પાછી ખેંચી લીધી છે. જાણકારોના મતે આ પગલું અચાનક લાગે છે, પરંતુ તેની પાછળ એક મોટી વ્યૂહરચના છે.

કેટલાક સમયથી, ચીનનું અર્થતંત્ર મંદીનો સામનો કરી રહ્યું હતું, તેથી સરકાર અને સેન્ટ્રલ બેંકે સંયુક્ત રીતે વ્યવસાયોને ટેકો આપવા માટે બજારમાં ભંડોળ દાખલ કર્યું હતું. પરંતુ હવે ચિત્ર બદલાતું દેખાય છે.

વર્ષની શરૂઆતમાં અર્થતંત્રમાં ગતિ આવી છે. દરમિયાન, ઈરાન યુદ્ધને કારણે તેલના ભાવમાં વધારો થયો છે, જેના કારણે ફુગાવાનું જોખમ વધ્યું છે. આ જ કારણ છે કે બેંક સાવધ બની છે અને બિનજરૂરી ભંડોળ નાખવાનું ટાળી રહી છે.

એક અહેવાલ મુજબ, નિષ્ણાતો માને છે કે આ પગલું સૂચવે છે કે ચીનની મધ્યસ્થ બેંક હાલમાં બજારમાં પૈસા ભરવાના મૂડમાં નથી. બેંક એ સંકેત આપવા માંગે છે કે સિસ્ટમમાં પહેલાથી જ પૂરતા પૈસા છે અને વધારાની સહાયની જરૂર નથી. આનો અર્થ એ છે કે બેંક તેની તાકાત બચાવવા માંગે છે જેથી ભવિષ્યમાં પરિસ્થિતિ વધુ વણસે તો તે તાત્કાલિક પગલાં લઈ શકે.

રસપ્રદ વાત એ છે કે, આટલા મોટા ઉપાડ છતાં, ત્યાં વ્યાજ દરો યથાવત રહ્યા છે. આનો સ્પષ્ટ અર્થ એ છે કે ઉપાડ છતાં, આથક વાતાવરણ સ્થિર અને સંતુલિત છે.

જો કે બેંક હાલમાં સાવધ દેખાઈ રહી છે, ઘણા નિષ્ણાતો માને છે કે ભવિષ્યમાં પરિસ્થિતિ બદલાઈ શકે છે. જો ફુગાવો નોંધપાત્ર રીતે વધશે નહીં અથવા આર્થિક દબાણ ફરી વધશે, તો બેંક વ્યાજ દર ઘટાડી શકે છે અથવા બેંકો માટે રોકડ અનામત નિયમો હળવા કરી શકે છે. આનો અર્થ એ છે કે રમત હજુ પૂરી થઈ નથીત વાસ્તવિક પગલાં પછીથી આવી શકે છે. ચીનની મધ્યસ્થ બેંક હાલમાં સંતુલિત અને ગણતરીપૂર્વકનો અભિગમ અપનાવી રહી છે.

## પાકિસ્તાનમાં પેટ્રોલ-ડીઝલમાં રેકોર્ડ મોંઘવારી: પેટ્રોલ 137 રૂપિયા મોંઘુ થઈને 458/લિટર, ડીઝલ 184 વધીને 520 થયું, ઈરાન યુદ્ધની અસર

**નવી દિલ્હી, તા.03**

પાકિસ્તાનમાં પહેલીવાર ડીઝલ-પેટ્રોલ સૌથી મોંઘુ થયું છે. એક લિટર પેટ્રોલ 458 અને ડીઝલ 520 રૂપિયા (પાકિસ્તાની રૂપિયા) ને પાર પહોંચી ગયું છે. સરકારે પેટ્રોલની કિંમતોમાં 43% અને હાઈ-સ્પીડ ડીઝલ (HSD)ના ભાવમાં 55%નો વધારો કર્યો છે.

આ નિર્ણય અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે ગ્લોબલ માર્કેટમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં આવેલા ઉછાળા બાદ લેવામાં આવ્યો છે. નવા દરો ગુરુવાર મધ્યરાત્રિથી લાગુ થઈ ગયા છે.

વધારા બાદ પાકિસ્તાનમાં હવે પેટ્રોલ 458.41 અને ડીઝલ 520.35 રૂપિયા પ્રતિ લિટર પર પહોંચી ગયું છે. કેરોસીનના ભાવ પણ 34.08 રૂપિયા વધારીને 457.80 રૂપિયા પ્રતિ લિટર કરી દેવામાં આવ્યા છે.

ગયા મહિને પેટ્રોલ-ડીઝલ 55 રૂપિયા મોંઘુ થયું હતું. પાકિસ્તાનના 1 રૂપિયાની કિંમત ભારતના 33 પૈસા બરાબર હોય




છે. એટલે કે ભારતના 100 રૂપિયાની કિંમત પાકિસ્તાનમાં લગભગ 300 રૂપિયા બરાબર છે.

કિંમતોમાં સંતુલન જાળવી રાખવા માટે સરકારે પેટ્રોલિયમ ટેક્સ દરોમાં પણ ફેરફાર કર્યો છે. પેટ્રોલ પર ટેક્સ 105 રૂપિયાથી વધારીને 160 રૂપિયા પ્રતિ લિટર કરવામાં આવ્યો છે. જ્યારે ડીઝલની કિંમતોમાં વધુ ઉછાળો ન આવે તે માટે તેના પરનો ટેક્સ 55 રૂપિયાથી ઘટાડીને શૂન્ય કરવામાં આવ્યો છે.

પાકિસ્તાનના પેટ્રોલિયમ મંત્રી અલી પરવેઝ મલિકે આ નિર્ણયને મુશ્કેલ નિર્ણય ગણાવ્યો છે. તેમણે કહ્યું કે ગ્લોબલ માર્કેટની સ્થિતિને જોતા આ પગલું ભરવું જરૂરી હતું.

સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય નાણાકીય શિસ્ત જાળવી રાખવાનો અને આર્થિક સ્થિરતા બચાવવાનો છે. મલિકના મતે, સરકાર હવે સબસિડી ફક્ત તે જ વર્ગોને આપશે જેમને તેની સૌથી વધુ જરૂર છે.

વડાપ્રધાનના આર્થિક બાબતોના સલાહકાર ખુર્રમ શહેઝાદે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે ગયા મહિને પેટ્રોલના વપરાશમાં 8% અને ડીઝલના વપરાશમાં 13% નો વધારો નોંધાયો હતો.

આ વપરાશને નિયંત્રિત કરવા માટે કિંમતોમાં વધારો કરવામાં આવ્યો. તેમણે જણાવ્યું કે સરકાર છેલ્લા ત્રણ અઠવાડિયાથી આ કિંમતોને રોકવાનો પ્રયાસ કરી રહી હતી, પરંતુ વૈશ્વિક પરિસ્થિતિઓને જોતા હવે તે શક્ય નથી રહ્યું.

મોંઘવારી: ડીઝલના ભાવ વધવાથી માલસામાનની હેરફેર મોંઘી થશે, જેનાથી ફળ, શાકભાજી અને રોજિંદા વપરાશની વસ્તુઓ મોંઘી થઈ જશે.

ખેતી: ટ્રેક્ટર અને ટ્યુબવેલ ચલાવવા માટે ડીઝલ મોંઘું થવાથી પાકની કિંમત વધશે.

નિષ્ણાતોનું માનવું છે કે જો યુદ્ધ લાંબુ ચાલશે, તો પાકિસ્તાનમાં ઈંધણના ભાવ 600 રૂપિયાને પાર કરી શકે છે, જેનાથી દેશમાં મોંઘવારીનો નવો રેકોર્ડ બની શકે છે.

## ફ્લાઈટમાં 60% સીટ ફ્રી આપવાના નિર્ણય પર રોક: સરકારે 15 દિવસમાં નિર્ણય બદલ્યો, ઘણી એરલાઇન્સે આપત્તિ દર્શાવી હતી

**નવી દિલ્હી, તા.03**

કેન્દ્ર સરકારે એરલાઈન્સને ફ્લાઈટમાં 60% સીટ કોઈ વધારાના શુલ્ક વિના પસંદ કરવાની મંજૂરી આપતા નિર્દેશને અસ્થાયી રૂપે રોકી દીધો છે. ન્યૂઝ એજન્સી PTIએ સૂત્રોને ટાંકીને જણાવ્યું કે આ નિયમ 20 એપ્રિલથી લાગુ થવાનો હતો, પરંતુ હવે તેને આગામી આદેશ સુધી મુલતવી રાખવામાં આવ્યો છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે 15 દિવસ પહેલા 18 માર્ચે જણાવ્યું હતું કે ડીજીસીએને નિર્દેશ આપવામાં આવ્યા છે કે કોઈપણ ફ્લાઈટમાં સીટ પસંદગી માટે ઓછામાં ઓછી 60% બેઠકો વિના શુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવે. આનો ઉદ્દેશ્ય મુસાફરોને સીટ પસંદ કરવામાં સમાન તક આપવાનો હતો. મંત્રાલય અનુસાર, આ મુદ્દાની સમીક્ષા દરમિયાન ફેડરેશન ઓફ ઈન્ડિયન એરલાઈન્સ તરફથી વાંધાઓ મોકલવામાં આવ્યા હતા. આમાં ઓપરેશનલ અસર, ભાડા પર અસર અને હાલની ડિરેગ્યુલેટેડ ટેરિફ વ્યવસ્થા સાથે તાલમેલ જેવા મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા. મંત્રાલયે કહ્યું કે વ્યાપક તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી 60% બેઠકો મફત આપવાની જોગવાઈ લાગુ કરવામાં આવશે નહીં. વર્તમાન નિયમો અનુસાર, મુસાફરો માટે 20% બેઠકો જ વધારાના શુલ્ક વિના બુક કરી શકાય છે, જ્યારે બાકીની બેઠકો માટે ચૂકવણી કરવી પડે છે. રિપોર્ટ્સ અનુસાર,



હાલમાં એરલાઈન્સ પસંદગીની બેઠકો પસંદ કરવા પર 500 થી 3000 રૂપિયા સુધીનો વધારાનો ચાર્જ લે છે. ઘણીવાર જોવા મળે છે કે ટિકિટ બુકિંગ પછી જ્યારે મુસાફરો વેબ ચેક-ઈન કરે છે, ત્યારે તેમને ફ્રી સીટના નામે ફક્ત 20% વિકલ્પો જ મળે છે. બાકીની સીટો માટે કંપનીઓ 'પ્રેફર્ડ સીટ'ના નામે ભારે વસૂલાત કરે છે. DGCAના 15 દિવસ જૂના આદેશમાં કહેવામાં આવ્યું હતું કે દરેક ફ્લાઈટમાં 60% સીટો એવી હોવી જોઈએ, જેને મુસાફરો કોઈ વધારાના ચાર્જ વિના પસંદ કરી શકે. જોકે, આ હજુ લાગુ પડશે નહીં. સિવિલ એવિએશન મંત્રી રામ મોહન નાયડુએ જણાવ્યું કે ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું ઘરેલું એવિએશન માર્કેટ બની ગયું છે. ભારતીય એરપોર્ટ હવે દરરોજ 5 લાખથી વધુ મુસાફરોને સંભાળી રહ્યા છે. ઉડાન યોજનાથી ભારતમાં હવાઈ મુસાફરી હવે માત્ર ધનિક લોકોનો અધિકાર ન રહેતા, બધા માટે સુલભ બની ગઈ છે. દેશમાં હવાઈ મુસાફરીને વધુ સરળ બનાવવા માટે સતત પ્રયાસો ચાલુ છે, જેમ કે ઉડાન યાત્રી કેફે, જ્યાં સસ્તું ભોજન મળે છે, ફ્લાયબ્રેરીમાં પુસ્તકો મફત વાંચવા મળે છે અને ટર્મિનલ પર ફ્રી વાઈ-ફાઈ.

## OTP વગર ઓનલાઈન પેમેન્ટ થઈ શકશે: બેંક-ટેલિકોમ કંપનીઓ 'સાયલન્ટ ઓથેન્ટિકેશન' લાવશે, જો સિમ-ડિવાઈસ મેચ નહીં થાય તો ટ્રાન્ઝેક્શન અટકશે

**નવી દિલ્હી, તા.03**

દેશની મોટી પ્રાઈવેટ બેંકો અને ટેલિકોમ કંપનીઓ 'સાયલન્ટ ઓથેન્ટિકેશન' ટેકનિક પર કામ કરી રહી છે. આનાથી ઓનલાઈન પેમેન્ટ કરવા પર વન-ટાઈમ પાસવર્ડ (OTP)ની જરૂરિયાત ખતમ થઈ જશે. આ સિસ્ટમ બેકગ્રાઉન્ડમાં જ ચેક કરી લેશે કે બેંક એપમાં રજિસ્ટર્ડ નંબર અને ફોનનું સિમ કાર્ડ મેચ થઈ રહ્યા છે કે નહીં. જો સિમ અને નંબર મેચ નહીં થાય, તો ટ્રાન્ઝેક્શન તરત જ બ્લોક થઈ જશે. ખાસ વાત એ છે કે આમાં યુઝરને કંઈ પણ કરવાની જરૂર નહીં પડે. આ ટેકનિક ઈ-સિમ (eSIM) પર પણ કામ કરશે. આનાથી સિમ ક્લોનિંગ અને ઈ-સિમ સ્વેપ જેવા ફ્રોડ અટકશે. આ જાણકારી એક્સિસ બેંકના ડિજિટલ બિઝનેસ હેડ સમીર શેટ્ટીએ આપી.

શેટ્ટીએ જણાવ્યું, 'અમે ટેલિકોમ કંપનીઓ સાથે મળીને સાયલન્ટ ઓથેન્ટિકેશનના ઘણા પાયલટ પ્રોજેક્ટ્સ પર કામ કરી રહ્યા છીએ. જો કોઈ વ્યક્તિ એપમાં લોગ-ઈન હોય, પરંતુ તેનો મોબાઈલ નંબર રજિસ્ટર્ડ નંબર સાથે મેચ ન થાય, તો ટેલિકોમ નેટવર્ક અમને તેનો સિગ્નલ આપશે. આનાથી અમે ગ્રાહકને પરેશાન કર્યા વિના સંભવિત ફ્રોડ શોધી શકીશું.'




PWC ઈન્ડિયાના સાયબર લીડર સુંદરેશ્વર કૃષ્ણમૂર્તિના મતે, અત્યાર સુધી સુરક્ષાના સ્તરો એવા હતા, જેને સરળતાથી હેક કરી શકાતા હતા. હવે બેંક અને ટેલિકોમ કંપનીઓ વેરિફિકેશનને નેટવર્કના મુખ્ય ભાગમાં જ શિફ્ટ કરી રહી છે.

આ સિસ્ટમ બેકગ્રાઉન્ડમાં કામ કરશે, જેને યુઝર કે હેકર જોઈ શકશે નહીં. સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તેમાં ફેસ ID અને એપની અંદર જ કોડ (OTP) જનરેટ થવા જેવી સુવિધાઓ પણ ઉમેરવામાં આવી રહી છે.

ભારતીય રિઝર્વ બેંક (RBI)ના નવા નિયમો હેઠળ, હવે દેશમાં તમામ ડિજિટલ ટ્રાન્સઝેક્શન માટે ટુ-ફેક્ટર ઓથેન્ટિકેશન (2FA) ફરજિયાત કરવામાં આવ્યું છે.

આમાં પાસવર્ડ અથવા પિન (જે તમને યાદ હોય), OTP અથવા એપ કોડ (જે તમારા ફોનમાં હોય) અને બાયોમેટ્રિક્સ (જેમ કે ચહેરો અથવા અંગૂઠો) શામેલ છે.

જોકે, SMS દ્વારા આવતા OTPને બંધ કરવામાં આવ્યા નથી, પરંતુ બેંકોને હવે ફિંગરપ્રિન્ટ અને ડિવાઈસની પોતાની સુરક્ષા જેવી આધુનિક પદ્ધતિઓનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે. નવા નિયમો પછી, હવે બેંકો OTP મોકલવા માટે વોટ્સએપ જેવી થર્ડ-પાર્ટી એપ્સનો પણ ઉપયોગ કરી શકશે. અંદાજ છે કે દર મહિને લગભગ 1000 કરોડ ટ્રાન્ઝેક્શનલ મેસેજ મોકલવામાં આવે છે. ક્લાઉડ કોમ્યુનિકેશન કંપની સિંચના MD નિતિન સિંઘલે જણાવ્યું કે આ બદલાવથી ગ્રાહકોનો અનુભવ સુધરશે અને ટ્રાન્ઝેક્શન નિષ્ફળ થવાનો દર પણ ઘટશે.

બ્રાન્ડ્સ માટે પણ આ ફાયદાકારક રહેશે, કારણ કે ચેકઆઉટ પ્રક્રિયા સરળ બનવાથી ગ્રાહકોનો વિશ્વાસ વધશે અને ડિજિટલ અપનાવવાની ગતિ તેજ થશે.

## ઈરાન યુદ્ધને પરિણામે માર્ચમાં દેશની ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિઓને ફટકો

**મુંબઈ, તા.03**

ફેબ્રુઆરીની અંતિમ તારીખથી શરૂ થયેલા ઈરાન યુદ્ધની ભારતની માર્ચ મહિનાની ઉત્પાદન પ્રવૃત્તિ પર ગંભીર અસર પડી હોવાનું પ્રાપ્ત અહેવાલમાં જણાવાયું છે.

એસએન્ડપી ગ્લોબલ દ્વારા જારી કરાયેલ એચએસબીસી ઈન્ડિયા ઉત્પાદન ક્ષેત્રનો માર્ચનો પરચેઝિંગ મેનેજર્સ' ઈન્ડેક્સ (પીએમઆઈ) ઘટી ૫૩.૯૦ સાથે ૪૫ મહિનાની નીચી સપાટીએ રહ્યો છે. ફેબ્રુઆરીમાં આ આંક ૫૬.૯૦ રહ્યો હતો.

સપ્ટેમ્બર, ૨૦૨૧માં ૫૩.૭૦ રહ્યા બાદ વર્તમાન વર્ષના માર્ચનો ઉત્પાદન ક્ષેત્રનો પીએમઆઈ અત્યારસુધીનો નીચો રહ્યો છે.

૨૦૨૬ના પ્રારંભિક બે મહિનામાં સતત વધીને આવ્યા બાદ પીએમઆઈમાં સ્થિતિ રિવર્સ



થઈ છે જે માટે ઈરાન યુદ્ધ કારણભૂત હોવાનું જણાવાઈ રહ્યું છે.

૨૦૨૪ તથા ૨૦૨૫ના વર્ષમાં પીએમઆઈ મોટેભાગે ૫૫થી ૫૯ની રેન્જમાં રહ્યો હતો. ઓગસ્ટ ૨૦૨૫માં તો ૫૯.૩૦ સુધી જોવા મળ્યો હતો.

ઈરાન યુદ્ધને કારણે હોર્મુઝ ખાડી બંધ પડી જતા દેશમાં ક્રુડ ઓઈલનો ફ્લો અવરોધાયો છે જેની સીધી અસર માલસામાનના ઉત્પાદન પર પડી છે.

માર્ચમાં ઉત્પાદન તથા નવા ઓર્ડરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જે માગ મંદ હોવા ઉપરાંત વ્યાપક અનિશ્ચિતતા પ્રવર્તી રહી હોવાના સંકેત આપે છે.

યુદ્ધને કારણે એલ્યુમિનિયમ, કેમિકલ્સ સહિત અનેક પ્રોડકટસ માટેના કાચા માલના ખર્ચમાં વધારો થયો છે. કંપનીઓ હાલમાં તો આ ખર્ચને ગ્રહણ કરી રહી છે અને પ્રોડકટસની કિંમત વધારવાનું ટાળી રહી છે.

પડકારરૂપ બજાર સ્થિતિ, ઊંચા ખર્ચ તથા યુદ્ધને કારણે ઊભી થયેલી ખલેલો ઉત્પાદનમાં ઘટાડા માટે કારણભૂત છે. કાચા માલના ભાવ ૨૦૨૨ના ઓગસ્ટ બાદ સૌથી ઝડપી વધ્યા છે. ઘરઆંગણે ઓર્ડરો ભલી ધીમા રહ્યા હોય પરંતુ નિકાસ મોરચે કંપનીઓની કામગીરી મજબૂત રહી છે અને નિકાસ વેચાણ ગયા વર્ષના સપ્ટેમ્બર સૌથી ઊંચુ રહ્યું હોવાનો રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે.

## કાર્ટિયર ઘડિયાળોથી 300% સુધીનો નફો, રોલેક્સ પછડાઈ: રોકાણમાં હવે માત્ર શેર કે સોનું જ નફાની ગેરંટી નથી, લક્ઝરી ઘડિયાળો પણ એસેટ ક્લાસ

**પેરિસ, તા.03**

શું તમારી કાંડા પર બાંધેલી ઘડિયાળ તમારી બેંક FD, શેર કે રિયલ એસ્ટેટ કરતાં વધુ સારું વળતર આપી શકે છે? લક્ઝરી ઘડિયાળ બજારના તાજેતરના આંકડા કંઈક આ જ તરફ ઈશારો કરી રહ્યા છે. ઓનલાઈન ઘડિયાળ માર્કેટપ્લેસ 'ક્રોનો24'ના રિપોર્ટમાંથી એક રસપ્રદ ટ્રેન્ડ સામે આવ્યો છે. તે ટ્રેન્ડ એ છે કે મોંઘા અને હાઈ-એન્ડ ઘડિયાળ મોડેલ રોલેક્સ, પાટેક ફિલિપની સરખામણીમાં કાર્ટિયર જેવી મિડ રેન્જની લક્ઝરી બ્રાન્ડ્સે વધુ સારો નફો આપ્યો.

રિપોર્ટ અનુસાર વર્ષ 2018 થી લઈને 2026 દરમિયાન પેરિસ સ્થિત જ્વેલર કંપની કાર્ટિયરની 'ટેન્ક વર્મીલ' ઘડિયાળની કિંમતમાં




લગભગ 300%નો વધારો જોવા મળ્યો. રસપ્રદ વાત એ છે કે સૌથી વધુ નફો આપતી ટોપ-20 ઘડિયાળોની યાદીમાં રોલેક્સનું કોઈ પણ મોડેલ સ્થાન બનાવી શક્યું નહીં.

રોલેક્સની સૌથી વધુ વેચાતી ડેટજસ્ટ 41ની કિંમત વર્ષ 2018થી અત્યાર સુધીમાં માત્ર 59 ટકા જ વધી છે. આ યાદીમાં કાર્ટિયરના 10, ઓમેગાના 5 અને જેગર-લેકોલ્ટ્રેના 2 મોડલ છે. આ રિપોર્ટ અનુસાર, જે ઘડિયાળોની કિંમત લાંબા ગાળા (2018-2026)માં વધી, તે 2022 પછી બજારમાં આવેલી મંદી છતાં મજબૂત રહી અને તેમની કિંમતમાં સતત વધારો થતો રહ્યો.

જોકે, નિષ્ણાતોનું કહેવું છે કે રોલેક્સના મોડલ 2018 સુધીમાં પહેલેથી જ તેમની ટોચની કિંમત પર હતા. કોવિડ મહામારી દરમિયાન કિંમતોમાં જે ઉછાળો આવ્યો હતો, ત્યારબાદ હવે બજાર સ્થિર થઈ રહ્યું છે. જ્યારે, કાર્ટિયર જેવી ઘડિયાળો, જે થોડા વર્ષો પહેલા સુધી ખૂબ ઓછી કિંમતે ઉપલબ્ધ હતી, તે હવે આઈકોનિક ડિઝાઈનને કારણે કલેક્ટર્સની પ્રથમ પસંદ બની ગઈ છે.

મિડ-રેન્જ ઘડિયાળોની કિંમતોમાં વધારાનું કારણ 'લો બેઝ ઈફેક્ટ' અને 'ઓર્ગેનિક ડિમાન્ડ' છે. એટલે કે, કેટલાક વર્ષો પહેલાની સરખામણીમાં કિંમતો ઝડપથી વધી છે. આ ઉપરાંત, કોરોનાકાળમાં કેટલાક લોકોએ ઘડિયાળો શોખથી નહીં, પરંતુ માત્ર નફો કમાવવા માટે ખરીદી અને મોંઘા ભાવે વેચવાનું શરૂ કરી દીધું. આનાથી વિપરીત, સસ્તું અને આઈકોનિક ડિઝાઈનવાળી ઘડિયાળોની માગ કલેક્ટર્સ વચ્ચે જળવાઈ રહી. આનાથી તેમની કિંમતમાં 200% સુધીનો સ્થિર વધારો જોવા મળ્યો. આ બદલાતા ટ્રેન્ડ પરના અભ્યાસ સાથે સંકળાયેલા બાલાજ ફેરેન્જી કહે છે, 'ઘડિયાળોની ખાસ વાત તેમની કિંમત નથી, પરંતુ તેમની ક્લાસિક ડિઝાઈન અને કાયમી માગ છે, જે કોઈ વેઈટિંગ લિસ્ટ પર નહીં પરંતુ વાસ્તવિક કલેક્ટર વેલ્યુ પર આધારિત છે.'

# સાણંદમાં વૃદ્ધોને રિક્ષામાં બેસાડી લૂંટ ચલાવતી ગેંગ ઝડપાઈ, એક મહિલા સહિત 4ની ધરપકડ

**અમદાવાદ, તા.03**

અમદાવાદના સાણંદ અને આસપાસના વિસ્તારોમાં રાહદારીઓ, ખાસ કરીને સિનિયર સિટીઝનોને નિશાન બનાવતી એક ખતરનાક રિક્ષા ગેંગનો સાણંદ પોલીસે પર્દાફાશ કર્યો છે. ગત 31મી માર્ચ 2026ના રોજ બનેલી લૂંટની ઘટનાની તપાસમાં પોલીસે ગણતરીના દિવસોમાં જ એક મહિલા સહિત ચાર આરોપીઓને દબોચી લીધા છે.



મળતી માહિતી અનુસાર, આ ગેંગ અત્યંત ચાલાકીપૂર્વક લૂંટને અંજામ આપતી હતી. આરોપીઓ પોતાની સીએનજી (CNG) રિક્ષામાં અગાઉથી જ પેસેન્જર તરીકે બેસી જતા, જેથી રસ્તા પર ઉભેલા વૃદ્ધોને શંકા ન જાય. 31મી માર્ચના રોજ બાવળા રોડ પરથી પસાર થતા એક વૃદ્ધને રિક્ષામાં બેસાડ્યા બાદ આરોપીઓએ અસલી સ્વરૂપ ધારણ કર્યું હતું. રિક્ષા થોડે દૂર પહોંચતા જ એક આરોપીએ વૃદ્ધને છરી બતાવી ડરાવ્યા હતા, જ્યારે અન્ય બે શખસોએ વૃદ્ધને માર મારી ઈજા પહોંચાડી હતી. આરોપીઓ વૃદ્ધના શર્ટમાં લાગેલા એક તોલા વજનના સોનાના 4 બટન લૂંટીને ફરાર થઈ ગયા હતા.

વૃદ્ધની ફરિયાદ બાદ સાણંદ પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી આખી ગેંગને ઝડપી પાડી છે. આ ગેંગનો મુખ્ય આરોપી 44 વર્ષીય પ્રકાશ ઉર્ફે જાડિયો પટણી તેની સામે ચોરી, લૂંટ, જુગાર અને દારૂના કુલ 18 જેટલા ગુના નોંધાયેલા છે. 44 વર્ષીય દિલીપ જખવાડિયા સામે પણ ગુજરાત યુનિવર્સિટી અને ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં 2 ગુના નોંધાયેલા છે. અન્ય આરોપીઓમાં 50 વર્ષીય વિજય પટણી અને મહિલા આરોપી પૂનમ જંદાવડાનો સામેલ છે. જેમાં મહિલા આરોપી પૂનમ સામે પણ અગાઉ ગાંધીનગર સેક્ટર-21 અને ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં ચોરી અને લૂંટના 2 ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે.

આરોપીઓ પાસેથી લૂંટમાં ગયેલા સોનાના બટન, રિક્ષા, 5 મોબાઈલ ફોન અને છરી સહિત કુલ 3,11,500 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસની કડક પૂછપરછમાં આ ગેંગે બાવળામાં પણ આ જ પ્રકારે એક વ્યક્તિ પાસેથી 12000 રૂપિયા લૂંટી લીધાની કબૂલાત કરી છે.

# અમદાવાદ એરપોર્ટ પર DRIની મોટી કાર્યવાહી: બેંગકોકથી લાવવામાં આવેલો 2 કરોડનો હાઈબ્રિડ ગાંજો ઝડપાયો

**અમદાવાદ, તા.03**



અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ડ્રગ્સની હેરાફેરીનો વધુ એક મોટો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI) અને એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU)એ સંયુક્ત કાર્યવાહી કરીને બેંગકોકથી અમદાવાદ આવેલા બે શખસો પાસેથી કરોડો રૂપિયાની કિંમતનો નશીલો પદાર્થ જપ્ત કર્યો છે.

મળતી માહિતી અનુસાર, એરપોર્ટ સુરક્ષા એજન્સીઓને અગાઉથી જ નશીલા પદાર્થની હેરફેર અંગે બાતમી મળી હતી. આ બાતમીના આધારે વિયેટ જેટ એરલાઈન્સની ફ્લાઈટ દ્વારા બેંગકોકના ડોન મુઆંગ એરપોર્ટથી અમદાવાદ ઉતરેલા બે શખસો પર વોચ રાખવામાં આવી હતી. મુસાફરો એરપોર્ટ પર ઉતરતા જ તપાસ સંસ્થાઓએ તેમની અટકાયત કરી હતી.

શંકાસ્પદ મુસાફરોના સામાનની સઘન તપાસ કરવામાં આવતા અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. ટ્રોલી બેગની અંદરથી 8 જેટલા વેક્યૂમ-સીલ કરેલા પ્લાસ્ટિક પેકેટ મળી આવ્યા હતા. તપાસ દરમિયાન આ પેકેટ્સમાંથી લીલા રંગનો શંકાસ્પદ પદાર્થ મળી આવ્યો હતો. FSL ટેસ્ટ બાદ પુષ્ટિ થઈ હતી કે આ ઉચ્ચ ગુણવત્તાનો હાઈબ્રિડ ગાંજો છે. 2.25 કિલો હાઈબ્રિડ ગાંજોની કિંમત 2 કરોડ રૂપિયાથી વધુ છે.

કસ્ટમ વિભાગે ડ્રગ્સનો જથ્થો જપ્ત કરી બંને આરોપીઓની ધરપકડ કરી છે. ઝડપાયેલા બંને શખસો મૂળ મધ્ય પ્રદેશના જબલપુરના રહેવાસી છે. હાલ આ ડ્રગ્સ નેટવર્ક પાછળ કોણ છે અને અમદાવાદમાં આ જથ્થો કોને પહોંચાડવાનો હતો, તે દિશામાં હાલ પૂછપરછ અને તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

# અમદાવાદમાં સરખેજ-ધોળકા રોડ પર વૃદ્ધાનો મૃતદેહ મળતા ચકચાર, પોલીસે તપાસ હાથ ધરી

**અમદાવાદ, તા.03**



અમદાવાદના સરખેજ-ધોળકા રોડ પર આવેલી એક તલાવડી નજીક આજે (ત્રીજી એપ્રિલ) વહેલી સવારે એક 85 વર્ષીય વૃદ્ધાનો મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. માનસિક બીમારીથી પીડાતા વૃદ્ધા મોડી રાત્રે કોઈને કહ્યા વગર ઘરેથી નીકળી ગયા બાદ આ કરુણ ઘટના બની હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી અનુસાર, મૃતક વૃદ્ધાની ઓળખ 85 વર્ષીય સમુબેન તરીકે થઈ છે. પ્રાથમિક વિગતો અનુસાર, સમુબેન છેલ્લા કેટલાક સમયથી માનસિક અસ્વસ્થ હતા. આજે વહેલી સવારે ચાર વાગ્યાની આસપાસ તેઓ પરિવારમાં કોઈને પણ જાણ કર્યા વગર ઘરેથી નીકળી ગયા હતા.

વહેલી સવારે અંદાજે 7 વાગ્યાની આસપાસ સરખેજ-ધોળકા રોડ પર તલાવડી અને માર્ગની કિનારે સમુબેનનો મૃતદેહ હોવાની જાણ સ્થાનિકોને થઈ હતી. ઘટનાની જાણ થતા જ પરિવારજનો પણ સ્થળ પર દોડી આવ્યા હતા અને આક્રંદ છવાઈ ગયો હતો.

સ્થાનિકો દ્વારા જાણ કરવામાં આવતા સરખેજ પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહનો કબજો સંભાળી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા માટે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. જોકે પોલીસનું કહેવું છે કે તલાવડીમાં ડૂબી જવાને કારણે વૃદ્ધાનું મૃત્યુ થયું હોઈ શકે છે.

# એલિસબ્રિજ પોલીસે પાન-મસાલાના ગલ્લાના માલિકને દબોચ્યો, સગીરને સિગારેટ વેચવી પડી ભારે

**અમદાવાદ, તા.03**



અમદાવાદના એલિસબ્રિજ વિસ્તારમાં સગીર વયના બાળકોને તમાકુ અને સિગારેટ જેવા નશીલા પદાર્થો વેચતા વેપારીઓ સામે પોલીસે કડક ઝુંબેશ હાથ ધરી છે. શહેરની વી.એસ. હોસ્પિટલની સામે આવેલી એક પાન-તમાકુની દુકાન પર પોલીસે દરોડા પાડીને 30 વર્ષીય દુકાનદાર સામે જુવેનાઈલ જસ્ટિસ એક્ટ હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી છે.

મળતી માહિતી અનુસાર, સગીરોને તમાકુના ઉત્પાદનો વેચતા ગેરકાયદે વેપારને ડામવા માટે એલિસબ્રિજ પોલીસની ટીમે એક વ્યૂહરચના બનાવી હતી. પોલીસે એક 16 વર્ષના સગીર કિશોરને તૈયાર કર્યો અને તેને 50 રૂપિયાની નોટ આપીને વી.એસ. હોસ્પિટલ સામેની દુકાને સિગારેટ ખરીદવા મોકલ્યો હતો. સગીરે સિગારેટનું પેકેટ માંગતા જ 30 વર્ષીય દુકાનદાર જીતેન્દ્ર પ્રજાપતિએ તેની ઉંમરની ચકાસણી કર્યા વિના કે કોઈપણ ખચકાટ વગર સિગારેટ વેચી દીધી હતી. સિગારેટ આપતા જ નજીકમાં છુપાઈને ઉભેલી પોલીસની ટીમે ત્રાટકીને જીતેન્દ્રને રંગેહાથ ઝડપી લીધો હતો.

પોલીસે સગીરને વેચવામાં આવેલી સિગારેટ અને રોકડ રકમ પુરાવા તરીકે જપ્ત કરી છે. આરોપી જીતેન્દ્ર પ્રજાપતિ વિરુદ્ધ જુવેનાઇલ જસ્ટિસ (બાળકોની સંભાળ અને સુરક્ષા) અધિનિયમ, 2015ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આ કાયદો સગીરોને કોઈપણ પ્રકારના નશીલા પદાર્થો વેચવા પર સખત પ્રતિબંધ મૂકે છે.

તપાસ કરી રહેલા એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, 'કાયદા હેઠળ સગીરોને તમાકુના ઉત્પાદનો વેચવા પર સ્પષ્ટ પ્રતિબંધ હોવા છતાં, આરોપીએ કોઈપણ ચકાસણી વિના નશીલા પદાર્થનું વેચાણ કર્યું હતું. આ એક ગંભીર સજાપાત્ર ગુનો છે અને આવી પ્રવૃત્તિઓ ચલાવી લેવામાં આવશે નહીં.'

ઉલ્લેખનીય છેકે, શહેરમાં શૈક્ષણિક સંસ્થાઓ અને હોસ્પિટલોની આસપાસ સગીરોને નશાના રવાડે ચઢાવતા અન્ય વેપારીઓમાં પણ આ કાર્યવાહીથી ફફડાટ વ્યાપી ગયો છે.

# પ્રીમિયમ પેટ્રોલ-ડીઝલ બાદ હવે CNG પણ થયું મોંઘું, ખાનગી કંપનીએ કર્યો ભાવવધારો

**અમદાવાદ, તા.03**

સામાન્ય જનતા પર ફરી એકવાર મોંઘવારીનો બોજ વધ્યો છે. અદાણી ટોટલ ગેસ લિમિટેડ દ્વારા અમદાવાદમાં CNGના ભાવમાં પ્રતિ કિલોએ 1.50 રૂ.નો તોતિંગ વધારો ઝીંકવામાં આવ્યો છે. આ નવા વધારા બાદ હવે શહેરમાં CNGનો છૂટક ભાવ 83.77 રૂપિયા પ્રતિ કિલો પર પહોંચી ગયો છે.



વર્ષ 2026ની શરૂઆતમાં અદાણીએ ભાવમાં થોડી રાહત આપી હતી, પરંતુ ત્યારબાદ ટૂંકા ગાળામાં સતત બે વાર ભાવ વધારવામાં આવ્યા છે. આમ, ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં ભાવમાં કુલ રૂ.2.00નો વધારો થઈ ચૂક્યો છે, જે જાન્યુઆરીમાં અપાયેલી રાહત કરતાં પણ વધારે છે.

CNGના ભાવમાં થયેલા આ વધારાને કારણે મધ્યમ વર્ગ અને પરિવહન ક્ષેત્ર પર સીધી અસર પડશે. રિક્ષા ચાલકોના રોજના ખર્ચમાં વધારો થતાં આવક પર કાતર ફરશે અથવા તો તેઓ ભાડું વધારશે તો સામાન્ય નાગરિકોને અસર પડશે. ટેક્સી અને કેબ ઓપરેટર્સને ઓપરેશનલ કોસ્ટ વધવાથી ભાડામાં વધારો થવાની શક્યતા છે. સામાન્ય વાહન ચાલકોને ખાનગી વાહન લઈને ઑફિસ કે કામ અર્થે જનારા નાગરિકોનું બજેટ ખોરવાશે.

1 એપ્રિલથી આવશ્યક ચીજવસ્તુઓના ભાવમાં વધારાના વલણ વચ્ચે CNGનો આ ભાવ વધારો અમદાવાદીઓની કમર તોડનારો સાબિત થશે. આગામી દિવસોમાં રિક્ષા કે ટેક્સીના ભાડામાં વધારો થાય તેવી પ્રબળ શક્યતા સેવાઈ રહી છે. હાલ તો વિધાનસભા ચૂંટણી હોવાના કારણે પેટ્રોલ-ડીઝલ પણ રોકાયેલું છે પરંતુ આ ચૂંટણીઓ પૂર્ણ થયે તેમાં પણ મોટો વધારો રાહ જોઈ રહ્યો હોવાનું નિષ્ણાંતો માની રહ્યા છે.

# 'અમે તો નિયમો પાળીશું, પણ લારીઓવાળાનું શું?': પનીર અસલી છે કે એનાલોગ'ના ફરજિયાત બોર્ડ મારવાના નિર્ણય સામે હોટલ એસો. મેદાને

**સુરત, તા.03**



રાજ્ય સરકારે તાજેતરમાં હોટલ અને રેસ્ટોરન્ટ્સમાં પીરસવામાં આવતા પનીર બાબતે એક મોટો અને કડક નિર્ણય લીધો છે. હવેથી દરેક સંચાલકે પોતાની હોટલમાં સ્પષ્ટપણે બોર્ડ મારવું પડશે કે તેઓ જે પનીર વાપરે છે તે દૂધમાંથી બનેલું 'અસલી પનીર' છે કે વનસ્પતિ તેલમાંથી બનેલું 'એનાલોગ પનીર'. સરકારના આ આદેશ બાદ ફૂડ ઈન્ડસ્ટ્રીમાં હલચલ મચી ગઈ છે. આ મામલે હવે 'સધર્ન ગુજરાત હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશન' મેદાને આવ્યું છે. એસોસિએશને સરકારના નિર્ણયને આવકાર્યો છે, પરંતુ સાથે જ સ્ટ્રીટ ફૂડ અને લારીઓ પર મળતા પનીર સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે.

રાજ્યમાં નકલી ખાદ્ય પદાર્થોના વધતા જતા દૂષણને રોકવા માટે સરકારે કડક વલણ અપનાવ્યું છે. હોટલોમાં પનીરના નામે એનાલોગ પનીર (જેમાં દૂધના ફેટને બદલે સસ્તું પામોલિન તેલ વાપરવામાં આવે છે) પીરસવામાં આવતું હોવાની ફરિયાદો ઉઠી હતી. આ પનીર સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક હોઈ શકે છે. હવે સરકારે ફરજિયાત કર્યું છે કે ગ્રાહકને ખબર હોવી જોઈએ કે તે શું ખાઈ રહ્યો છે. જો કોઈ હોટલ એનાલોગ પનીર વાપરતી હશે, તો તેણે મોટા અક્ષરે મેનુ અથવા હોટલના પ્રવેશદ્વાર પર તેની જાહેરાત કરવી પડશે.

સરકારના આદેશ અંગે પ્રતિક્રિયા આપતા સધર્ન ગુજરાત હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશનના વાઈસ પ્રેસિડેન્ટ સનત રેલિયાએ જણાવ્યું હતું કે, 'અમે સરકારના આ નિર્ણયનું સ્વાગત કરીએ છીએ. દક્ષિણ ગુજરાતના તમામ હોટલ સંચાલકો આ સૂચનાનું 100% પાલન કરશે. અમે હંમેશા કાયદાનું સન્માન કરીએ છીએ અને સમાજને સારી ગુણવત્તાનું ભોજન પીરસવા માટે પ્રતિબદ્ધ છીએ.' તેમણે વધુમાં ઉમેર્યું કે, પ્રતિષ્ઠિત હોટલો પોતાની પ્રતિષ્ઠા જાળવવા માટે પહેલેથી જ FSSAI ના નિયમો પાળે છે અને ગુણવત્તાયુક્ત ચીજવસ્તુઓનો જ આગ્રહ રાખે છે.

સનત રેલિયાએ હોટલિયર તરીકે નહીં, પણ એક સામાન્ય નાગરિક તરીકે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે સવાલ ઉઠાવ્યો કે, 'અમે તો લાયસન્સધારકો છીએ એટલે બોર્ડ લગાવીશું, પણ જે લારીઓ પર પનીરની વાનગીઓ વેચાય છે તેનું શું? આ લારીઓ પાસે ન તો FSSAI લાયસન્સ છે, ન તો GST કે ગુમાસ્તા ધારાનું રજિસ્ટ્રેશન. આ લારીઓવાળા તેલ, ઘી કે પનીર ક્યાંથી લાવે છે અને તે કેટલું શુદ્ધ છે તેની કોઈ ગેરંટી નથી. શું તેઓ બોર્ડ મારશે કે તેઓ નકલી કે એનાલોગ પનીર વાપરે છે?'

# સોલા વિસ્તારમાં કારની અંદર 45 વર્ષીય શખસનું મોત, ડ્રાઈવિંગ સીટ પર જ પ્રાણ પંખેરુ ઉડી ગયું



**અમદાવાદ, તા.03**

અમદાવાદના સોલા વિસ્તારમાં ગત સાંજે એક અત્યંત હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. લોગાર્ડન પાસે રહેતા અને મૂળ શેલા ગામના 45 વર્ષીય વ્યક્તિનું કારમાં જ હાર્ટ એટેક આવવાને કારણે મોત નિપજ્યું હતું. સીટ બેલ્ટ બાંધેલી હાલતમાં જ ડ્રાઈવિંગ સીટ પર તેમનું પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું.

મળતી માહિતી અનુસાર, ગુરુવારે (બીજી એપ્રિલ) સાંજના સમયે સોલા પોલીસને માહિતી મળી હતી કે, એક કાર રસ્તા પર ઉભી છે અને તેમાં ચાલક બેભાન અવસ્થામાં છે. પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યો હતો, જ્યાં તપાસ કરતા જાણવા મળ્યું કે કારની અંદર એક વ્યક્તિ ડ્રાઈવર સીટ પર સીટ બેલ્ટ બાંધેલી હાલતમાં નિશ્ચેત પડ્યા છે. તપાસ દરમિયાન મૃતકની ઓળખ 45 વર્ષીય હર્ષદ પ્રજાપતિ તરીકે થઈ હતી, જેઓ મૂળ શેલા ગામના રહેવાસી હતા.

ઘટનાસ્થળે બોલાવવામાં આવેલી 108ની ઈમરજન્સી ટીમે તપાસ બાદ હર્ષદભાઈને મૃત જાહેર કર્યા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતકના શરીર પર કોઈ પણ પ્રકારની ઈજાના નિશાન મળી આવ્યા ન હતા. પ્રાથમિક દ્રષ્ટિએ હાર્ટ એટેકને કારણે મોત થયું હોવાનું જણાય છે. હાલ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

